પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, પ્રત્યેક વનસ્પતિ,
સાધારણ વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય,
પંચેન્દ્રિય તિર્યંચ, સંમૂર્ચ્છિમ મનુષ્યો, ગર્ભજ મનુષ્યો,
દેવો, નારકો વગેરે જીવોની સરળ શૈલીમાં સુંદર
સમજાવટ આપી જીવહિંસાથી બચવા માટે સચોટ
માર્ગદર્શન અને પ્રેરણા આપતું પુસ્તક.....

**શ્રી વાદિવેતાલ શાંતિસૂરીશ્વરજી વિરચિત**

# જીવ વિચાર

...મુનિશ્રી મલયકીર્તિ વિજયજી મ. સાહેબ

-: પ્રકાશક :-

**અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ**

અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ
ભારત

॥ નાણ ભાણ સમ જોય॥
જ્ઞાન એ સૂર્યના તેજ સમાન છે.

પ્રેરક : પૂજ્યપાદ પંન્યાસશ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ
સંયોજક : મુનિશ્રી મલયકીર્તિ વિજયજી મહારાજ સાહેબ

તૃત્તીય સંસ્કરણ : ૩,૦૦૦ નકલ
વર્ષ : ૨૦૦૮
કિંમત : રૂા. ૨૦/-

※ ટાઈપ સેટીંગ ※
**ગિરીશ આર્ટ પ્રિન્ટરી** રાયપુર, અમદાવાદ-૨૨. ફોન : ૨૫૪૫૪૨૫૪

※ મુદ્રક ※
**કલ્પ ટ્રેડર્સ** રાયપુર, અમદાવાદ-૨૨. ફોન : ૨૨૧૪૯૬૬૪



# તપોવન

કાળ અતિ વિષમ શરૂ થયો છે. સ્કૂલમાં મળતાં કુસંગો, સહશિક્ષણ અને ટી. વી. સિનેમાના તોફાનોએ ધર્મીષ્ઠ મા-બાપના સંતાનોને પણ બરબાદ કરી દીધાં છે.

તેની સામે જબરજસ્ત ગીતાર્થતા વાપરીને પૂજ્યપાદ ગુરૂદેવ પંન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબે તપોવન શૈલી ઊભી કરી. જ્યાં રાત્રિભોજન-અભક્ષ્ય ભોજન-ટી.વી.-સિનેમા-સહશિક્ષણ-કુસંગ વગેરે કોઈ જ દૂષણો નથી. રોજ અષ્ટપ્રકારી પૂજા-સામાયિક-આરતી-વાચના-સાધુનો સંગ મળે છે.

દરેક કરોડોપતિ જૈનો ગુરૂદેવનો સાથ પકડીને એક એક તપોવનો ઊભા કરે તો જૈન સંઘની નવી પેઢીને મોટા પાયે બચાવી શકાય.

## મિચ્છા મિ દુક્કડં

જીવ વિચારના રચયિતા શ્રી વાદિવેતાલ શાંતિસૂરીશ્વરજી મ. સાહેબ છે. જીવ વિચાર ઉપરથી ગુજરાતીમાં અનેક વિદ્વાનોએ વિવેચન લખ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં મેં મારા ઘરનું કંઈ જ લખ્યું નથી. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને સરળ પડે તે માટે સરળ શૈલીમાં અને પાઠ પાડીને આ પુસ્તક તૈયાર કર્યું છે. આ પુસ્તક સૌ કોઈને આનંદ આપશે તેવી આશા છે. લખાણમાં ક્યાંય પણ ક્ષતિ રહી ગઈ હોય કે શાસ્ત્ર વિરૂદ્ધ લખાઈ ગયું હોય તો મિચ્છા મિ દુક્કડં માગવા સાથે તે ભૂલ મારી નજરમાં લાવવા માટે વિદ્વાનોને મારી વિનંતી છે.

***- મુનિ મલયકીર્તિ વિ.***

***સૂચના :*** **જીવ વિચારની ગાથાઓ પેજ નં. ૬૩ થી આપવામાં આવેલ છે.**

## મુનિશ્રી મલયકીર્તિ વિ.મ.સા. દ્વારા લિખિત-સંપાદિત પુસ્તકો

❖ **પ્રાથમિક ધર્મક્રિયાઓમાં વિધિ-સૂત્ર અને સરળ સમજણ સાથે તૈયાર થવા માટે.....**

| | | |
|---|---|---|
| ૧) | ચાલો પાઠશાળા - ભાગ : ૧ (ગુજરાતી) | :રૂ. ૨૦/- |
| ૨) | ચાલો પાઠશાળા - ભાગ : ૧ (હિન્દી) | :રૂ. ૨૦/- |
| ૩) | વિકાસ હાજરી પત્રક - ભાગ : ૧ | :રૂ. ૩/- |
| ૪) | મનવા ! જીવન જ્યોત પ્રગટાવ | :રૂ. ૨૦/- |

❖ **પર્યુષણ મહાપર્વ ધર્મક્રિયામાં નિષ્ણાત થવા માટે.....**

| | | |
|---|---|---|
| ૫) | ચાલો પાઠશાળા - ભાગ : ૨ | :રૂ. ૨૦/- |
| ૬) | ચાલો પાઠશાળા - ભાગ : ૩ (પૌષધ) | :રૂ. ૧૦/- |
| ૭) | વિકાસ હાજરી પત્રક - ભાગ : ૨ (ગુજ./હિન્દી) | :રૂ. ૩/- |
| ૮) | ચાલો, સૂત્રોના અર્થ સમજીએ | :રૂ. ૩૦/- |

❖ **સ્કૂલના પાઠ્યપુસ્તકોની જેમ પાઠ પાડીને તથા સરળ શૈલીમાં લખાયેલા તત્ત્વજ્ઞાનના પુસ્તકો.....**

| | | |
|---|---|---|
| ૯) | જીવ વિચાર | :રૂ. ૨૦/- |
| ૧૦) | સરળ નવતત્ત્વ | :રૂ. ૨૦/- |
| ૧૧) | દંડક પ્રકરણ | :રૂ. ૧૮/- |
| ૧૨) | કર્મનું વિજ્ઞાન | :રૂ. ૨૫/- |
| ૧૩) | રસોડાનું તત્ત્વજ્ઞાન | :રૂ. ૨૦/- |

❖ **શ્રાવક જીવન માટે ઉપયોગી પુસ્તકો.....**

| | | |
|---|---|---|
| ૧૪) | સમકિત મૂલ બાર વ્રત | :રૂ. ૨૦/- |
| ૧૫) | દરિયા જેટલા પાપ ખાબોચિયામાં (૧૪ નિયમ) | :રૂ. ૮/- |
| ૧૬) | દારૂખાનાને તિલાંજલિ | :રૂ. ૫/- |
| ૧૭) | વજસ્વામી પાઠશાળા-ભાગ : ૧ (કક્કો-બારાખડી) | :રૂ. ૪૦/- |
| ૧૮) | વર્ધમાન આયંબિલ ઓળી | :રૂ. ૫/- |
| ૧૯) | ચાતુર્માસ પંચાચાર નિયમાવલી | :રૂ. ૫/- |
| ૨૦) | શ્રી ૪૫ આગમ તપ આરાધના | :રૂ. ૫/- |
| ૨૧) | આત્મકલ્યાણ માટે ૧૫ મિનિટ (પંચસૂત્ર) | :રૂ ૧૦/- |
| ૨૨) | વજસ્વામી પાઠશાળા-ભાગ : ૨ | :રૂ. ૪૦/- |
| ૨૩) | વજસ્વામી પાઠશાળા-ભાગ : ૩ | :રૂ. ૪૦/- |
| ૨૪) | લઘુ સંગ્રહણી | :રૂ. ૮૦/- |
| ૨૫) | આત્મા ખરેખર છે ? (પ્રેસમાં) | :રૂ. ૨૦/- |
| ૨૬) | પ્રેક્ટીકલ ક્રિયા જ્ઞાન | :રૂ. ૧૦/- |



## જીવવિચાર, સરળ નવતત્ત્વ, દંડક પ્રકરણ વગેરે તત્ત્વજ્ઞાનના પુસ્તકોનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ.

(સ્કૂલના પાઠ્યપુસ્તકોની જેમ પાઠ પાડીને સરળ ભાષામાં પ્રગટ કરવામાં આવેલ છે.)

- આત્મા દેખાતો નથી, છતાં છે જ.... શી રીતે ?
- સમગ્ર વિશ્વ કેવડું છે ?
- સમગ્ર વિશ્વમાં કયા કયા કેવા પ્રકારના જીવો ક્યાં ક્યાં હોય છે ? જાણવું છે ?
- કયા જીવો કેવા પ્રકારના ગર્ભ દ્વારા અને કયા જીવો આપોઆપ જન્મે છે ? તેમના શરીર અને જીવનક્રિયાઓ માટે વૈજ્ઞાનિક કારણો શું છે ?
- માનવી આખી જીંદગી ભોગોની ભૂતાવળમાં ઘસી નાખે છે, પણ તત્ત્વ શું છે, તે જાણતો નથી. તમારે જાણવું છે ?
- નવતત્ત્વમાં સમગ્ર વિશ્વના સમગ્ર પદાર્થો આવી જાય છે, તેનું સચોટ જ્ઞાન મેળવવું છે ?
- કર્મ એ શું ચીજ છે ? વિશ્વની જીવોની સમગ્ર ઘટનાઓમાં કર્મોનો ફાળો શી રીતે છે ? કર્મો કેવા કેવા પ્રકારના હોય છે ? સુખીઓમાં પણ સારા અને ખરાબ; દુ:ખીઓમાં પણ સારા અને ખરાબ હોય છે, તેની પાછળ કર્મ શી રીતે કામ કરે છે ? કર્મ બંધાય શી રીતે ? અને નાશ પામે શી રીતે ? આ જ્ઞાન કોઈ શાળામાં મળી શકે નહીં. તમારે મેળવવું છે ?
- દુ:ખો વચ્ચે પણ ટકી રહેવાનું તાત્ત્વિક ચિંતન, ધર્મની શ્રદ્ધા સચોટ બનાવવાનો ઉપાય એ છે કે તત્વનું જ્ઞાન મેળવો. મેળવવું છે ?
- મોક્ષ શું છે ? ત્યાં સિદ્ધ ભગવંતોની અવસ્થા કેવી હોય છે ? જાણવું છે ?
- વિશ્વના જુદા જુદા પ્રકારના જીવોનું આયુષ્ય, શરીર, ઊંચાઈ, સંજ્ઞા, કષાય, લેશ્યા વગેરે અનેકવિધ વિષયોનું સચોટ જ્ઞાન મેળવવું છે ?
- આંખેથી દેખી શકાય છે, જીભથી પારખી શકાય છે, કાનેથી સાંભળી શકાય છે, નાકેથી સુંઘી શકાય છે, શરીરના કોઈપણ ભાગથી સ્પર્શ જાણી શકાય છે, તેની પાછળના વૈજ્ઞાનિક રહસ્યો શું છે ?
- કોઈપણ જીવનો પૂર્વભવ અને પછીનો ભવ કયો કયો હોઈ શકે ?
- હે જૈનો ! પ્રભુવીર સર્વજ્ઞ ભગવાન હતા અને વીતરાગ હતા. માનવીય બુદ્ધિ અને વિજ્ઞાનના સાધનો જે ન બતાવી શકે તે પ્રભુએ પોતાની દેશનામાં જણાવી દીધું છે. પ્રભુએ આપેલું જ્ઞાન સચોટ છે, વૈજ્ઞાનિક છે અને રસપ્રદ છે. તમે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરો, પછી તમારી પ્રભુ વીર ઉપરની શ્રધ્ધા એવી મજબુત બનશે કે તમને કોઈ ડગાવી શકશે નહીં.

# અનુક્રમણિકા


| પાઠ | નામ | પાના નં. |
|---|---|---|
| ૧ | મંગલાચરણ | ૧ |
| ૨ | જીવ અને અજીવ | ૩ |
| ૩ | સ્થાવર જીવો | ૬ |
| ૪ | સાધારણ વનસ્પતિકાય | ૧૧ |
| ૫ | બાદર અને સૂક્ષ્મ એકેન્દ્રિય | ૧૬ |
| ૬ | સ્થાવરના ૨૨ ભેદ | ૧૮ |
| ૭ | વિકલેન્દ્રિય | ૨૨ |
| ૮ | પંચેન્દ્રિય તિર્યંચ | ૨૬ |
| ૯ | મધ્યલોક | ૨૮ |
| ૧૦ | મનુષ્યના ૩૦૩ ભેદ | ૩૨ |
| ૧૧ | નારકના ૧૪ ભેદ | ૪૧ |
| ૧૨ | અધોલોકમાં ભવનપતિ દેવો | ૪૩ |
| ૧૩ | મધ્યલોકમાં વ્યંતર અને જ્યોતિષ્ક દેવો | ૪૬ |
| ૧૪ | ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવો | ૪૯ |
| ૧૫ | અવગાહના | ૫૩ |
| ૧૬ | આયુષ્ય | ૫૬ |
| ૧૭ | સ્વકાયસ્થિતિ | ૫૯ |
| ૧૮ | પ્રાણ | ૬૦ |
| ૧૯ | યોનિ | ૬૩ |
| ❖ | જીવ વિચારની ગાથાઓ | ૬૩ |

# પાઠ-૧ : મંગલાચરણ

**भुवण-पईवं-वीरं**
**नमिऊण भणामि अबुह-बोहत्थं ।**
**जीव-सरुवं किंचिवि**
**जह भणियं पुव्व-सूरीहिं ॥ १ ॥**

ત્રણેય ભુવનમાં દીપક સમાન શ્રી વીર પરમાત્માને નમસ્કાર કરીને, **(जह)** જે પ્રમાણે **(पुव्व-सूरीहिं)** પૂર્વના આચાર્યો વડે **(भणियं)** જણાવાયું છે તે પ્રમાણે જ (તેને અનુસરીને જ) **(अबुह)** અલ્પબુદ્ધિવાળા, અલ્પબોધવાળા કે જીવના સ્વરૂપને નહીં જાણતા જિજ્ઞાસુ જીવોને **(बोहत्थं)** બોધ થાય તે માટે જીવનું સ્વરૂપ **(किंचिवि)** કાંઈક-ટુંકાણમાં **(भणामि)** હું કહું છું-કહીશ.

અહીં પ્રથમ ગાથામાં મંગળ, વિષય, સંબંધ, પ્રયોજન ને અધિકારી-આ પાંચ બાબતો જણાવવામાં આવી છે. ગ્રંથરચનામાં આ પાંચેય બાબતો મહત્ત્વની છે.

**૧. મંગલ :** કોઈ પણ ગ્રંથની શરૂઆત કરતાં પહેલાં ઈષ્ટદેવને નમસ્કાર કરીને મંગલ કરવાનો શિષ્ટજનોનો આચાર છે. અહીં ગ્રન્થકાર શ્રી વાદિવેતાલ શાંતિસૂરીશ્વરજી મહારાજા પણ ઉર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક-એ ત્રણેય લોકમાં દીપક સમાન એવા ચરમતીર્થાધિપતિ આસન્નોપકારી પરમાત્મા મહાવીર દેવને નમસ્કાર કરીને મંગલ કરે છે. મંગલ કરવાથી શરૂ કરેલા કાર્યની વચ્ચે આવતાં વિઘ્નોનો નાશ થાય છે અને તેથી કાર્યની પૂર્ણાહુતિ સરસ રીતે થઈ શકે છે. આવા પ્રકારના મંગલથી પરમોકારી પરમાત્મા તરફનો કૃતજ્ઞતાનો ભાવ વિકાસ પામે છે અને નમસ્કાર ભાવથી અહંકારનો વિનાશ થાય છે.

ગ્રન્થનો અભ્યાસ-પઠન-પાઠન-વાંચનાદિ કરનારા ભવ્યજીવો પણ આ જ રીતે મંગલ કરીને અભ્યાસાદિની શરૂઆત કરે તે માટે ગ્રન્થકારે માત્ર મનમાં જ મંગલ કરી લેવાના બદલે સૂત્રમાં (પ્રથમ ગાથામાં) પણ તેની ગુંથણી કરી લીધી છે.

**૨. વિષય :** ગ્રન્થનો વિષય પણ ખૂબ જ મહત્ત્વનો છે. ગ્રન્થકાર ગ્રન્થનો વિષય નક્કી કરીને જ ગ્રન્થની રચના કરે છે. તેમજ જિજ્ઞાસુઓ પણ ગ્રન્થનો વિષય જોઈને જ પઠન-પાઠન-વાંચનાદિ કરતાં હોય છે. ગ્રન્થનો વિષય નક્કી કર્યા બાદ ગ્રન્થકાર તે અંગે વ્યવસ્થિત રચના કરી શકે છે અને જિજ્ઞાસુઓ પણ ગ્રન્થનો વિષય જોયા બાદ જ તેના પઠનાદિમાં તત્પર બની શકે છે.

અહીં 'જીવનું સ્વરૂપ' એ પદો દર્શાવીને ગ્રન્થકારે ગ્રન્થનો વિષય દર્શાવી દીધો



છે. અર્થાત્ **'જીવ વિચાર'** એ ગ્રન્થનો વિષય છે. જીવ અંગેનું જ્ઞાન મેળવવા ઈચ્છતાં ભવ્ય જીવો આ વિષય જોઈને તરત ગ્રન્થના અભ્યાસમાં તત્પર બની જશે.

**૩. સંબંધ :** ગ્રન્થમાં આવતાં પદાર્થો જો ગ્રન્થકારના મનની કલ્પનાઓ જ માત્ર હોય તો ગ્રન્થાભ્યાસની મહેનત નિરર્થક બની જાય છે. માટે ગ્રન્થમાં દર્શાવેલ પદાર્થો કોને અનુસરીને કહેવાયા છે તે જણાવવું પણ આવશ્યક બની જાય છે.

અહીં 'જે પ્રમાણે પૂર્વાચાર્યો વડે જણાવાયું છે તે પ્રમાણે જ' એમ જણાવીને ગ્રન્થકારે ગ્રન્થના પદાર્થોનો પૂર્વાચાર્યો સાથેનો સંબંધ રજૂ કરી દીધો છે. 'તીર્થંકર પરમાત્માએ ગણધરોને જણાવ્યું, ગણધર ભગવંતોએ શિષ્યોને જણાવ્યું... એમ ગુરૂપરંપરાથી મારી પાસે આવેલા પદાર્થોને હું જણાવું છું.' એમ ગ્રન્થકારનો કહેવાનો આશય છે.

**૪. પ્રયોજન (હેતુ) :** કોઈ પણ ગ્રન્થના લેખન-પઠન-પાઠન-વાંચનાદિ પાછળ કંઈક તો પ્રયોજન હોય જ. અહીં 'અલ્પબુદ્ધિવાળા, અલ્પબોધવાળા કે જીવના સ્વરૂપને નહીં જાણતા જિજ્ઞાસુ જીવોને બોધ થાય તે માટે' એમ જણાવીને ગ્રન્થકારે ગ્રન્થરચનાનું પ્રયોજન દર્શાવ્યું છે.

જો કે સમ્યગ્જ્ઞાનાદિનો અંતિમ હેતુ મોક્ષપ્રાપ્તિ છે. પરંતુ અનંતર હેતુ તો જ્ઞાનપ્રાપ્તિ, કર્મનાશ, જીવનું સ્વરૂપ જાણીને જીવદયાનું પાલન ઈત્યાદિ બની જાય છે. ટુંકમાં ગ્રન્થલેખન પાછળ ગ્રન્થકારનો હેતુ પરાર્થ, કર્મનાશ અને મોક્ષપ્રાપ્તિ છે તથા ભણનારનો હેતુ જ્ઞાનપ્રાપ્તિ, જીવદયાનું પાલન, કર્મનાશ અને મોક્ષપ્રાપ્તિ છે.

**૫. અધિકારી :** 'અબુહ' શબ્દ દ્વારા ગ્રન્થકારે આ ગ્રન્થના અધિકારી તરફ અંગુલિ નિર્દેશ કર્યો છે. જેઓ અલ્પબુદ્ધિવાળા છે, અલ્પબોધવાળા છે અથવા તો જીવના સ્વરૂપને જાણતા નથી તેઓ આ ગ્રન્થના અધિકારી છે. એકડે એક ભણવાને અધિકારી-યોગ્ય કોણ ? જે એકડે એક શીખ્યો જ ન હોય. તે. હા... સાથે-સાથે જાણવાની જિજ્ઞાસા, તત્પરતા, ધર્મશ્રદ્ધા ઈત્યાદિ ગુણો પણ હોવા જરૂરી છે. અલબત્ત ધર્મ-શ્રદ્ધાળુ અને જિજ્ઞાસાવૃત્તિવાળા અબુધ જીવો આ ગ્રન્થના પઠનાદિ કરવાને યોગ્ય છે-અધિકારી છે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) જીવ વિચાર ગ્રન્થના રચયિતા ...... છે. (૨) ...... ત્રણેય ભુવનમાં દીપક સમાન છે. (૩) જીવ વિચાર ગ્રન્થમાં ...... ને નમસ્કાર કરીને મંગલ કરવામાં આવ્યું છે. (૪) અહીં ગ્રન્થનો વિષય ...... છે. (૫) ગ્રન્થના પદાર્થોનો સંબંધ ...... સાથે છે. (૬) ...... શબ્દ

દ્વારા ગ્રન્થાભ્યાસના અધિકારી તરફ અંગુલિ નિર્દેશ કરવામાં આવ્યો છે.

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો :**

(૧) ગ્રન્થરચનામાં કઈ કઈ બાબતો મહત્ત્વની છે ? (૨) ગ્રન્થરચનામાં શિષ્ટજનોનો શું આચાર છે ? (૩) ત્રણ લોકના નામ લખો. (૪) મંગલ કરવાથી શું શું લાભ થાય છે ? (૫) ગ્રન્થકાર મંગલ મનમાં જ કરી લે તો ન ચાલે ? સૂત્રમાં શા માટે ગુંથણી કરે છે ? (૬) ગ્રન્થનો વિષય પણ મહત્ત્વનો છે. શા માટે ? (૭) સંબંધ શા માટે જણાવવો જરૂરી છે ? (૮) સંબંધની બાબતમાં ગ્રન્થકારનો શું કહેવાનો આશય છે ? (૯) ગ્રન્થલેખન પાછળ ગ્રન્થકારનું શું પ્રયોજન છે ? (૧૦) ગ્રન્થાભ્યાસ પાછળ ભણનારનું શું પ્રયોજન છે ? (૧૧) ગ્રન્થના પઠનાદિ માટે કેવા પ્રકારના જીવો અધિકારી છે ?

## પાઠ-૨ : જીવ અને અજીવ

**આખા જગતને બે વિભાગમાં વહેંચી શકાય તેમ છે.** જગતમાં એવા પદાર્થો પણ જોવા મળે છે કે જેને સુખ, દુઃખ, હર્ષ, શોક વગેરે લાગણીઓ છે; જેમાં આહાર, ભય વગેરે સંજ્ઞાઓ છે; જેમાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે દોષો કે ક્ષમા વગેરે ગુણો છે; જેની પાસે બુદ્ધિ જેવી ચીજ છે. જ્યારે બીજા એનાથી ભિન્ન પદાર્થો પણ છે કે જેમાં સુખ, દુઃખ, રાગ, દ્વેષ, ક્ષમા, બુદ્ધિ વગેરે જોવા મળતા નથી. દા.ત. માણસ, પશુ, પક્ષી, કીડી, વનસ્પતિ વગેરેમાં સુખ-દુઃખાદિ જોવા મળે છે. જ્યારે ભીંત, કાગળ, પેન, ટેબલ, ઘડિયાળ, મકાન, કાપડ, મૃત શરીર વગેરેમાં સુખ-દુઃખાદિ જોવા મળતાં નથી.

સુખ-દુઃખાદિ લાગણીવાળા પદાર્થોને જીવ તરીકે ઓળખવામાં આવે છે અને સુખ-દુઃખાદિ લાગણી વિનાના પદાર્થોને અજીવ-જડ તરીકે ઓળખવામાં આવે છે. (સબૂર ! જીવમાં પણ જે આત્માઓ કર્મમુક્ત બને છે તેમનામાં સુખ-દુઃખાદિ લાગણીઓ હોતી નથી. તેમની પાસે અનંત આત્મસુખ અને અનંત જ્ઞાન [કેવલજ્ઞાન] વગેરે હોય છે.) ટુંકમાં-જે ચૈતન્યસ્વરૂપ (સચેતનવાળા) છે, તે **જીવ** છે અને જ્યાં ચૈતન્ય નથી તે **અજીવ** છે.

જો કોઈ નાસ્તિક બુદ્ધિ નામના ગુણને માનતો હોય, તો તેને તે ગુણના માલિકને અર્થાત્ બુદ્ધિવાળાને પણ માનવો જ પડે. જે બુદ્ધિવાળો છે, તે જ જીવ છે-આત્મા છે. બુદ્ધિગુણ-જ્ઞાનગુણ જેનામાં છે તેને શાસ્ત્રકારોએ જીવ, આત્મા વગેરે શબ્દોથી સંબોધ્યો છે. જેમ બુદ્ધિ હોવા છતાં ચક્ષુથી કે કોઈ પણ વૈજ્ઞાનિક સાધનથી દેખાતી નથી તેમ બુદ્ધિવાળો આત્મા હોવા છતાં દેખાતો નથી. જો બુદ્ધિ ન દેખાવા છતાં અનુભવાય છે,



તો બુદ્ધિવાળો આત્મા કેમ ન અનુભવાય ?

આંખ જોવા માટે કામ લાગે છે જીભ બોલવા માટે કામ લાગે છે, કાન સાંભળવા માટે કામ લાગે છે અને મગજ વિચારવા માટે કામ લાગે છે. જોનારો, બોલનારો, સાંભળનારો અને વિચારનારો જુદો જુદો નથી પણ એક જ છે અને તે જે છે તેને જીવ નામથી ઓળખવામાં આવે છે.

મૃત શરીર આંખ હોવા છતાં જોવાનું કામ કરતું નથી અને તે જ મૃત શરીરની આંખો જો આંધળાને લગાવી દેવામાં આવે, તો તે આંધળો દેખતો થઈ જાય છે-તેવું શું આજે જોવા મળતું નથી ? તો જોનાર કોણ ? આંખ કે જીવ ? જીવ છે ત્યાં આંખથી દેખી શકાય છે, જીવ નથી ત્યાં આંખથી દેખી શકાતું નથી.

આંખ જોવાનું કામ કરે છે, છતાં આંખથી ભિન્ન જીભ બોલે છે, 'હું જોઉં છું.' તેનો મતલબ શું ? જીવ પોતે આંખથી જુએ છે અને જીભથી બોલે છે, 'હું જોઉં છું.'

લાગણીના તરંગોને આધારે વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝે વનસ્પતિમાં જીવની સિદ્ધિ કરી. તેથી 'જીવ છે' આ બાબતનો વિરોધ વિજ્ઞાનપરસ્તીઓથી પણ નહીં થઈ શકે.

મૃત્યુ પથારીએ પડેલો માણસ આંખથી જુએ છે, મુખથી બોલે છે, કાનથી સાંભળે છે, હાથ-પગ વગેરેથી હલન-ચલન કરે છે, શ્વાસોચ્છ્વાસ લે છે, ક્રોધાદિ પણ કરી બેસે છે-ઈત્યાદિ જે કંઈ પણ કરી શકે છે તે વ્યક્તિના દેહમાં રહેલાં જીવતત્ત્વને આભારી છે. જ્યારે આ જીવતત્ત્વ દેહ છોડીને ચાલ્યું જાય છે, ત્યારે જોવાની, બોલવાની વગેરે તમામ ક્રિયાઓ બંધ થઈ જાય છે. દેહ અને દેહના તમામ અંગો-ઉપાંગો હાજર છે. અરે ! આંખ વગેરેમાં જોવાની શક્તિ પણ પડેલી છે (તેથીસ્તો મૃત્યુ પામેલ વ્યક્તિની આંખો અન્ય અંધ વ્યક્તિને ઉપયોગમાં આવી શકે છે.) પણ જીવ ચાલ્યો ગયો હોવાથી મન, વચન, કાયાની તમામ ચેષ્ટાઓ બંધ થઈ જાય છે. સિત્તેર વર્ષની ઉંમર સુધી જે શરીરમાં કીડાઓ ન પડ્યા કે દુર્ગંધ ન છૂટી, તે જ શરીરમાં જીવ ચાલ્યો ગયો હોવાથી બે-ચાર દિવસમાં તો કીડાઓ પડી જાય છે અને ભયાનક દુર્ગંધ છૂટવાનું ચાલુ થઈ જાય છે. આ ઉપરથી પણ જીવતત્ત્વને સ્પષ્ટ સમજી શકાય તેમ છે.


દાંત, માથાના વાળ, નખ ઈત્યાદિ સ્થાને જીવતત્ત્વની હાજરી નથી. તેથી જ દાંતને ટાંચણી મારવાથી કે વાળ કે નખને કાતરથી કાપવાથી દુઃખનો અનુભવ થતો નથી. જ્યારે હથેળીમાં ટાંચણી મારવામાં આવે તો તુરત દુઃખનો અનુભવ થાય છે. આ બાબત દુઃખાદિને અનુભવનાર કોઈક તત્ત્વની હાજરીને સૂચિત કરે છે. તેને મહાપુરૂષોએ જીવ, આત્મા વગેરે શબ્દોથી સંબોધેલ છે.

જગતમાં જીવો અનંતા છે. જન્મ, જીવન, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ અને દુઃખોના દાવાનળમાં તેઓ શેકાઈ રહ્યાં છે. તેની પાછળનું મુખ્ય કારણ જીવ કર્મથી લેપાયેલો છે, તે છે. જે જીવ કર્મથી મુક્ત બની જાય તે સદા માટે અનંત સુખનો માલિક બની શકે છે. આ માટે સાધના કરવી પડે. અત્યાર સુધીમાં અનંતા જીવો સાધનાના પ્રભાવે કર્મથી સંપૂર્ણ મુક્ત બનીને સદાકાળના અનંત મોક્ષસુખના માલિક બની ગયાં છે.

**આમ જીવો બે વિભાગમાં વહેંચાઈ ગયેલા છે. (૧) મોક્ષમાં ગયેલા જીવો અને (૨) સંસારમાં રખડતાં જીવો.**

જે જીવો સર્વ કર્મોથી મુક્ત બનીને મોક્ષમાં ગયા છે તેમને **મુક્ત** કહેવામાં આવે છે અને જે જીવો કર્મની પરાધીનતાના કારણે સંસારમાં જુદા જુદા ભવોમાં ભટકી રહ્યાં છે તેમને **સંસારી** કહેવામાં આવે છે.

મુક્ત જીવો કર્મ અને દેહાદિની જંજીરોથી મુક્ત બનેલા છે, જ્યારે સંસારી જીવો કર્મ અને દેહાદિની જંજીરોમાં જકડાયેલા છે.




## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :** (૧) ...... છે તે જીવ છે અને જ્યાં ...... નથી તે અજીવ છે. (૨) જે બુદ્ધિવાળો છે તે જ ...... છે. (૩) ...... છે ત્યાં આંખથી દેખી શકાય છે. (૪) ...... નથી ત્યાં આંખથી દેખી શકાતું નથી. (૫) ...... એ વનસ્પતિમાં જીવની સિદ્ધિ કરી. (૬) જગતમાં ...... જીવો છે. (૭) કર્મથી મુક્ત બનવા ...... કરવી પડે. (૮) ...... જીવો મોક્ષમાં ગયા છે.

**પ્રશ્ન-૨. ટૂંકમાં જવાબ લખો :** (૧) કયા જીવોને સુખ-દુઃખાદિ લાગણીઓ હોતી નથી ? તેમની પાસે શું હોય છે ? (૨) કોઈ નાસ્તિક 'આત્મા દેખાતો નથી, માટે નહીં માનવાનો' તેવું કહે તો તેની સામે કઈ દલીલ રજૂ કરશો ? (૩) આંખ જુએ છે છતાં જીભ બોલે છે, 'હું જોઉં છું' તેનો મતલબ શું ? (૪) 'જીવ છે' તેનો વિરોધ વિજ્ઞાનપરસ્તીઓથી નહીં થઈ શકે, કેમ ? (૫) કઈ-કઈ બાબતો વ્યક્તિના દેહમાં રહેલા જીવતત્ત્વને આભારી છે ? (૬) જીવ દેહ છોડીને ચાલ્યો જાય પછી શું શું થાય છે ? (૭) માથાના વાળ કાપવામાં દુઃખ થતું નથી અને હથેળીમાં ટાંચણી મારવામાં દુઃખ થાય છે. શા માટે ? (૮) જીવો કર્મના કારણે શેમાં શેકાઈ રહ્યાં છે ?




(૯) મુક્ત અને સંસારી જીવોમાં કયો ભેદ છે ? (૧૦) જીવના મુખ્ય બે ભેદો કયા ?

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :**

(૧) જીવ (૨) અજીવ (૩) મુક્ત (૪) સંસારી

# પાઠ-૩ : સ્થાવર જીવો




સંસારી જીવોમાં કોઈને એક જ ઈન્દ્રિય (સ્પર્શેન્દ્રિય), કોઈને બે ઈન્દ્રિયો (સ્પર્શ અને રસન), કોઈને ત્રણ ઈન્દ્રિયો (સ્પર્શ, રસન અને ઘ્રાણ), કોઈને ચાર ઈન્દ્રિયો (સ્પર્શ, રસન, ઘ્રાણ, ચક્ષુ) અને કોઈને પાંચ ઈન્દ્રિયો (સ્પર્શાદિ ચાર અને શ્રોત્ર) હોય છે. તેથી તેઓ અનુક્રમે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય કહેવાય છે. આમાં એકેન્દ્રિય જીવોને સ્થાવર તરીકે ઓળખવામાં આવ્યા છે. જ્યારે બાકીના તમામને ત્રસ તરીકે ઓળખવામાં આવ્યા છે. **આ રીતે સંસારી જીવોનું સ્થાવર અને ત્રસ એમ બે વિભાગમાં વિભાગીકરણ થાય છે.**

જે જીવો સ્વેચ્છાએ કે સુખ-દુઃખ-ભયાદિ પ્રસંગે એક સ્થાનથી બીજે સ્થાને જઈ શકે છે તેઓ **ત્રસ** કહેવાય છે. શંખનો જીવ, કીડી, મંકોડા, ઈયળ, વીંછી, પતંગિયું, ગાય, ભેંસ, ચકલા, માણસ, દેવો, નરકના જીવો વગેરે એક સ્થાનેથી બીજે સ્થાને જઈ શકે છે. માટે તેઓ બધા ત્રસ કહેવાય.

જે જીવો સ્વેચ્છાએ કે સુખ-દુઃખ-ભયાદિ પ્રસંગે પણ એક સ્થાનથી બીજે સ્થાને જઈ શકતા નથી તેઓ **સ્થાવર** કહેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ (વૃક્ષ, ઘાસ, લીલ, બટાટા, ફળ, ફ્રુટ, અનાજ વગેરે) આ એકેન્દ્રિય જીવો સ્થાવર છે. જો કે (ઢળાવ આદિના કારણે) પાણી, (ઘાસ વગેરેના કારણે) અગ્નિ અને (પવનની દિશા વગેરેના કારણે) વાયુ ગતિ કરતા જણાય છે, પરંતુ તેઓ ઢળાવ આદિના કારણે ગતિ કરે છે, સ્વેચ્છાએ કે સુખ-દુઃખાદિ નિમિત્તે ગતિ કરતા નથી માટે તેમનો સમાવેશ સ્થાવરમાં જ કરવામાં આવ્યો છે.

**સ્થાવરના મુખ્ય પાંચ ભેદો છે.**

**૧) પૃથ્વીકાય :-** પૃથ્વી એ જ જેનું (જે જીવનું) શરીર (કાયા) છે તે જીવ (અર્થાત્) પૃથ્વી સ્વરૂપે રહેલા જીવોને **પૃથ્વીકાય** કહેવામાં આવે છે. દા.ત. સ્ફટિક, મણિ, રત્ન, હીરો, પરવાળા, પારો, સોનું-રૂપું-તાંબુ-કલાઈ-સીસું-જસત-લોખંડ વગેરે ધાતુઓ, અબરખ, તેજંતુરી, સાજીખાર-નવસાર-ધોવાનો પાપડીયો ખાર-જવખાર વગેરે ખારો, અનેક જાતની માટી, અનેક જાતના પથ્થરો, મીઠું વગેરે પૃથ્વીકાય છે.

**૨) અપ્કાય :-** પાણી એ જ જેનું શરીર છે તે અર્થાત્ પાણી સ્વરૂપે રહેલા જીવોને **અપ્કાય** કહેવામાં આવે છે. દા.ત. વાવ-કુવા-તળાવ-નદી-સમુદ્ર વગેરેનું પાણી, વરસાદનું પાણી, ઝાકળ, બરફ, કરા, લીલી વનસ્પતિ ઉપર ફુટી નીકળતું પાણી, ધુમ્મસ, ઘનોદધિ (દેવોના વિમાનો તેમજ નરક ભૂમિઓ નીચે થીજેલા ઘી જેવું ઘન પાણી હોય છે તે) વગેરે અપ્કાય છે.

**૩) તેઉકાય :-** અગ્નિ એ જ જેનું શરીર છે તે અર્થાત્ અગ્નિસ્વરૂપે રહેલા જીવોને **તેઉકાય (અગ્નિકાય)** કહેવામાં આવે છે. દા.ત. અંગારા, ભડકો, તણખા, ઉલ્કા (આકાશમાં લાંબા લાંબા અગ્નિના પટ્ટા દેખાય છે તે), અસણિ (આકાશમાંથી તણખા ખરે છે તે), કણિયા (ખરતા તારા જેવા દેખાય છે તે), વિજળી વગેરે તેઉકાય છે.

**૪) વાઉકાય :-** વાયુ એ જ જેનું શરીર છે તે અર્થાત્ વાયુસ્વરૂપે રહેલા જીવોને **વાઉકાય** કહેવામાં આવે છે. દા.ત. ઘાસ-તણખલા વગેરેને ઊંચે ભમાવતો વાયુ, નીચે ભમાવતો વાયુ, ચક્રાવા ખાતો વાયુ, વંટોળિયો, શાંત વાયુ, મંદ મંદ વાતો વાયુ, ગુંજારવ કરતો વાયુ, મુખમાંથી નીકળતો વાયુ, પંખા વગેરે દ્વારા ઉત્પન્ન થતો વાયુ, ઘનવાત, તનવાત (દેવવિમાનો અને નરક ભૂમિની નીચે રહેલા ઘનોદધિની નીચે ઘાટો વાયુ તથા પાતળો વાયુ હોય છે તે) વગેરે વાઉકાય છે.

**૫) વનસ્પતિકાય :-** વનસ્પતિ એ જ જેનું શરીર છે અર્થાત્ વનસ્પતિ સ્વરૂપે રહેલા જીવોને **વનસ્પતિકાય** કહેવામાં આવે છે. દા.ત. ઘાસ, વૃક્ષ, પાંદડા, ફળ, ફ્રુટ, અનાજ, લીલ, બટાટા, ડુંગળી વગેરે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાઉકાયના એક શરીરમાં એક જ જીવ હોય છે. જ્યારે વનસ્પતિકાયમાં કેટલીક વનસ્પતિનાં એક શરીરમાં એક જ જીવ હોય છે અને કેટલીક વનસ્પતિના એક શરીરમાં અનંતા જીવો હોય છે. **આમ વનસ્પતિના બે ભેદ પડે છે.**

એક શરીરમાં એક જ જીવ હોય, તેને **પ્રત્યેક કહેવાય અને એક શરીરમાં અનંતા જીવો હોય, તે સાધારણ કહેવાય.**



પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના એક શરીરમાં એક જ જીવ છે માટે પ્રત્યેક છે, જ્યારે વનસ્પતિ પ્રત્યેક અને સાધારણ બન્ને રીતે છે.

**વનસ્પતિકાય**

**પ્રત્યેક** | **સાધારણ**

**પ્રત્યેક વનસ્પતિકાય :** જે વનસ્પતિના એક શરીરમાં એક જ જીવ હોય છે, તે **પ્રત્યેક વનસ્પતિકાય** કહેવાય. દા.ત. બીજ, મૂળ, થડ, કાષ્ટ (લાકડું), શાખા, છાલ, પાંદડા, ફળ, ફૂલ, વેલડી, વૃક્ષ, ઘાસ, અનાજ વગેરે પ્રત્યેક વનસ્પતિકાય છે.

**વત્સ : ગુરૂજી ! એક વૃક્ષમાં હજારો પાંદડા, ફળ, ફૂલ વગેરે હોય છે તો એક શરીરમાં અનેક જીવ ન થયા ?**

**ગુરૂજી :** જેમ તલસાંકળીમાં પ્રત્યેક તલ અલગ અલગ છે અને આખી તલસાંકળી એક જ છે, તેમ મૂળ, થડ, ફળ, ફૂલ, પાંદડા વગેરેના અલગ અલગ જીવો હોય છે અને આખા વૃક્ષનો વૃક્ષવ્યાપી જીવ એક જ હોય છે. માટે એક શરીરમાં એક જ જીવ કહેવાય.

**વત્સ : લાકડામાં જીવ છે. તો ધોકામાં જીવ ખરો ?**

**ગુરૂજી :** ના... ધોકામાં જીવ નથી, કેમકે તે અત્યારે વનસ્પતિના લાકડાનું મૃત શરીર કહેવાય. પહેલાં જીવ હતો, ત્યારે વનસ્પતિકાયરૂપે હતો. આ બાબત દરેક જગ્યાએ સમજી લેવી. જીવ નીકળી ગયા પછી જે મૃત શરીર રહે, તે નિર્જીવ જ હોય.

**સાધારણ વનસ્પતિકાય :** જે વનસ્પતિના એક જ શરીરમાં અનંતા જીવો હોય, તે **સાધારણ વનસ્પતિકાય** કહેવાય. દા.ત. બટાટા-ગાજર-શક્કરિયા-મૂળા વગેરે કંદમૂળ, બિલાડીના ટોપ, લીલ, સેવાલ વગેરે સાધારણ વનસ્પતિકાય છે.

આમ, સાધારણ વનસ્પતિકાયના એક શરીરમાં અનંતા જીવ હોય છે અને બાકીના પૃથ્વીકાય વગેરેના એક શરીરમાં એક જ જીવ હોય છે.

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને સાધારણ વનસ્પતિકાયના શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગની જ હોય છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ એટલો બધો નાનો છે કે તે ચર્મચક્ષુથી કે સૂક્ષ્મદર્શક યંત્ર આદિ કોઈ પણ સાધનથી જોઈ શકાય નહીં.

પૃથ્વી વગેરેનો નાનામાં નાનો કણ દેખાય છે તે અસંખ્ય શરીરનો પિંડ હોય છે. અલબત્ત અસંખ્ય શરીરો ભેગા થયા પછી જ પૃથ્વીકાય વગેરે દેખાય છે.

પ્રત્યેક વનસ્પતિના એક શરીરમાં એક જીવ હોય છે અને તે ચર્મચક્ષુ વગેરેથી દેખી શકાય છે.

પૃથ્વીના દેખાતાં નાનામાં નાના કણમાં અસંખ્ય શરીર અને અસંખ્ય જીવ છે અને આખી દુનિયાના બધા પૃથ્વીકાયની અપેક્ષાએ વિચારીએ તો પણ કુલ અસંખ્ય શરીર અને અસંખ્ય જીવ હોય છે.

આ રીતે પાણીના દેખાતાં નાનામાં નાના ટીપામાં, દેખાતાં નાનામાં નાના અગ્નિકણમાં, સ્પર્શથી અનુભવાતાં નાનામાં નાના વાયુમાં અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો હોય છે તથા આખી દુનિયામાં સર્વ પાણી વગેરેની અપેક્ષાએ વિચારીએ તો પણ અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો થાય છે.

સાધારણ વનસ્પતિના દેખાતાં નાનામાં નાના કણમાં અસંખ્ય શરીર હોય છે અને (તેના દરેક શરીરમાં અનંત-અનંત જીવ હોવાથી) અનંત જીવો હોય છે. આખી દુનિયાની સાધારણ વનસ્પતિની અપેક્ષાએ વિચારીએ તો પણ અસંખ્ય શરીર અને અનંતા જીવો થાય છે.

પ્રત્યેક વનસ્પતિમાં તો એક શરીર અલગ દેખાય છે. આખી દુનિયાની અપેક્ષાએ વિચારીએ તો તેના અસંખ્ય શરીર અને અસંખ્ય જીવો છે. પૃથ્વી આદિ સર્વ સ્થાવર જીવોની અપેક્ષાએ વિચારીએ તો પણ આખી દુનિયામાં તેમના અસંખ્ય શરીર છે અને જીવો અનંતા છે.

**વત્સ : ગુરૂજી ! પૃથ્વી આદિના દેખાતાં નાનામાં નાના કણમાં અસંખ્ય શરીરો હોય છે અને આખી દુનિયાની પૃથ્વી આદિ ભેગી કરીએ તો પણ અસંખ્ય શરીર જ. તો બન્નેનું ટોટલ સરખું થયું કહેવાય. આ કઈ રીતે બને ?**

**ગુરૂજી :** વત્સ ! નાનું અસંખ્યાતું, તેનાથી મોટું અસંખ્યાતું, તેનાથી મોટું અસંખ્યાતું, એમ અસંખ્ય અસંખ્યાતા છે. માટે અમુક જગ્યાએ નાનું અસંખ્યાતું સમજવું અને અમુક જગ્યાએ તેના કરતાં મોટું અસંખ્યાતું સમજવું. આમ, ટોટલ સરખું ન થાય.

**વત્સ : ગુરૂજી ! સાધારણ વનસ્પતિના એક જ શરીરમાં અનંતા જીવો કઈ રીતે રહી શકે ?**

**ગુરૂજી :** વત્સ ! સાધારણ વનસ્પતિના એક જ શરીરમાં અનંતા જીવો પોતાના આત્મપ્રદેશોને એક-બીજાના આત્મપ્રદેશોમાં સંક્રમીને રહે છે. જેમ એક જ ઓરડામાં સો દીવાઓ પ્રગટાવવામાં આવે, તો દરેક દીવાનો પ્રકાશ એક-બીજામાં સંક્રમીને રહે છે તેમ.

**વત્સ : ગુરૂજી ! સાધારણ વનસ્પતિના જીવોને દુઃખ હોય ખરા ?**



**ગુરૂજી :** વત્સ ! સાધારણ વનસ્પતિના જીવોને તો ભયાનક દુઃખ-વેદના હોય. સાતમી નરકના જીવોના દુઃખો કરતાં ય તેમને અનંતગણું દુઃખ હોય છે. ફરક એટલો જ કે સાતમી નરકના જીવોનું દુઃખ વ્યક્તપણે હોય છે જ્યારે સાધારણ વનસ્પતિના જીવોને ઈન્દ્રિયોનો વિકાસ ન હોવાથી અવ્યક્ત વેદના હોય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) ...... જીવોને સ્થાવર તરીકે ઓળખવામાં આવે છે. (૨) સ્થાવર સિવાયના તમામ જીવોને ...... તરીકે ઓળખવામાં આવે છે. (૩) આકાશમાં લાંબા-લાંબા અગ્નિના પટ્ટા દેખાય છે તે ...... છે. (૪) આકાશમાંથી તણખાં ખરે છે તે ...... છે. (૫) આકાશમાં ખરતાં તારા જેવાં દેખાય છે તે ...... છે. (૬) સ્થાવરમાં ...... (જીવભેદ) નું એક શરીર આંખેથી દેખી શકાય છે. (૭) અસંખ્યાતા ...... છે.

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો :**

(૧) સંસારી જીવોના મુખ્ય બે ભેદો કયા છે ? (૨) પાણી, અગ્નિ અને વાયુ ગતિ કરતા જણાય છે છતાં તેમનો સમાવેશ શા માટે સ્થાવરમાં કરવામાં આવ્યો છે ? (૩) સ્થાવરના મુખ્ય પાંચ ભેદો લખો. (૪) ઘનોદધિ કોને કહેવાય ? (૫) ઘનવાત અને તનવાત કોને કહેવાય ? (૬) સ્થાવરમાં કયા-કયા જીવભેદોના એક શરીરમાં એક જ જીવ હોય છે ? (૭) સ્થાવરમાં કોના એક શરીરમાં અનંતા જીવો હોય છે ? (૮) સ્થાવરમાં કયા કયા જીવભેદોનું એક શરીર આંખેથી દેખી શકાતું નથી ? (૯) સ્થાવરમાં કયા જીવભેદનું એક શરીર આંખેથી દેખી શકાય છે ? (૧૦) પ્રત્યેક અને સાધારણ વનસ્પતિ વચ્ચે શું ભેદ છે ? (૧૧) એક વૃક્ષમાં હજારો પાંદડાં, ફળ વગેરે હોય છે માટે પ્રત્યેક વનસ્પતિના એક શરીરમાં અનેક જીવ ખરા ને ? કઈ રીતે ? (૧૨) ધોકામાં જીવ ખરો ? કઈ રીતે ? (૧૩) પૃથ્વી વગેરેના દેખાતાં નાનામાં નાના કણમાં અસંખ્ય શરીર હોય છે અને આખી દુનિયાની પૃથ્વી ભેગી કરીએ તો પણ અસંખ્ય શરીર જ. તો બન્નેનું ટોટલ સરખું થયું કહેવાય ? (૧૪) સાધારણ વનસ્પતિના એક શરીરમાં અનંતા જીવો કઈ રીતે રહી શકે છે ? (૧૫) સાધારણ વનસ્પતિના જીવોને દુઃખ કેટલું હોય ?

**પ્રશ્ન-૩. નીચેના જીવોના એક શરીરમાં કેટલા જીવ હોય ?**

(૧) પૃથ્વી (૨) પાણી (૩) અગ્નિ (૪) વાયુ (૫) પ્રત્યેક વનસ્પતિ (૬) સાધારણ વનસ્પતિ (૭) હીરો, સ્ફટિક (વગેરે) (૮) સમુદ્રનું પાણી, ધુમ્મસ (વગેરે) (૯) તણખો, અસણિ (વગેરે) (૧૦) વાયુ (૧૧) લીંમડો, ઘઉં (વગેરે) (૧૨) બટાટા, બિલાડીનો ટોપ, લીલ (વગેરે)

**પ્રશ્ન-૪. નીચેના જીવભેદ વગેરેમાં કેટલા શરીર અને કેટલા જીવ હોય ? તે લખો :**

પૃથ્વીનો દેખાતો નાનામાં નાનો કણ, એક રત્ન, આખી દુનિયાની પૃથ્વી, પાણીનું નાનામાં નાનું દેખાતું ટીપું, કુવાનું પાણી, આખી દુનિયાનું પાણી, અગ્નિનો દેખાતો નાનામાં નાનો કણ, વિજળી, અંગારો, આખી દુનિયાનો અગ્નિ, સ્પર્શથી અનુભવાતો વાયુ, વંટોળિયો, આખી દુનિયાનો વાયુ, પ્રત્યેક વનસ્પતિનું એક પાંદડું, આખી દુનિયાની બધી પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિનો દેખાતો નાનામાં નાનો કણ, એક બટાટું, બિલાડીનો એક ટોપ, આખી દુનિયાની બધી સાધારણ વનસ્પતિ, આખી દુનિયાની બધી વનસ્પતિ, આખી દુનિયાના સ્થાવર.

**પ્રશ્ન-૫. વ્યાખ્યા લખો અને પાંચ-પાંચ ઉદાહરણ આપો :**

(૧) ત્રસ (૨) સ્થાવર (૩) પૃથ્વીકાય (૪) અપ્કાય (૫) તેઉકાય (૬) વાઉકાય (૭) વનસ્પતિકાય (૮) પ્રત્યેક વનસ્પતિકાય (૯) સાધારણ વનસ્પતિકાય

**પ્રશ્ન-૬. નીચેના ઉદાહરણો કયા જીવભેદમાં આવે ?**

(આ પાઠમાં પૃથ્વી વગેરેના જે ઉદાહરણો છે તેમાંથી કોઈ પણ પૂછી શકાય.)

## પાઠ-૪ : સાધારણ વનસ્પતિકાય

સાધારણ વનસ્પતિ સિવાયના તમામ જીવભેદોનાં એક શરીરમાં એક જ જીવ હોય છે, જ્યારે સાધારણ વનસ્પતિમાં એક શરીરમાં અનંતા જીવો હોય છે. તેથી તેને **અનંતકાય** પણ કહેવામાં આવે છે. અનંતા જીવો વચ્ચે એક જ (સાધારણ) શરીર હોવાથી તથા તેમનું આહારગ્રહણ, શ્વાસોચ્છ્વાસ વગેરે એક સાથે જ થતાં હોવાથી તે **સાધારણ વનસ્પતિકાય** કહેવાય છે. વળી તેને **નિગોદ** પણ કહેવામાં આવે છે. આમ **અનંતકાય, સાધારણ કે નિગોદ** એ પર્યાયવાચી શબ્દો છે.

લોકમાં નિગોદના (સૂક્ષ્મ કે બાદર નિગોદના) અસંખ્યાત ગોળા છે. દરેક ગોળામાં અસંખ્યાત નિગોદો (સાધારણ વનસ્પતિના શરીરો) છે. તે દરેક શરીરમાં અનંત-અનંત જીવો હોય છે. સોયની અણી જેટલો સાધારણ વનસ્પતિનો (જેમ કે બટાટાનો) કણિયો લેવામાં આવે તો તેમાં પણ નિગોદના અસંખ્ય ગોળા હોય છે. તેના દરેક ગોળામાં અસંખ્ય નિગોદો (શરીરો) હોય છે. અને તે દરેક નિગોદમાં (શરીરમાં) અનંત-અનંત જીવો હોય છે.

અનંતા જીવો મુક્તિપદને પામેલા છે, પણ તેવા અનંતા મુક્તાત્માઓ કરતાં પણ સાધારણ વનસ્પતિના એક જ શરીરમાં રહેલાં જીવો અનંતગુણા છે. દર છ મહિને ઓછામાં ઓછો એક આત્મા તો મોક્ષમાં જાય જ છે..... અનંત કાળ પસાર થયા



પછી બીજા અનંત આત્માઓ મોક્ષમાં જવાના, ત્યારે પણ નિગોદના એક શરીરમાં રહેલા જીવો મુક્તાત્માઓની સંખ્યા કરતાં અનંતગુણા જ હોવાના.

ભૂતકાળમાં ગયેલાં, વર્તમાનમાં જતાં અને ભવિષ્યમાં જનારા તમામ મોક્ષના જીવોની સંખ્યા તથા સાધારણ વનસ્પતિ સિવાયની તમામ જીવરાશિનો સરવાળો કરવામાં આવે તો પણ નિગોદના એક શરીરમાં રહેલાં જીવોની સંખ્યા અનંતગુણી જ છે.

આંખના એક જ પલકારામાં અસંખ્ય સમયો પસાર થઈ જાય છે. અનાદિ ભૂતકાળ, એક સમયનો વર્તમાનકાળ અને અનંત ભવિષ્યકાળના બધા જ સમયોના સરવાળાં કરતાં ય એક નિગોદના જીવો અનંતગુણા છે.

એકદમ જાડી ભાષામાં વાત વિચારીએ-મોક્ષના આત્માઓની સંખ્યા + દુનિયાના તમામ દેવો, નારકો અને માનવોની સંખ્યા + તમામ પશુઓની સંખ્યા + તમામ કીડી, મચ્છર આદિ જીવજંતુઓની સંખ્યા + તમામ રેતીના કણ કણની સંખ્યા + કુવા, વાવ, તળાવ, સમુદ્ર વગેરે બધા જ પ્રકારના બધા જ પાણીનાં ટીપાંઓની સંખ્યા + તમામ અગ્નિના જીવોની સંખ્યા + તમામ વાયુના જીવોની સંખ્યા + તમામ પ્રત્યેક વનસ્પતિરૂપ ઘાસ, પાંદડા, ફળ, ફૂલ, શાખાઓ, થડ, વૃક્ષો, શાકભાજી વગેરેની સંખ્યા - આ બધાંનો સરવાળો કરવામાં આવે તેની જે સંખ્યા થાય તેના કરતાં પણ બટાટા વગેરે સાધારણ વનસ્પતિના એક જ શરીરમાં રહેલા જીવોની સંખ્યા અનંતગુણી છે.

અનંતા જીવોની હિંસા જેમાં રહેલી છે તેવા બટાટા વગેરેના ભોજનનો તથા લીલ, સેવાળ વગેરેની હિંસાનો સદંતર ત્યાગ જ કરી દેવો જોઈએ.

**કેટલીક સાધારણ વનસ્પતિને ઓળખીએ :**

**૧)** બટાટા, ડુંગળી, લસણ, ગાજર, શક્કરિયા, મૂળા વગેરે જમીનમાં થાય છે. માટે તેને જમીનકંદ કે કંદમૂળ કહેવામાં આવે છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે **Where there is darkness, there are Germs.** (જ્યાં અંધારૂં છે ત્યાં જીવો [ઘણાં] હોય છે.) આમ, તેઓ પણ જમીનકંદમાં અને રાત્રિભોજનમાં ઘણાં જીવોની ઉત્પત્તિનો સ્વીકાર કરે છે. મૂળો કંદમૂળ છે અને ઉપરના પત્ર, મોગરા, દાંડા અને મોગરાના બીજ પ્રત્યેક વનસ્પતિ છે. પરંતુ તેમાં ઘણાં ત્રસજીવો હોવાથી તથા મૂળા સાથે સંલગ્ન હોવાથી મૂળાના પાંચેય અંગ અભક્ષ્ય છે-ખાવા યોગ્ય નથી.

**૨)** પણગ એટલે નીલ-ફૂગ. આ નીલ-ફૂગ પાંચેય વર્ણની હોય છે. વરસાદના કારણે કે પાણીના કારણે રસ્તામાં, બાથરૂમમાં, ભીંતો ઉપર, ઈંટ ઉપર, નળ ઉપર,

નળના બાંધેલા ગળણાં વગેરેમાં લીલા, કાળા વગેરે વર્ણની લીલ થઈ જાય છે. આ લીલ પણ અનંતકાય છે. ચોમાસા જેવી સિઝનમાં ઘરમાં જવા-આવવાના રસ્તામાં કે અન્યત્ર લીલ ન થઈ જાય તેની વરસાદ આવે તે પહેલાં જ કાળજી લઈ લેવી જોઈએ. લીલ થઈ ગયા પછી તેના ઉપર પગ પણ ન મૂકાય કે તેનો નાશ પણ ન કરાય, કેમકે તેમાં અનંતા જીવો હોય છે. ઘણાં ગૃહસ્થો આ માટે ઘરની બહાર જવા-આવવાના રસ્તા ઉપર ડામરનો કે સફેદ કલરના રંગનો પટ્ટો કરાવી દે છે. બાથરૂમમાં કે નળના ગળણામાં જે ચીકાશ બાઝી ગયેલી લાગે છે તે લીલ હોય છે. બાથરૂમ પહેલેથી કોરૂં રાખવામાં આવે અને બે-બે દિવસે નળના ગળણાં બદલવામાં આવે તો લીલ થવાની સંભાવના અટકે છે. લીલમાં અનંતા જીવો હોવાથી આ મોટી હિંસાથી બચવા દરેક ગૃહસ્થોએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેમાં લીલ થઈ જાય તે વસ્તુ કે સ્થાનનો વપરાશ બંધ કરી દેવો જોઈએ. અમુક સમય પસાર થયે ગરમી વગેરેના કારણે તે લીલનો કુદરતી રીતે જ પર્યાય (વિનાશ) થઈ જવાનો. એ પર્યાય જલ્દી થાય તો સારૂં એવો વિચાર કરવામાં પણ અનંતા જીવોની માનસિક હિંસાનું પાપ લાગે, માટે તેવા વિચારો પણ ન કરવા. વળી જલ્દી પર્યાય થઈ જાય, તે માટે તે વસ્તુને તડકા વગેરેમાં પણ ન મૂકવી. જિનશાસનને પામેલ ભવ્ય જીવોએ હિંસાનું વ્યવસ્થિત સ્વરૂપ સમજીને હિંસાથી બચવા મહેનત કરવી જોઈએ.

૩) તળાવ, ટાંકી વગેરેના પાણી ઉપર લીલા વર્ણની સેવાલ બાઝી જાય છે, તે અનંતકાય છે.

૪) લીલી સૂંઠ (આદુ), લીલી હળદળ અને લીલો કચૂરો - આ ત્રણ અનંતકાય છે, માટે લીલા હોય ત્યારે ન વપરાય. તેમને **આર્દ્રકત્રિક** કહેવામાં આવે છે. આ ત્રણેય સૂકવ્યા પછી અચિત્ત અવસ્થામાં વપરાય છે.

**વત્સ : ગુરૂજી ! જો તે અચિત્ત બન્યા પછી વપરાય, તો બટાટાનું શાક વગેરે પણ અચિત્ત જ છે ને ? તે વાપરવામાં શું વાંધો ?**

**ગુરૂજી :** વત્સ ! સૂંઠ વગેરે ઔષધિ રૂપે અને અલ્પ માત્રામાં જ વપરાય છે, પેટ ભરવા માટે નથી. જ્યારે બટાટાનું શાક વગેરે પેટ ભરવા માટે, સ્વાદ માટે અને વધુ પ્રમાણમાં વપરાય છે. વળી બટાટાનું શાક વાપરતાં કંદમૂળ ખાઈએ છીએ તે સ્પષ્ટ જણાય છે, જ્યારે સૂંઠ વગેરેમાં તો પર્યાય (અવસ્થા) સંપૂર્ણ બદલાઈ ગઈ છે. વત્સ ! ઔષધાદિ કારણે અને પરિણામ ન બગડતાં હોવાથી મહાપુરૂષોએ કોઈક વસ્તુની છૂટ આપી હોય તેથી શું બટાટાના શાક વગેરેની પણ છૂટ લઈ લેવાથી કે તેના બચાવ માટે દલીલ-તર્ક લડાવવાથી પાપકર્મના બંધથી બચી જવાશે ?



૫) ચોમાસામાં છત્રી જેવા આકારના બિલાડીના ટોપ થાય છે તે અનંતકાય છે માટે તે તોડવા નહીં કે તેને અડવું પણ નહીં.

૬) મોથ (જળાશયના કિનારે પાકે છે), વત્થુલાની ભાજી, થેગ (થેગપોંક થાય છે, ચોમાસામાં ઘણે ઠેકાણે વેચાય છે) અને પાલખભાજી અનંતકાય છે.

૭) અંકુરા : પ્રથમ ઉગતી અવસ્થામાં અવ્યક્ત પાંદડા વગેરે અવયવો, જેને ફણગા ફૂટ્યા તેમ કહીએ છે તે કઠોળના અંકુરા વગેરે અનંતકાય છે. મગ, ચણા વગેરે કઠોળ ધાન્યને રાત્રે પલાળતાં બીજે દિવસે સવારે અંકુરા ફૂટે છે તે પણ અનંતકાય છે.

૮) કિસલય : કિસલય એટલે ઊગતાં નવા કુણાં પાંદડા, જેને કૂંપળ કહેવામાં આવે છે. બીજ વાવવામાં આવે છે તેમાં તે બીજનો જ જીવ કે બીજો જીવ ઉપજીને પ્રથમ બીજની વિકસ્વર અવસ્થા કરે છે. પ્રથમ બીજની વિકસ્વર અવસ્થા બાદ તુર્ત જ અનંત જીવો ઉપજીને કિસલય અવસ્થા રચે છે. પછી તે અનંત જીવો અંતર્મુહૂર્તમાં ચ્યવી જાય છે-મૃત્યુ પામે છે અને બીજનો મૂળ જીવ તે કિસલયમાં વ્યાપ્ત થઈ જાય છે.

૯) જેનાં બીજ કે ઠળિયાં ન બંધાયા હોય તેવા સર્વ પ્રકારનાં કોમળ-કુણાં ફળો અનંતકાય છે. દા.ત. બીજ ન બંધાયેલ કોમળ આંબલી અનંતકાય છે.

૧૦) ગુપ્ત નસોવાળાં શણ વગેરેનાં પાંદડાં અનંતકાય છે.

૧૧) છેદ્યા પછી ફરી ઊગે તેવાં થોર, કુંવાર, ગુગળ, ગળો (લીંમડે કે વાડો ઉપર વીંટળાય છે) વગેરે અનંતકાય છે.

૧૨) કાષ્ટ કરતાં ય જાડી છાલ હોય તો તે છાલ અનંતકાય સમજવી. (ફળની છાલમાં આ નિયમ લાગતો નથી.)

દરેક વનસ્પતિ ઉત્પન્ન થાય ત્યારે અનંતકાય જ હોય છે. પરંતુ પછીથી જો અનંતકાય જાતિની વનસ્પતિ હોય તો તે અનંતકાય રહે છે અને પ્રત્યેક જાતિની વનસ્પતિ હોય તો પ્રત્યેક વનસ્પતિ થઈ જાય છે.

**સાધારણ વનસ્પતિને ઓળખવાના લક્ષણો :**

અમુક વનસ્પતિ પ્રત્યેક વનસ્પતિ છે કે સાધારણ વનસ્પતિ - તે જાણવા માટે અહીં ચાર લક્ષણો બતાવવામાં આવ્યાં છે :

૧) **સાધારણ વનસ્પતિની નસો, સંધિ અને પર્વ (ગાંઠ) ગુપ્ત હોય છે :** શેરડીના સાંઠાની નસો વગેરે સ્પષ્ટ દેખાય છે જ્યારે કુંવારમાં નસો, સાંધા અને પર્વ હોવા છતાં દેખાતા નથી. તેથી શેરડીને પ્રત્યેક વનસ્પતિ તરીકે અને કુંવારને સાધારણ વનસ્પતિ તરીકે ઓળખી શકાય છે.

**૨) સાધારણ વનસ્પતિને ભાંગતાં સરખા ભાગ થાય છે :** મૂળ, કંદ, થડ, છાલ, પાંદડાં, ફળ, ફૂલ, બીજ આદિ તમામ સાધારણ વનસ્પતિને ભાંગતા સરખાં જ ભાગ થાય છે-વાંકાચૂકાં કે ખાંચાવાળાં કટકા થતાં નથી. જેમ એરંડાના પાંદડાને ભાંગતાં વાંકાચૂકાં અને ખાંચાવાળા કટકા થાય છે જ્યારે ઝાર (પીલુ) ના પાંદડાં ભાંગીએ તો તુરત સીધા બે ભાગ થઈ જાય છે. એથી એરંડાના પાંદડાં પ્રત્યેક વનસ્પતિ છે અને ઝારના પાંદડાં સાધારણ વનસ્પતિ છે-તે જાણી શકાય છે.

**૩) સાધારણ વનસ્પતિને ભાંગતાં તાંતણાં જણાતાં નથી :** ગુવારને ભાંગતાં તાંતણાં દેખાશે જ્યારે શક્કરિયાને ભાંગતાં તાંતણાં (રેસાઓ) જણાશે નહિ. આ ઉપરથી ગુવાર પ્રત્યેક વનસ્પતિ છે અને શક્કરિયા સાધારણ વનસ્પતિ છે-તે જાણી શકાય છે.

**૪) સાધારણ વનસ્પતિને કાપ્યાં છતાં તે ફરી ઊગે છે :** અરે ! ગમે તે ભાગ કાપીને ગમે તે રીતે ઊગાડવામાં આવે તો પણ ફરી ઊગે છે, જ્યારે પ્રત્યેકમાં તેવું થતું નથી. લીમડાના વૃક્ષને કાપ્યા પછી ફરી ઊગતું નથી જ્યારે થોર (થુવેર) ને કાપ્યા પછી ફરી ઊગે છે, કુંવારને કાપીને અદ્ધર લટકાવીએ તો ફરી વધે છે. આ ઉપરથી લીંમડાનું વૃક્ષ પ્રત્યેક વનસ્પતિ છે અને થુવેર કે કુંવાર સાધારણ વનસ્પતિ છે તે જાણી શકીએ છીએ.

ઉપરના ચારેય લક્ષણોથી સાધારણ અને પ્રત્યેક વનસ્પતિને ઓળખી શકાય છે. લીંમડાનું મૂળ અને મૂળો તપાસતાં, ટામેટું અને બટાટું તપાસતાં, કોબી અને ડુંગળી તપાસતાં ઉપરના લક્ષણોના આધારે તેઓ પ્રત્યેક છે કે સાધારણ તે નક્કી કરી શકાય છે.

પ્રત્યેક વનસ્પતિ અતિકોમળ અવસ્થામાં અનંતકાય જ હોય છે તે બાબત અગાઉ જણાવી દીધી છે. આવી વનસ્પતિની નસો, પત્રની મુખ્ય નસ અને પર્વો (ગાંઠો) ગુપ્ત જ હોય છે.

પ્રત્યેક વનસ્પતિકાય સામાન્ય રીતે સ્થાનભ્રષ્ટ થયા પછી જલ્દી સૂકાઈ જાય છે જ્યારે સાધારણ વનસ્પતિકાય સામાન્ય રીતે સ્થાનભ્રષ્ટ થયા પછી ઘણાં કાળે સૂકાતી હોય છે.

## <u>સ્વાધ્યાય</u>

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) ...... જીવભેદના એક શરીરમાં અનંતા જીવો હોય છે. (૨) ...... સિવાયના તમામ જીવભેદોના એક શરીરમાં ...... જીવ હોય છે. (૩) સાધારણ વનસ્પતિના એક શરીરમાં



...... જીવો હોવાથી તે ...... કહેવાય છે. (૪) લોકમાં નિગોદના ...... ગોળા છે. (૫) નિગોદના એક ગોળામાં ...... નિગોદ હોય છે. (૬) બીજ ન બંધાયેલ કોમળ આંબલી ...... છે. (૭) દરેક વનસ્પતિ ઉત્પન્ન થાય ત્યારે ...... જ હોય છે.

**પ્રશ્ન-૨. ટૂંકમાં જવાબ લખો :**

(૧) અનંતકાય સાધારણ વનસ્પતિ કહેવાય છે-કેમ ? (૨) સાધારણ વનસ્પતિના પર્યાયવાચી શબ્દો લખો. (૩) આખા વિશ્વમાં, બટાટામાં કે બટાટાના નાના કણિયા જેટલા ભાગમાં નિગોદના કેટલા ગોળા, શરીર અને જીવો હોય છે ? (૪) નિગોદના એક શરીરમાં કેટલા જીવો હોય છે ? (મુક્તાત્માઓની અપેક્ષાએ સમજાવો.) (૫) નિગોદના એક શરીરમાં કેટલા જીવો છે ? (જીવરાશિની અપેક્ષાએ તથા સમયની અપેક્ષાએ સમજાવો.) (૬) મૂળાના પાંચેય અંગો શા માટે અભક્ષ્ય છે ? (૭) વૈજ્ઞાનિકોના કયા સિદ્ધાંતથી કયા બે પાપો સિદ્ધ થાય છે ? (૮) આર્દ્રકત્રિકના નામ લખો. (૯) સૂંઠની જેમ બટાટાનું શાક કેમ ન વપરાય ?

**પ્રશ્ન-૩. મુદ્દાસર જવાબ લખો :**

(૧) બટાટા વગેરે તથા લીલ, સેવાળ વગેરે સાધારણ વનસ્પતિની હિંસા કરવી જોઈએ નહિ. (૨) નીલ-ફૂગની હિંસા અને બચવાના ઉપાયો. (૩) કોઈ પણ પાંચ સાધારણ વનસ્પતિ ઓળખાવો. (૪) સાધારણ વનસ્પતિને ઓળખવાના લક્ષણો લખો.

# પાઠ-૫ : બાદર અને સૂક્ષ્મ એકેન્દ્રિય

**સ્થાવર જીવો બે પ્રકારના છે : (૧) બાદર અને (૨) સૂક્ષ્મ**

**બાદર :** એક, બે, સંખ્યાત કે અસંખ્યાત શરીરો ભેગા થઈને પણ જે ચર્મચક્ષુથી (કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરેથી) જોઈ શકાય તે બાદર કહેવાય. દા.ત. સ્ફટિક, હીરો, માટી વગેરે પૃથ્વી; કુવાનું પાણી, ધુમ્મસ વગેરે અપ્કાય; અંગારો, ભડકો વગેરે અગ્નિ; ઠંડો વાયુ, ગરમ વાયુ, વંટોળિયો વગેરે વાયુ; ઘાસ, પાંદડા, ફળ વગેરે પ્રત્યેક વનસ્પતિ; બટાટા, લીલ વગેરે સાધારણ વનસ્પતિ-આ બધા એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય છે. પાઠ-૩ અને ૪ માં પૃથ્વીકાય વગેરે જીવોનું જે વર્ણન કરવામાં આવ્યું. તે બાદર પૃથ્વીકાય વગેરેને અનુલક્ષીને કરવામાં આવેલ હતું.

**સૂક્ષ્મ :** અસંખ્યાત જીવોના કે અનંત જીવોના અસંખ્ય શરીરો ભેગા થઈને પણ જે ચર્મચક્ષુથી (કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરેથી) જોઈ શકાયનહીં, તે સૂક્ષ્મ કહેવાય.

પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે. તે સૂક્ષ્મ રૂપે હોતી નથી. જ્યારે બાકીના પાંચ-પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને સાધારણ વનસ્પતિકાય-સૂક્ષ્મ અને બાદર બન્ને રૂપે હોય છે.

**વત્સ : ગુરૂજી ! કીડી, મંકોડા, પશુ, પક્ષી, માણસ વગેરે આંખેથી દેખાય છે માટે તે બાદર જ કહેવાય ને ? અને દેવ દેખાતા નથી માટે તે સૂક્ષ્મ કહેવાય ને ?**

**ગુરૂજી :** વત્સ ! કીડી વગેરે બાદર જ છે અને દેવો પણ બાદર જ છે. જો દેવો સૂક્ષ્મ હોત તો કોઈને ક્યારેય પણ ન દેખાત. કોઈ વાર કોઈની ઉપર પ્રસન્ન થાય તો પ્રગટ થાય જ છે ને ! વળી દેવો પણ એકબીજા દેવોને જોઈ શકે છે માટે દેવો પણ બાદર જ છે. સૂક્ષ્મ નથી. જો કે તેઓ માત્ર બાદર જ છે માટે સૂક્ષ્મ અને બાદર એવા ભેદ પાડવાની જરૂર નથી.

સૂક્ષ્મ જીવો ચૌદેય રજ્જુલોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલા છે. કોઈ પણ એવું સ્થાન નથી કે જ્યાં સૂક્ષ્મ જીવો ન હોય. આ સૂક્ષ્મ જીવોને શસ્ત્રથી છેદી શકાતા નથી, અગ્નિથી બાળી શકાતા નથી, પાણીથી ગુંગળાવી શકાતા નથી. તેઓનું આયુષ્ય માત્ર અંતર્મુહૂર્તનું હોય છે. (જઘન્ય અંતર્મુહૂર્ત એટલે ૯ સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત એટલે બે ઘડી [૪૮ મીનીટ] માં એક સમય ઓછો અને મધ્યમ અંતર્મુહૂર્ત એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત વચ્ચેનો સમયગાળો. સૂક્ષ્મ જીવોનું આયુષ્ય મધ્યમ અંતર્મુહૂર્ત [ઓછામાં ઓછું ૨૫૬ આવલિકા] જેટલું હોય છે.) બાદર પૃથ્વીકાય ચૌદ રાજલોકમાં અમુક-અમુક સ્થાનોમાં હોય છે. બાદર અપ્કાય અને બાદર વનસ્પતિકાય બાર દેવલોક અને સાત નારકપૃથ્વી સુધી અમુક-અમુક સ્થાનોમાં હોય છે, બાદર તેઉકાય મધ્યલોકમાં અઢીદ્વીપપ્રમાણ મનુષ્યલોકમાં અમુક-અમુક સ્થાનોમાં હોય છે અને બાદર વાયુકાય ચૌદે રજ્જુલોકમાં હોય છે.

**વત્સ : ગુરૂજી ! બાદર જીવો ચર્મચક્ષુથી જોઈ શકાય છે તો બાદર વાયુકાય કેમ દેખાતો નથી ?**

**ગુરૂજી :** વત્સ ! તારો સવાલ ખૂબ જ સરસ છે. વાયુકાય ચર્મચક્ષુથી દેખાતો નથી, પરંતુ સ્પર્શેન્દ્રિયથી જાણીને જ આપણે 'ઠંડો પવન વાય છે', 'ગરમ પવન વાય છે' ઈત્યાદિ કહી શકીએ છીએ. સૂક્ષ્મ વાયુકાય સ્પર્શેન્દ્રિયથી પણ જાણી શકાતો નથી. વત્સ ! **ચક્ષુ આદિ કોઈ પણ ઈન્દ્રિય દ્વારા જે જાણી ન શકાય તે સૂક્ષ્મ કહેવાય.**

**વત્સ : ગુરૂજી ! આ દુનિયામાં જીવો અનંતા છે, પણ શરીર કેટલા છે ?**

**ગુરૂજી :** વત્સ ! આ દુનિયામાં શરીર અસંખ્ય જ છે. બધા જ જીવોના શરીરોનો સરવાળો પણ અસંખ્ય જ થાય છે. તેમાં સૂક્ષ્મ કે બાદર સાધારણ વનસ્પતિના એક-એક શરીરમાં અનંત-અનંત જીવો હોવાથી જીવો અનંતા છે. વત્સ ! સાધારણ વનસ્પતિ સિવાયના જીવો અસંખ્ય છે અને શરીર પણ અસંખ્ય છે, જ્યારે સાધારણ વનસ્પતિના શરીર અસંખ્ય છે અને જીવો અનંત છે.



**સ્થાવર**

- **પૃથ્વીકાય** — **સૂક્ષ્મ**, **બાદર**
- **અપ્કાય** — **સૂક્ષ્મ**, **બાદર**
- **તેઉકાય** — **સૂક્ષ્મ**, **બાદર**
- **વાઉકાય** — **સૂક્ષ્મ**, **બાદર**
- **પ્રત્યેક વનસ્પતિકાય** — **બાદર**
- **સાધારણ વનસ્પતિકાય** — **સૂક્ષ્મ**, **બાદર**

**સ્વાધ્યાય**

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) ...... (સ્થાવર) બાદર જ હોય છે. (૨) સૂક્ષ્મ જીવોનું આયુષ્ય ...... હોય છે. (૩) આખી દુનિયામાં કુલ ...... જીવો છે. (૪) આખી દુનિયામાં કુલ ...... શરીરો છે. (૫) સાધારણ વનસ્પતિના ...... શરીરો અને જીવો ...... છે. (૬) સાધારણ વનસ્પતિ સિવાયના જીવો ...... અને શરીર ...... છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ લખો :**

(૧) સ્થાવરના મુખ્ય બે ભેદ લખો. (૨) સ્થાવરના કયા ભેદો સૂક્ષ્મ અને બાદર બન્ને હોય છે ? (૩) સ્થાવરના ૧૧ ભેદ લખો. (૪) દેવો સૂક્ષ્મ કે બાદર ? કેમ ? (૫) સૂક્ષ્મ જીવો ક્યાં હોય છે ? કેવાં હોય છે ? (૬) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનું માપ લખો. (૭) બાદર પૃથ્વી, અપ્, તેઉ અને વાઉ ક્યાં હોય છે ? (૮) બાદર વાયુ કેમ દેખાતો નથી ? બાદર અને સૂક્ષ્મની સ્પષ્ટ વ્યાખ્યા કરો.

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :**

(૧) બાદર (૨) સૂક્ષ્મ

## પાઠ-૬ : સ્થાવરના ૨૨ ભેદો

સ્થાવરના ૧૧ ભેદ અગાઉ જણાવી દેવાયા છે. તે તમામ **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** એમ બે ભેદે છે. તેથી **સ્થાવરના ૨૨ ભેદ** થાય છે. જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **પૃથ્વીકાય :-** | (૧) પર્યાપ્તા બાદર પૃથ્વીકાય | (૩) અપર્યાપ્તા બાદર પૃથ્વીકાય |
| | (૨) પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય | (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાય |
| **અપ્કાય :-** | (૧) પર્યાપ્તા બાદર અપ્કાય | (૩) અપર્યાપ્તા બાદર અપ્કાય |
| | (૨) પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય | (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાય |
| **તેઉકાય :-** | (૧) પર્યાપ્તા બાદર તેઉકાય | (૩) અપર્યાપ્તા બાદર તેઉકાય |
| | (૨) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય | (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય |

**વાઉકાય :-** (૧) પર્યાપ્તા બાદર વાઉકાય (૩) અપર્યાપ્તા બાદર વાઉકાય
(૨) પર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ વાઉકાય

**પ્રત્યેક વનસ્પતિકાય :-** (૧) પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય
(૨) અપર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય

**સાધારણ વનસ્પતિકાય :-** (૧) પર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૨) પર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય
(૩) અપર્યાપ્તા બાદર સાધારણ વનસ્પતિકાય
(૪) અપર્યાપ્તા સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય

આમ કુલ ૨૨ ભેદ થયા. આમાં પર્યાપ્તા ૧૧ છે અને અપર્યાપ્તા ૧૧ છે. બાદર ૧૨ છે અને સૂક્ષ્મ ૧૦ છે. પ્રત્યેક વનસ્પતિકાય ૨ છે અને બાકીના ૪-૪ છે.

**વત્સ : ગુરૂજી ! પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે શું ?**

**ગુરૂજી :** વત્સ ! જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પછી જ મૃત્યુ પામે છે તેઓ **પર્યાપ્તા** કહેવાય અને જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલા જ મૃત્યુ પામે છે તેઓ **અપર્યાપ્તા** કહેવાય.

**વત્સ : ગુરૂજી ! પર્યાપ્તિ એટલે શું ?**

**ગુરૂજી :** વત્સ ! પર્યાપ્તિ એટલે જીવન જીવવાની એક પ્રકારની શક્તિ. આવી કુલ છ પર્યાપ્તિઓ છે. આ પર્યાપ્તિઓ જીવ ઉત્પત્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્તમાં જ મેળવી લે છે અને તે જીવન પર્યંત રહે છે.

**વત્સ : ગુરૂજી ! એ પર્યાપ્તિઓના નામ અને વ્યાખ્યા સમજાવશો ?**

**ગુરૂજી :** વત્સ ! પર્યાપ્તિઓ છ છે અને તે નીચે મુજબ છે :

**(૧) આહાર પર્યાપ્તિ :** આહારના પુદ્ગલોને ગ્રહણ કરવાની અને તેને પરિણમાવીને ખલ (મળ, મૂત્ર વગેરે) તથા રસ રૂપે જુદા પાડવાની એક પ્રકારની શક્તિ તે આહાર પર્યાપ્તિ કહેવાય.

**(૨) શરીર પર્યાપ્તિ :** રસમાંથી લોહી, માંસ, મેદ વગેરે સપ્તધાતુરૂપ શરીર બનાવવાની એક પ્રકારની શક્તિ તે શરીર પર્યાપ્તિ કહેવાય.

**(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ :** સપ્તધાતુરૂપ શરીરમાંથી ઈન્દ્રિયો બનાવવાની એક પ્રકારની શક્તિ તે ઈન્દ્રિય પર્યાપ્તિ કહેવાય.

**(૪) શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ :** શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની



એક પ્રકારની શક્તિ તે શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહેવાય. આ પર્યાપ્તિ (શક્તિ) ના કારણે જીવ શ્વાસ લઈ શકે છે અને મૂકી શકે છે.

**(૫) ભાષા પર્યાપ્તિ :** ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને ભાષારૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની એક પ્રકારની શક્તિ તે ભાષા પર્યાપ્તિ કહેવાય. આ પર્યાપ્તિ (શક્તિ) ના કારણે જીવ બોલી શકે છે.

**(૬) મન પર્યાપ્તિ :** મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની, ગ્રહણ કરીને મનરૂપે પરિણમાવવાની અને તેનું જ આલંબન લઈને મૂકવાની એક પ્રકારની શક્તિ તે મન પર્યાપ્તિ કહેવાય. આ પર્યાપ્તિના કારણે જીવ મનમાંથી વિચારાદિ કરી શકે છે.

વત્સ ! આ પર્યાપ્તિઓ (શક્તિઓ) મેળવતા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયથી અંતર્મુહૂર્તનો કાળ લાગે છે. પણ તે પર્યાપ્તિઓ જીવની પાસે જીવન પર્યંત રહે છે. એ શક્તિઓ દ્વારા આહાર ગ્રહણ, ખલ અને રસરૂપે જુદા થવું, રસમાંથી સપ્તધાતુ રૂપ શરીર બનવું, તેમાંથી ઈન્દ્રિયો બનવી, શ્વાસ લેવા-મૂકવા, વાણી વ્યવહાર કરવો, મનથી વિચારવું ઈત્યાદિ થઈ શકે છે. જો આવી શક્તિઓ જીવ મેળવે નહીં તો શક્તિના અભાવે ઉપર જણાવ્યા મુજબની જીવન જીવવા માટેની જરૂરી ક્રિયાઓ કઈ રીતે થઈ શકે ?

**વત્સ : ગુરૂજી ! આ પર્યાપ્તિઓ જીવ કેવી રીતે અને ક્યારે મેળવે છે ? બધી પર્યાપ્તિઓ એક સાથે જ મળી જાય છે ?**

**ગુરૂજી :** વત્સ ! જીવ ઉત્પત્તિના પ્રથમ સમયથી જ આહારના પુદ્ગલોને ગ્રહણ કરે છે, એથી આ પર્યાપ્તિઓ મેળવવાની શરૂઆત ઉત્પત્તિના પ્રથમ સમયથી જ શરૂ થઈ જાય છે, કેમકે પુદ્ગલોના (આહારાદિ પુદ્ગલોના) મળવાથી જ આ શક્તિઓ પેદા થાય છે.

બધી પર્યાપ્તિઓ મેળવવાની શરૂઆત એક સાથે જ ઉત્પત્તિના પ્રથમ સમયથી જ થઈ જાય છે. પરંતુ પૂર્ણાહુતિ તો ક્રમશઃ પછી પછી જ થાય છે. કારણકે પહેલી પર્યાપ્તિ સ્થૂલ છે અને તે પછીની પર્યાપ્તિઓ એક-એક કરતા વધુ-વધુ સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. જેમ સૂક્ષ્મતા વધુ તેમ પૂર્ણાહુતિ માટે વધુ પુદ્ગલોની જરૂર પડે અને તે માટે સમય પણ વધુ થાય.

એક દૃષ્ટાંત વિચારીએ : છ બહેનો એક સાથે દોરા બનાવવાની શરૂઆત કરે છે. તેમાંથી જે બહેન જાડી જાડી (સ્થૂલ સ્થૂલ) દોરીઓ બનાવશે, તેનું કોકડું જલ્દી પૂરૂં થઈ જશે અને જે બહેનો પાતળા પાતળા દોરા બનાવશે, તેને વધુ વધુ સમય લાગશે.

બીજું દૃષ્ટાંત વિચારીએ : મોટા પત્થરોથી ડબ્બો જલ્દી ભરાઈ જશે, જ્યારે ધૂળ ભરવામાં વધુ સમય લાગશે.

આ રીતે જેમ સૂક્ષ્મતા વધુ, તેમ પર્યાપ્તિ મેળવવામાં વધુ સમય લાગે.

પહેલી પર્યાપ્તિ જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે જ મેળવી લે છે તથા પછી-પછીની પર્યાપ્તિઓ અનુક્રમે અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્તના આંતરે મેળવે છે. તથા છએ પર્યાપ્તિઓ મેળવતાં કુલ સમય પણ અંતર્મુહૂર્ત જ થાય છે. જો કે દરેક જીવને બધી જ પર્યાપ્તિ પ્રાપ્ત થતી નથી. માટે જેને જેટલી પર્યાપ્તિ પ્રાપ્ત થતી હોય તેનો કુલ સમય અંતર્મુહૂર્ત છે, તેમ સમજી લેવું.

**વત્સ : ગુરૂજી ! કયા જીવને કેટલી પર્યાપ્તિઓ પ્રાપ્ત થાય છે ?**

**ગુરૂજી :** વત્સ ! **અપર્યાપ્તા જીવોને** પહેલી **ત્રણ** પર્યાપ્તિ પ્રાપ્ત થાય છે. (પહેલી ત્રણ પર્યાપ્તિઓ મેળવ્યા પહેલા આગામી [આવતા] ભવના આયુષ્ય કર્મનો બંધ થતો નથી. તેથી પહેલી ત્રણ પર્યાપ્તિ પ્રાપ્ત કર્યા પહેલા કોઈ જીવ મૃત્યુ પામતો નથી. અપર્યાપ્તા જીવો ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કરીને એક અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધીને અને ત્યાર પછી [અબાધાકાળરૂપ] અંતર્મુહૂર્ત જીવીને જ મરે છે. [અંતર્મુહૂર્ત નાના-મોટા અનેક પ્રકારે હોવાથી ત્રણ પર્યાપ્તિ પછીના પસાર થયેલા અંતર્મુહૂર્તમાં પણ ચોથી પર્યાપ્તિ પૂર્ણ કરી નથી તેમ સમજવું.])

**પર્યાપ્તા** જીવોમાં **એકેન્દ્રિયને પહેલી ચાર, પંચેન્દ્રિય-ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, દેવ તથા નારકને છ અને બાકીના સઘળા પર્યાપ્તા જીવોને પાંચ** પર્યાપ્તિ પ્રાપ્ત થાય છે. આ તેમની સ્વયોગ્ય પર્યાપ્તિઓ કહેવાય.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) સ્થાવરના કુલ ...... ભેદ છે. (૨) પર્યાપ્તા સ્થાવરના ...... અને અપર્યાપ્તા સ્થાવરના ...... ભેદ છે. (૩) સૂક્ષ્મ સ્થાવરના ...... અને બાદર સ્થાવરના ...... ભેદ છે. (૪) પર્યાપ્તા સૂક્ષ્મ સ્થાવરના ......, પર્યાપ્તા બાદર સ્થાવરના ......, અપર્યાપ્તા સૂક્ષ્મ સ્થાવરના ...... અને અપર્યાપ્તા બાદર સ્થાવરના ...... ભેદ છે. (૫) પૃથ્વીકાયના ......, અપ્કાયના ......, તેઉકાયના ......, વાઉકાયના ...... અને વનસ્પતિકાયના ...... ભેદ છે. (૬) આહાર પર્યાપ્તિ મેળવતાં કુલ ...... સમય થાય છે. (૭) સ્વયોગ્ય બધી પર્યાપ્તિ મેળવતાં ...... સમય થાય છે. (૮) મેળવેલી પર્યાપ્તિઓ જીવની પાસે ...... પર્યંત રહે છે. (૯) જીવ ...... સમયથી જ આહારના પુદ્‌ગલોને ગ્રહણ કરે છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ આપો :**

(૧) પૃથ્વીકાયના ભેદો લખો. (આ રીતે અપ્કાય વગેરે માટે પણ પૂછી શકાય.) (૨) જીવ પર્યાપ્તિઓ મેળવવાની શરૂઆત ક્યારે કરે છે ને પૂર્ણાહુતિ ક્યારે કરે છે ? (૩) અપર્યાપ્તા જીવો કેટલી પર્યાપ્તિઓ મેળવે છે ? શા માટે ? (૪) પર્યાપ્તા એકેન્દ્રિય જીવો કઈ કઈ પર્યાપ્તિઓ



પ્રાપ્ત કરે છે ? (આ રીતે કોઈ પણ જીવ માટે પૂછી શકાય.) (૫) અપર્યાપ્તા જીવો કઈ પર્યાપ્તિઓ મેળવતા નથી ? (આ રીતે કોઈ પણ જીવ માટે પૂછી શકાય.)


**પ્રશ્ન-૩. મુદ્દાસર જવાબ લખો :**

(૧) સ્થાવરના કુલ ભેદ કેટલા અને કયા કયા ? (૨) પર્યાપ્તિઓ કેટલી છે અને કઈ કઈ, તે વ્યાખ્યા સાથે લખો. (૩) પર્યાપ્તિઓ જીવ કઈ રીતે અને ક્યારે મેળવે છે ? દૃષ્ટાંત સાથે સમજાવો.

**પ્રશ્ન-૪. વ્યાખ્યા લખો :**

(૧) પર્યાપ્તા (૨) અપર્યાપ્તા (૩) પર્યાપ્તિ (૪) આહાર પર્યાપ્તિ (આ રીતે છએ પર્યાપ્તિ માટે પૂછી શકાય.)

# પાઠ-૭ : વિકલેન્દ્રિય




**ઈન્દ્રિયો પાંચ છે :**

**૧) સ્પર્શેન્દ્રિય :** શીત, ઊષ્ણ, લીસું, ખરબચડું વગેરેનો અનુભવ કરી શકાય છે તે સ્પર્શેન્દ્રિયને આભારી છે.

**૨) રસનેન્દ્રિય :** ખાટું, મીઠું, તીખું, તુરું, કડવું, ગળ્યું વગેરે સ્વાદનો અનુભવ કરી શકાય છે તે રસનેન્દ્રિયને આભારી છે.

**૩) ઘ્રાણેન્દ્રિય :** સુગંધ, દુર્ગંધ વગેરે ગંધનો અનુભવ કરી શકાય છે તે ઘ્રાણેન્દ્રિયને આભારી છે.

**૪) ચક્ષુરિન્દ્રિય :** સફેદ, કાળું, લાલ વગેરે વર્ણ તથા જુદા-જુદા આકારવાળી વસ્તુઓ જોઈ શકાય છે તે ચક્ષુરિન્દ્રિયને આભારી છે.

**૫) શ્રોતેન્દ્રિય :** અવાજ સાંભળી શકાય છે તે શ્રોતેન્દ્રિયને આભારી છે.

ટુંકમાં, સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે. (સ્પર્શ પારખવાનું કામ કરે છે.)
રસનેન્દ્રિયનો વિષય રસ-સ્વાદ છે. (રસ પારખવાનું કામ કરે છે.)
ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે. (ગંધ પારખવાનું કામ કરે છે.)
ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ છે. (રૂપ પારખવાનું કામ કરે છે.)
શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ છે. (શબ્દ પારખવાનું કામ કરે છે.)

એકેન્દ્રિય જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય છે, માટે તેઓ સ્પર્શ પારખવાનું કામ કરે છે, પણ રસ, ગંધ, રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. બેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય જ હોય છે માટે તેઓ સ્પર્શ અને રસ પારખી શકે છે, પણ ગંધ, રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. તેઈન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય હોય છે. માટે તેઓ સ્પર્શ, રસ અને ગંધ પારખી શકે છે. પણ રૂપ કે શબ્દ પારખી શકતાં નથી. ચઉરિન્દ્રિય જીવોને સ્પર્શેન્દ્રિય વગેરે ચાર ઈન્દ્રિયો હોય છે માટે તેઓ સ્પર્શ, રસ, ગંધ અને રૂપ પારખી શકે છે, પણ શબ્દ પારખી શકતા નથી. પંચેન્દ્રિય જીવોને પાંચેય ઈન્દ્રિયો હોય છે. માટે તેઓ સ્પર્શાદિ પાંચેય પારખી શકે છે.

**વિકલેન્દ્રિય :** જે જીવોને પાંચેય ઈન્દ્રિયો ન હોય, પરંતુ પાંચથી ઓછી (વિકલ) ઈન્દ્રિય હોય તે જીવોને વિકલેન્દ્રિય કહેવાય. સ્થાવરમાં એકેન્દ્રિય જીવોની વાત પતી ગઈ છે. અહીં ત્રસ જીવોની વાત ચાલે છે. માટે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય ને ચઉરિન્દ્રિય જીવોનો વિકલેન્દ્રિયમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**બેઈન્દ્રિય :** જે જીવોને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય-એમ બે જ ઈન્દ્રિયો હોય છે તે બેઈન્દ્રિય કહેવાય. દા.ત. : શંખ, કોડા, કોડી, અક્ષ, છીપ, ગંડોલા, જળો, અળસીયા, લાળીયા, મામણમુંડા, કરમિયા, પોરા, માતૃવાહ, વાળા, દ્વિદળ વગેરે બેઈન્દ્રિય જીવો છે.

**વિશેષ ઓળખ :** ગંડોલા દરિયામાં થતા શંખાદિ જેવાં જ જીવો છે. પેટમાં થતાં મોટાં કરમિયાને પણ ગંડોલા કહે છે. વાસી નરમ પુરી તથા દાળ, શાક, ભાત, રોટલા, રોટલી વગેરે રાંધેલા અન્ન વાસી રહેવાથી તેમાં લાળિયા જીવો ઉત્પન્ન થાય છે, લાકડામાં ધુણ થાય છે તેને મામણમુંડા કહે છે, પેટમાં તથા શરીરના બીજા પણ કેટલાક અવયવોમાં નાના કે મોટા કરમિયા થાય છે, મસામાં તેમ જ સ્ત્રીની યોનિમાં પણ એક જાતના જંતુઓ થાય છે, તે પણ એક જાતના કરમિયા જ છે, પાણીમાં લાલ રંગના અને કાળા મુખવાળા અથવા સફેદ રંગના પોરા થાય છે, ખરાબ પાણી પીવાથી માણસોના શરીરમાં વાળાના જીવો દાખલ થાય છે અને પછી હાથે-પગે લાંબા-લાંબા



તાંતણારૂપે બહાર નીકળે છે, કઠોળ અને કાચા ગોરસ (કાચા દૂધ, દહીં કે છાશ) ના મિશ્રણથી દ્વિદળના બેઈન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે.

**તેઈન્દ્રિય :** જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય - એમ ત્રણ જ ઈન્દ્રિયો હોય છે તે તેઈન્દ્રિય કહેવાય. દા.ત. : જૂ, લીખ, સાવા, કાનખજૂરા, માંકડ, ગીંગોડાની જાતો, કીડી, મંકોડા, ઊધઈ, ગદ્વૈયા, ઘીમેલ, ઈયળ, ધાન્યના કીડા (ધનેરા), વિષ્ટાના કીડા, છાણના કીડા, કંથવા, ગોપાલિક, ઈન્દ્રગોપ વગેરે તેઈન્દ્રિય જીવો છે.

**વિશેષ ઓળખ :** સાવા વાળના મૂળમાં ઉત્પન્ન થઈ ત્યાં જ ચોંટી રહે છે. નિમિત્ત-શાસ્ત્રના નિયમ પ્રમાણે ભાવિ કષ્ટ સૂચવનારા છે, ગીંગોડા કુતરાં વગેરેના કાનમાં ઘણી જાતના હોય છે, ઊધઈ જમીનમાં તેની રાણીના તાબામાં નગર વસાવીને રહે છે અને લાકડા, કાગળ, કપડાં વગેરે કોતરી ખાય છે, ગદ્વૈયા એટલે ચોર કીડા, તે અવાવરૂ ભીની જમીનમાં થાય છે, ઘીમેલ ખરાબ ઘીમાં થાય છે, ઈયળ ચોખા વગેરેમાં તથા ખાંડ, ગોળ વગેરેમાં ઉત્પન્ન થાય છે, ધનેરા ઘઉં વગેરે ધાન્યમાં થાય છે, વિષ્ટાના કીડા વિષ્ટા પડી હોય ત્યાં જમીનમાં ઉતરે છે અને ગોળ છિદ્રો કરે છે. તેનું બીજું નામ ઉત્તિંગ છે. કંથવા ખૂબ જ બારીક હોય છે, ઈન્દ્રગોપ ચોમાસાની શરૂઆતમાં લાલ રંગના થાય છે. તેને લોકો ઈન્દ્રની ગાય કે ગોકળગાય કહે છે. માથા વગરના દેખાતા હોવાથી લોકો મામણમુંડા, મમોલા કે વરસાદના મામા પણ કહે છે.

**વત્સ : ગુરૂજી ! માંકડ વગેરે રાત્રે બહાર નીકળે છે અને કીડી વગેરે ખાંડ તરફ ગતિ કરે છે, તેથી તેમને ચક્ષુ (આંખ) હશે જ ને ?**

**ગુરૂજી :** વત્સ ! માંકડ, કીડી વગેરે તેઈન્દ્રિય જીવો છે તેથી તેમને ચક્ષુ ન હોય. તેમની ઘ્રાણેન્દ્રિય સતેજ હોવાથી તેઓ અંધકારની અને ખાંડની ગંધને ખૂબ જ સારી રીતે પારખી શકે છે. અંધકારની ગંધને પારખીને માંકડ રાત્રે બહાર નીકળે છે તથા ખાંડની ગંધને પારખીને કીડીઓ તે તરફ દોડે છે.

**ચઉરિન્દ્રિય :** જે જીવોને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય-એમ ચાર ઈન્દ્રિયો હોય છે તે ચઉરિન્દ્રિય કહેવાય. દા.ત. : વીંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયો, ખડમાંકડી, પતંગિયું, આગિયો વગેરે ચઉરિન્દ્રિય જીવો છે.

**વિશેષ ઓળખ :** બગાઈ પશુ ઉપર હોય છે, ખડમાંકડી શરીર ઉપર મૂતરી જાય તો ફોલ્લા થઈ જાય છે. તેને ઉડતો ઘોડો, તીતીઘોડો કે કુકડી મુકડી પણ કહે છે.

વિકલેન્દ્રિય જીવો **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** – એમ બે પ્રકારે હોવાથી કુલ છ ભેદ થાય છે :

**(૧) પર્યાપ્તા બેઈન્દ્રિય (૨) અપર્યાપ્તા બેઈન્દ્રિય**

**(૩) પર્યાપ્તા તેઈન્દ્રિય (૪) અપર્યાપ્તા તેઈન્દ્રિય**

**(૫) પર્યાપ્તા ચઉરિન્દ્રિય (૬) અપર્યાપ્તા ચઉરિન્દ્રિય**

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) સ્પર્શેન્દ્રિયનો વિષય ...... છે. (૨) રસનેન્દ્રિય ...... પારખવાનું કામ કરે છે. (૩) ...... નો વિષય ગંધ છે. (આમ પાંચેય ઈન્દ્રિયો માટે કોઈ પણ રીતે ખાલી જગ્યા પૂછી શકાય.) (૪) પેટમાં થતાં મોટાં કરમિયાને ...... પણ કહે છે. (૫) વાસી નરમ પુરી વગેરેમાં તથા વાસી રાંધેલ અન્નમાં ...... જીવો ઉત્પન્ન થાય છે. (૬) ...... વાળના મૂળમાં ઉત્પન્ન થઈ ત્યાં જ ચોંટી રહે છે. (૭) ...... કુતરાં વગેરેના કાનમાં હોય છે. (૮) ...... ખરાબ ઘીમાં થાય છે. (૯) ...... પશુ ઉપર હોય છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ લખો :**

(૧) પાંચ ઈન્દ્રિયના નામ લખો. (૨) એકેન્દ્રિય જીવોને કઈ કઈ ઈન્દ્રિય હોય છે ? (આ રીતે બેઈન્દ્રિય વગેરે માટે પણ પૂછી શકાય.) (૩) એકેન્દ્રિય જીવો શું પારખી શકે ? શું ન પારખી શકે ? (આ રીતે બેઈન્દ્રિય વગેરે માટે પણ પૂછી શકાય.) (૪) વિકલેન્દ્રિયમાં કયા ત્રણ જીવભેદોનો સમાવેશ થાય છે ? શા માટે ? (૫) લાળિયા જીવો ક્યાં ઉત્પન્ન થાય છે ? (૬) પોરા ક્યાં ઉત્પન્ન થાય છે અને કેવા હોય છે ? (૭) વાળાના જીવો કેવી રીતે ઉત્પન્ન થાય છે અને કેવા હોય છે ? (૮) દ્વિદળની ઉત્પત્તિ સમજાવો. (૯) ઉધઈ વિશે લખો. (૧૦) ગદ્ધૈયાનું બીજું નામ લખો. તે ક્યાં ઉત્પન્ન થાય છે ? (૧૧) ઈયળ તથા ધનેરા ક્યાં ઉત્પન્ન થાય છે ? (૧૨) ઈન્દ્રગોપનાં બીજા નામ લખો. (૧૩) ખડમાંકડીના બીજા નામ લખો. (૧૪) માંકડ વગેરે રાત્રે બહાર નીકળે છે તથા કીડી વગેરે ખાંડ તરફ ગતિ કરે છે તેથી તેમને ચક્ષુરિન્દ્રિય હશે ને ? સમજાવો. (૧૫) વિકલેન્દ્રિયના કુલ કેટલા ભેદ થયા ? કયા કયા ? લખો.

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :**

(૧) વિકલેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઈન્દ્રિય (૪) ચઉરિન્દ્રિય

**પ્રશ્ન-૪. નીચેના જીવભેદોના પાંચ-પાંચ ઉદાહરણ લખો :**


(૧) બેઈન્દ્રિય (૨) તેઈન્દ્રિય (૩) ચઉરિન્દ્રિય

**પ્રશ્ન-૫. નીચેના જીવો કયા જીવભેદમાં આવે તે લખો :**

આ પાઠમાં આપેલ કોઈ પણ ઉદાહરણ પૂછી શકાય.)



# પાઠ-૮ : પંચેન્દ્રિય તિર્યંચ




**પંચેન્દ્રિય તિર્યંચો ત્રણ પ્રકારના છે :**

**૧. જલચર ૨. સ્થલચર ૩. ખેચર**

**૧. જલચર :** જે પંચેન્દ્રિય તિર્યંચો કુવા, વાવ, તળાવ, નદી, સમુદ્રાદિ જળાશયોમાં જીવન ચલાવી શકે છે તેઓ જલચર કહેવાય છે. મોટા મગરમચ્છો, મગર, કાચબા, માછલા, ગ્રાહ (ગ્રાહને ઝુડ કહે છે-હાથીને પણ ખેંચી જાય તેવું ઘણું જ બળવાન તાંતણાના આકારનું જળચર પ્રાણી છે.) વગેરે.

**૨. સ્થલચર :** જે પંચેન્દ્રિય તિર્યંચો જળાશયમાં જીવન ચલાવી શકતા નથી તેમજ આકાશમાં ય ઊડી શકતા નથી, પરંતુ જમીન ઉપર જીવન ચલાવે છે તેઓ સ્થલચર કહેવાય છે. આવા **સ્થલચર તિર્યંચો ત્રણ પ્રકારના હોય છે :**

**(૧) ચતુષ્પદ :** ચાર પગવાળા ગાય, બળદ, હાથી, ઘોડા, ભેંસ, વાઘ, સિંહ, ચિત્તા, દિપડા, હરણ, કુતરા, ગધેડા, ઊંટ, બકરા, ભૂંડ વગેરે.

**(૨) ઉરપરિસર્પ :** પેટ વડે ચાલનારા-સર્પ, અજગર, નાગ (ફણાવાળો સર્પ, આશીવિષ સર્પ (દાઢમાં ઝેર હોય છે), દૃષ્ટિવિષ સર્પ, ઉગ્રવિષ સર્પ, ભોગવિષ સર્પ (શરીરમાં ઝેર હોય છે), ત્વગ્વિષ સર્પ, નિઃશ્વાસવિષ સર્પ, આસાલિક સર્પ (તે સંમૂર્ચ્છિમ હોય છે અને ૧૫ કર્મભૂમિમાં જ થાય છે) વગેરે.

**(૩) ભુજપરિસર્પ :** હાથ વડે ચાલનારા-નોળિયા, ઉંદર, ખિસકોલી, ગરોળી, ચંદનઘો, વાંદરા વગેરે.

**૩. ખેચર :** જે પંચેન્દ્રિય તિર્યંચો આકાશમાં ઊડી શકે છે તેઓ ખેચર કહેવાય છે. તેમાં કેટલાક (લોમજ) રૂંવાટાની પાંખવાળા હોય છે-જેમ કે ચકલા, પોપટ, મોર, કાગડા, ગીધ, કબૂતર, હંસ, સારસ, ઘુવડ વગેરે. અને કેટલાક ચામડાની પાંખવાળા

હોય છે-જેમ કે ચામાચિડિયા, બાગોળ, વડવાગોળ, સમુદ્રના કાગડા, ભારંડ પક્ષી વગેરે. વળી મનુષ્ય લોકની બહાર (૨ાા દ્વિપની બહાર) કેટલાક એવા પક્ષીઓ છે કે તેઓ ઊડે ત્યારે પણ તેમની પાંખો સંકોચાયેલી (ખુલ્લી નહીં, પણ બેઠેલા પક્ષીની જેમ સંકોચાયેલી) જ હોય છે. અને કેટલાક એવા પક્ષીઓ છે, કે તેઓ ઊડતા હોય કે બેઠેલા હોય ત્યારે પણ તેમની પાંખો ઊઘાડી જ હોય છે-પહોળી કરેલી જ હોય છે. આ પક્ષીઓના જન્મ અને મરણ આકાશમાં જ થાય છે, એ વાત આપણાં પૂર્વાચાર્યો પરંપરાથી કહેતા આવ્યાં છે.

ઉપરના પાંચેય **ગર્ભજ** અને **સંમૂર્ચ્છિમ** – એમ બે પ્રકારે હોવાથી દશ ભેદ થાય. તથા તે સર્વે **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** – એમ બે ભેદે હોવાથી **પંચેન્દ્રિય તિર્યંચના કુલ ૨૦ ભેદ થાય છે, જે નીચે મુજબ છે :**

| | |
|---|---|
| (૧) પર્યાપ્તા ગર્ભજ જલચર | (૨) અપર્યાપ્તા ગર્ભજ જલચર |
| (૩) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જલચર | (૪) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જલચર |
| (૫) પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ | (૬) અપર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ |
| (૭) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | (૮) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ |
| (૯) પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ | (૧૦) અપર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ |
| (૧૧) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | (૧૨) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ |
| (૧૩) પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ | (૧૪) અપર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ |
| (૧૫) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | (૧૬) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ |
| (૧૭) પર્યાપ્તા ગર્ભજ ખેચર | (૧૮) અપર્યાપ્તા ગર્ભજ ખેચર |
| (૧૯) પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર | (૨૦) અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર |

આમાં જલચર વગેરે પાંચેયના ૪-૪ ભેદ થાય છે. સ્થલચરના ૧૨ ભેદ થાય છે. પર્યાપ્તા અને અપર્યાપ્તાના ૧૦-૧૦ ભેદ થાય છે.

**વત્સ : ગુરૂજી ! ગર્ભજ અને સંમૂર્ચ્છિમની વ્યાખ્યા સમજાવશો ?**

**ગુરૂજી :** વત્સ ! માતાના ગર્ભ દ્વારા જન્મે તે ગર્ભજ કહેવાય. (ચંદનઘો, સર્પ, કાગડા, ચકલી, હાથી, ઉંદર, ગાય, ભેંસ, મનુષ્ય વગેરે ગર્ભજ જીવો છે.) માતાના ગર્ભ વિના જ અમુક પ્રકારના સંયોગો મળવાથી ઉત્પન્ન થાય છે તે સંમૂર્ચ્છિમ કહેવાય. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના જીવો સંમૂર્ચ્છિમ હોય છે. તથા માછલા વગેરે ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બન્ને પ્રકારે હોય છે.

એકેન્દ્રિય અને બેઈન્દ્રિય જીવો પોતાની ઉત્પત્તિને યોગ્ય અમુક પ્રકારના સંજોગો મળી જતાં લગભગ પોતાની સ્વજાતિના જીવોની આસપાસ ઉત્પન્ન થઈ જાય છે. તેઈન્દ્રિય જીવો સ્વજાતિના મળ-વિષ્ટા વગેરેમાંથી ઉત્પન્ન થઈ જાય છે. ચઉરિન્દ્રિય



જીવો સ્વજાતિના જીવોની લાળ, મળ વગેરેમાંથી ઉત્પન્ન થાય છે.

**ગર્ભજ જીવો ત્રણ પ્રકારના હોય છે : ૧. અંડજ** (ઈંડામાંથી પેદા થાય તે-જેમ કે સર્પ, ચકલા, કાગડા, ચંદનઘો, કાચબો, ગરોળી વગેરે.) **૨. પોતજ** (ખુલ્લા અંગે સીધા બચ્ચારૂપે જન્મે તે-જેમ કે હાથી, સસલું, વાગોળ, ચામાચિડિયા, નોળિયો, ઉંદર વગેરે.) **૩. જરાયુજ** (પેદા થનાર બચ્ચુ લોહી-માંસથી ભરેલ એક પ્રકારની જાળમાં લપેટાયેલું હોય છે, જેને ઓર કહે છે-જેમ કે મનુષ્ય, ગાય, ભેંસ, બકરી, બળદ, ઘેટાં વગેરે.)

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) જલચરના ......, સ્થલચરના ...... અને ખેચરના ...... ભેદ છે. (૨) સ્થલચરમાં ચતુષ્પદના ......, ઉરપરિસર્પના ......અને ભુજપરિસર્પના ......ભેદ છે. (૩) પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ......અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ...... ભેદ છે. (૪) પંચેન્દ્રિય તિર્યંચના ...... અને તિર્યંચના ...... ભેદ છે. (૫) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચના ...... અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચના ......ભેદ છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ આપો :**

(૧) લોમજ ખેચરના પાંચ ઉદાહરણ આપો. (૨) ચામડાની પાંખવાળા પક્ષીઓના પાંચ ઉદાહરણ આપો. (૩) કઈ વાત આપણાં પૂર્વાચાર્યો પરંપરાથી કહેતાં આવ્યાં છે ? (૪) ખેચરના કેટલાં ભેદ થાય ? કયા કયા ? (આ રીતે સ્થલચર, ચતુષ્પદ વગેરે માટે પણ પૂછી શકાય.) (૫) પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના કેટલાં ભેદ થાય ? કયા કયા ? (આ રીતે અપર્યાપ્તા માટે પણ પૂછી શકાય.) (૬) તિર્યંચના કેટલા ભેદ ? કેવી રીતે ?

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો અને પાંચ પાંચ ઉદાહરણ આપો :**

(૧) જલચર (૨) સ્થલચર (૩) ચતુષ્પદ (૪) ઉરપરિસર્પ (૫) ભુજપરિસર્પ (૬) ખેચર (૭) ગર્ભજ (૮) સંમૂર્ચ્છિમ (૯) અંડજ (૧૦) પોતજ (૧૧) જરાયુજ

**પ્રશ્ન-૪. નીચેના જીવો કયા જીવભેદમાં આવે તે જણાવો :**

(પાઠમાંથી કોઈ પણ પૂછી શકાશે.)

# પાઠ-૯ : મધ્યલોક

મનુષ્યોના જન્મ અને મરણ મધ્યલોકમાં આવેલ મનુષ્યલોકમાં જ થાય છે. માટે મનુષ્યોના ભેદોની વિચારણાં કરતાં પહેલા મધ્યલોકનું જ્ઞાન મેળવી લઈએ.

મધ્યલોક એક રાજ પ્રમાણ તીર્ચ્છા વિસ્તારવાળો છે. તેથી તેને તિર્ચ્છાલોક કે તિર્યગ્લોક પણ કહેવામાં આવે છે. તેમાં અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્ર આવેલા છે.

મધ્યલોકની બરાબર મધ્યમાં જંબૂદ્વીપ આવેલો છે. તે એક લાખ યોજનના વિસ્તારવાળો (લાંબો-પહોળો) તથા દેખાતાં પૂર્ણિમાના ચન્દ્ર જેવો કે રોટલી જેવો ગોળાકાર છે.

જંબૂદ્વીપની ફરતે બે લાખ યોજનના વિસ્તારવાળો લવણસમુદ્ર આવેલો છે. તેની ફરતે અનુક્રમે નીચે જણાવેલ નામોવાળા અને ડબલ ડબલ વિસ્તારવાળા દ્વીપ અને સમુદ્રો આવેલા છે.

**જંબૂદ્વીપ - લવણ સમુદ્ર - ધાતકી ખંડ - કાલોદધિ સમુદ્ર**

**પુષ્કરવર દ્વીપ - પુષ્કરવર સમુદ્ર - વરુણવર દ્વીપ-વરુણવર સમુદ્ર**

**ક્ષીરવર દ્વીપ - ક્ષીરવર સમુદ્ર - ધૃતવર દ્વીપ - ધૃતવર સમુદ્ર**

**ઈક્ષુવર દ્વીપ - ઈક્ષુવર સમુદ્ર - નંદીશ્વર દ્વીપ - નંદીશ્વર સમુદ્ર**

આ રીતે સરખા જ નામવાળા દ્વીપ-સમુદ્ર વારાફરતી આવ્યા કરે છે. વળી હવે જે-જે દ્વીપનાં નામ આવશે તેને **'વર'** અને **'વરાવભાસ'** લગાડવાથી જે નામ બને તે નામવાળા દ્વીપ સમુદ્રો અનુક્રમે જાણવા. (તેને **ત્રિપ્રત્યવતારતા** કહે છે) તે આ રીતે :

(નંદીશ્વર સમુદ્રને ફરતો) **અરૂણ દ્વીપ - અરૂણ સમુદ્ર - અરૂણવર દ્વીપ - અરૂણવર સમુદ્ર - અરૂણ વરાવભાસ દ્વીપ - અરૂણવરાવભાસ સમુદ્ર**

આ પછી અનુક્રમે કુંડલ, શંખ, રૂચક, ભુજગ, કુશ, કૌંચ અને ત્યાર પછી ઉત્તમ વસ્તુઓના નામોવાળા અને શુભશાશ્વતા પદાર્થોના નામોવાળા અસંખ્ય-અસંખ્ય દ્વીપ-સમુદ્રો વારાફરતી ત્રિપ્રત્યવતારતા વડે જાણવાં.

આ રીતે અસંખ્ય દ્વીપ-સમુદ્રો ગયા પછી બીજો એક જંબૂદ્વીપ નામે દ્વીપ આવે છે. એમ દરેક દ્વીપ-સમુદ્રોના નામવાળા જ દ્વીપ-સમુદ્રો અસંખ્યાત-અસંખ્યાત દ્વીપ-સમુદ્રો ગયા પછી ફરી-ફરી આવે છે. તેથી જંબૂદ્વીપ આદિ તમામ દ્વીપ-સમુદ્રોના નામવાળા જ બીજા અસંખ્ય-અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલા છે. અર્થાત્ કુલ જંબૂદ્વીપ નામવાળા દ્વીપો અસંખ્ય છે, કુલ લવણ સમુદ્ર નામવાળા સમુદ્રો અસંખ્ય છે. એ રીતે દરેક દ્વીપ-સમુદ્રોના નામવાળા દ્વીપો અને સમુદ્રો અસંખ્ય-અસંખ્ય આવેલા છે. વળી દરેક નામોમાં ત્રિપ્રત્યવતારતા પણ સમજી જ લેવી.


આ રીતે કરતાં **છેલ્લી ત્રિપ્રત્યવતારતામાં સૂર્યદ્વીપ, સૂર્યસમુદ્ર, સૂર્યવરદ્વીપ, સૂર્યવરસમુદ્ર, સૂર્યવરાવભાસ દ્વીપ, સૂર્યવરાવભાસ સમુદ્ર** આવે છે. તે પછી છેલ્લા પાંચ દ્વીપ અને પાંચ સમુદ્ર છે. તેમાં ત્રિપ્રત્યવતારતા નથી. તે આ પ્રમાણે :



**દેવદ્વીપ - દેવસમુદ્ર - નાગદ્વીપ - નાગસમુદ્ર - યક્ષદ્વીપ - યક્ષસમુદ્ર - ભૂતદ્વીપ - ભૂતસમુદ્ર - સ્વયંભૂરમણ દ્વીપ - સ્વયંભૂરમણ સમુદ્ર** - એ પછી અલોક આવે છે.

ખાસ ધ્યાનમાં રાખવું કે - ઉત્તર-ઉત્તરના (પછી-પછીના) સમુદ્ર કે દ્વીપનો વિસ્તાર, પૂર્વ-પૂર્વના દ્વીપ કે સમુદ્રનો વિસ્તાર કરતાં ડબલ ડબલ હોય છે. વળી જંબૂદ્વીપ દેખાતા પૂર્ણિમાનાં ચન્દ્ર જેવો ગોળ છે જ્યારે બાકીના તમામ સમુદ્ર અને દ્વીપો બંગડીની જેમ વલયાકારે છે.

**મધ્યલોકનું ચિત્ર**




**ચિત્રમાં જે ૧-૨-૪ વગેરે આંકડા બતાવ્યાં છે, તેટલા લાખ યોજનનો વિસ્તાર તે તે દ્વીપ કે સમુદ્રનો જાણવો. છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર પછી ખુલ્લું આકાશ આવે છે, તે અલોકાકાશ છે.**

**વત્સ : ગુરૂજી ! મધ્યલોકની ઊંચાઈ કેટલી છે ?**

**ગુરૂજી :** વત્સ ! મધ્યલોકની મધ્યમાં જંબૂદ્વીપ આવેલ છે. તેની મધ્યમાં મેરૂપર્વત આવેલ છે. મેરૂપર્વતની અંદરના કંદના (મૂળના) ઉર્ધ્વ ભાગમાં ગાયના સ્તનની જેમ ૪ + ૪ = ૮ રૂચક પ્રદેશો આવેલા છે. તે ચોરસ રૂચકના નામથી ઓળખાય છે. તે સમભૂતલા પણ કહેવાય છે. વળી તે એક રાજ પ્રમાણ મધ્યલોકનો બરાબર મધ્યનો ભાગ છે. આ રૂચકની અપેક્ષાએ ઉપરના ૯૦૦ યોજન અને નીચેના ૯૦૦ યોજન મધ્યલોકમાં ગણાય છે. તેથી મધ્યલોકની ઊંચાઈ ૧૮૦૦ યોજન છે.

## <u>સ્વાધ્યાય</u>

**પ્રશ્ન-૧. નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) મનુષ્યના જન્મ અને મરણ ...... લોકમાં જ થાય છે. (૨) મધ્યલોક ...... પ્રમાણ તિર્ચ્છા વિસ્તારવાળો છે. (૩) મધ્યલોકને ...... કે ...... પણ કહેવામાં આવે છે. (૪) મધ્યલોકની મધ્યમાં ...... દ્વીપ આવેલો છે. (૫) જંબૂદ્વીપનો વિસ્તાર ...... પ્રમાણ છે. (૬) જંબૂદ્વીપને ફરતે ...... વિસ્તારવાળો ...... સમુદ્ર આવેલ છે. (૭) આઠમા દ્વીપનું નામ ...... છે. (૮) તિર્યગ્ લોકમાં ...... દ્વીપ-સમુદ્રો છે. (૯) જંબૂદ્વીપ નામવાળા કુલ ...... દ્વીપો છે. (૧૦) મધ્યલોકની ઊંચાઈ ...... છે.


**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો :**

(૧) મધ્યલોકના બીજા નામ લખો. (૨) મધ્યલોકને તિર્ચ્છાલોક કે તિર્યગ્લોક શા માટે કહેવામાં આવે છે ? (૩) જંબૂદ્વીપનો વિસ્તાર કેટલો છે અને આકાર કેવો છે ? (૪) શરૂના આઠ દ્વીપ અને આઠ સમુદ્રના નામ લખો. (૫) ત્રિપ્રત્યવતારતા એટલે શું ? દૃષ્ટાંત સાથે જણાવો. (૬) અરૂણવરાવભાસ સમુદ્રથી માંડીને બીજા જંબૂદ્વીપની વચ્ચે કયા કયા દ્વીપ-સમુદ્રો આવેલા છે ? (૭) છેલ્લી ત્રિપ્રત્યવતારતામાં કયા કયા દ્વીપ-સમુદ્રો આવેલાં છે ? (૮) છેલ્લા પાંચ દ્વીપ અને પાંચ સમુદ્રોના નામ લખો. (૯) કોઈ પણ દ્વીપ કે સમુદ્રનો વિસ્તાર તેની પૂર્વના અને પછીના સમુદ્ર કે દ્વીપની અપેક્ષાએ કેટલો હોય છે ? (૧૦) મધ્યલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે, તે દરેકનો આકાર કેવો છે ? (૧૧) મધ્યલોકનો વિસ્તાર અને ઊંચાઈ કેટલી છે ? (૧૨) મધ્યલોકનો મધ્ય ભાગ ક્યાં આવેલો છે ? (૧૩) સમભૂતલાથી મધ્યલોકની ઉપર-નીચે ઊંચાઈ કેટલી-કેટલી છે ?



# પાઠ-૧૦ : મનુષ્યના ૩૦૩ ભેદ

પહેલો જંબૂદ્વીપ, બીજો ધાતકીખંડ અને ત્રીજો પુષ્કરવર દ્વીપ છે. પુષ્કરવરદ્વીપના મધ્યમાં ગોળાકારે (વલયાકારે) માનુષોત્તર પર્વત આવેલ હોવાથી તેના બે ભાગ પડી જાય છે. તેથી જંબૂદ્વીપ, ધાતકીખંડ અને અડધો પુષ્કરવરદ્વીપ મળીને અઢીદ્વીપ થાય છે. મનુષ્યોના જન્મ અને મરણ આ અઢીદ્વીપમાં જ થતાં હોવાથી તે મનુષ્યલોક તરીકે ઓળખાય છે.





આ મનુષ્યલોક ૪૫ લાખ યોજનના વિસ્તારવાળો છે, તે નીચે પ્રમાણે :

| | | | |
|---|---|---|---|
| જંબૂદ્વીપ | - | ૧ | લાખ યોજન |
| લવણ સમુદ્ર | - | ૨+૨=૪ | લાખ યોજન |
| ધાતકી ખંડ | - | ૪+૪=૮ | લાખ યોજન |
| કાલોદધિ સમુદ્ર | - | ૮+૮=૧૬ | લાખ યોજન |
| અડધો પુષ્કરવરદ્વીપ | - | <u>૮+૮=૧૬</u> | લાખ યોજન |
| | **કુલ -** | **૪૫** | **લાખ યોજન** |

**મનુષ્યોને ઉત્પન્ન થવાના ૧૦૧ ક્ષેત્રો છે,** તેમાં ૯ જંબૂદ્વીપમાં + ૧૮ ધાતકી ખંડમાં + ૧૮ પુષ્કરાર્ધ દ્વીપમાં + ૫૬ લવણ સમુદ્રમાં આવેલ છે, જે ચિત્રો દ્વારા બરાબર સમજી લઈએ.

## જંબૂદ્વીપનું ચિત્ર




ઉપરના જંબૂદ્વીપના ચિત્રમાં જોશો તો જણાશે કે કુલ ૯ ક્ષેત્રો છે. (૧) ભરત ક્ષેત્ર (૨) હિમવંત ક્ષેત્ર (૩) હરિવર્ષ ક્ષેત્ર (૪) મહાવિદેહ ક્ષેત્ર (૫) દેવકુરૂ ક્ષેત્ર (૬) ઉત્તરકુરૂ ક્ષેત્ર (૭) રમ્યક્ ક્ષેત્ર (૮) હિરણ્યવંત ક્ષેત્ર (૯) ઐરવત ક્ષેત્ર.

વળી, લઘુહિમવંત પર્વત અને શિખરી પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રમાં દાઢના આકારે બે-બે ટુકડા નીકળે છે. તેથી કુલ આઠ ટુકડા થાય. દરેક ટુકડામાં ૭-૭ દ્વીપો આવેલા છે. આમ ૫૬ અંતર્દ્વીપ થાય છે. આ દ્વીપોની ચારે બાજુ પાણી હોવાથી તે અંતર્દ્વીપ તરીકે ઓળખાય છે.




## ધાતકી ખંડનું ચિત્ર




ઉપરના ધાતકી ખંડના ચિત્રમાં જોશો તો ખ્યાલ આવશે કે દક્ષિણ અને ઉત્તરમાં રહેલા ઈષુકાર પર્વતોના કારણે ધાતકી ખંડના બે વિભાગ (૧. પૂર્વ ધાતકી ખંડ અને ૨. પશ્ચિમ ધાતકી ખંડ) પડી ગયા છે. આ બન્નેય ધાતકી ખંડમાં જંબૂદ્વીપની માફક ૯-૯ ક્ષેત્રો આવેલા છે. તેથી કુલ ૧૮ ક્ષેત્રો થાય છે. તેઓના નામ પણ જંબૂદ્વીપ પ્રમાણે જ છે, જે નીચે મુજબ છે :

બે ભરત ક્ષેત્ર, બે હિમવંત ક્ષેત્ર, બે હરિવર્ષ ક્ષેત્ર, બે મહાવિદેહ ક્ષેત્ર, બે દેવકુરૂ ક્ષેત્ર, બે ઉત્તરકુરૂ ક્ષેત્ર, બે રમ્યક્ ક્ષેત્ર, બે હિરણ્યવંત ક્ષેત્ર, બે ઐરવત ક્ષેત્ર.

# પુષ્કરવર દ્વીપનું ચિત્ર




ઉપરનું ચિત્ર જોતાં ખ્યાલ આવશે કે પુષ્કરવર દ્વીપની મધ્યભાગમાં વલાકારે (બંગડી આકારે) માનુષોત્તર પર્વત આવેલો છે. આથી પુષ્કરવર દ્વીપના બે વિભાગ (૧. બાહ્ય પુષ્કરાર્ધ દ્વીપ અને ૨. અભ્યન્તર પુષ્કરાર્ધ દ્વીપ) પડી જાય છે. તેમાં અભ્યન્તર પુષ્કરાર્ધ દ્વીપમાં ધાતકી ખંડની માફક જ નવ-નવ ક્ષેત્રો આવેલા છે. તેમના નામ પણ ધાતકી ખંડની માફક જ સમજી લેવાં. ચિત્રમાં મહાવિદેહ ક્ષેત્રમાં આવેલ ઉત્તરકુરૂ ક્ષેત્ર, દેવકુરૂ ક્ષેત્ર બતાવ્યું નથી પણ તે ધાતકી ખંડની માફક જ સમજી લેવું.



**અઢી દ્વીપ (મનુષ્ય લોક) ના કુલ ક્ષેત્ર :**

| ક્ષેત્ર નામ | જંબૂદ્વીપમાં | | ધાતકી ખંડમાં | | અભ્યન્તર પુષ્કરાર્ધમાં | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ભરત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| હિમવંત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| મહાવિદેહ ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| દેવકુરૂ ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| ઉત્તર કુરૂ ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| રમ્યક્ ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| હિરણ્યવંત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| ઐરવત ક્ષેત્ર | ૧ | + | ૨ | + | ૨ | = | ૫ |
| કુલ | ૯ | + | ૧૮ | + | ૧૮ | = | ૪૫ |
| | તેમજ લવણ સમુદ્રમાં આવેલ ૫૬ અંતર્દ્વીપ | | | | | = | ૫૬ |
| | | | | | | | **૧૦૧** |

ઉપરનો કોઠો જોતાં ખ્યાલ આવશે કે ૨।। દ્વીપમાં મળીને ભરત ક્ષેત્ર આદિ દરેક ક્ષેત્રો કુલ ૫-૫ની સંખ્યામાં છે. આમાં ૫ ભરત ક્ષેત્ર + ૫ મહાવિદેહ ક્ષેત્ર + ૫ ઐરવત ક્ષેત્ર = **૧૫ ક્ષેત્રોને કર્મભૂમિ** કહેવામાં આવે છે. અને ૫ હિમવંત + ૫ હરિવર્ષ + ૫ દેવકુરૂ + ૫ ઉત્તરકુરૂ + ૫ રમ્યક્ + ૫ હિરણ્યવંત = ૩૦ ક્ષેત્રોને અકર્મભૂમિ કહેવામાં આવે છે.

**કર્મભૂમિ :** જ્યાં અસિ (શસ્ત્ર), મસિ (વ્યાપાર), કૃષિ (ખેતી) પ્રવર્તતા હોય અથવા જ્યાં મોક્ષમાર્ગ પ્રવર્તતો હોય તેવા ક્ષેત્રને કર્મભૂમિ કહેવામાં આવે છે.

**અકર્મભૂમિ :** જે ક્ષેત્રોમાં ક્યારેય અસિ, મસિ, કૃષિનો વ્યવહાર હોય જ નહિ તેમજ મોક્ષમાર્ગ પણ પ્રવર્તતો ન હોય, પરંતુ યુગલિક અને કલ્પવૃક્ષની વ્યવસ્થા હોય છે તે અકર્મભૂમિ કહેવાય છે. યુગલિકો ઈચ્છિત વસ્તુ કલ્પવૃક્ષ પાસેથી મેળવી લે છે.

જો કે અંતર્દ્વીપમાં પણ અકર્મભૂમિની જેમ યુગલિકાદિ વ્યવસ્થા છે. છતાં તે

લવણ સમુદ્રમાં હોવાથી તેની ચારે બાજુ પાણી છે, તેથી અંતર્દ્વીપના અલગ નામથી ઓળખાય છે.

આમ મનુષ્યલોકમાં ૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મભૂમિ + ૫૬ અંતર્દ્વીપ મળી કુલ ૧૦૧ ક્ષેત્રો આવેલા છે. આ ૧૦૧ ક્ષેત્રોમાં મનુષ્યોનો વસવાટ હોવાથી મનુષ્યના ૧૦૧ ભેદ થાય. આ મનુષ્યો બે પ્રકારે છે : **(૧) ગર્ભજ અને (૨) સંમૂચ્છિર્મ.** આમાં ગર્ભજ મનુષ્યો પર્યાપ્તા અને અપર્યાપ્તા - એમ બે ભેદે છે. જ્યારે સંમૂચ્છિર્મ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે. (પર્યાપ્તા હોતા નથી.) તેથી **૧૦૧ પર્યાપ્તા ગર્ભજ મનુષ્યો + ૧૦૧ અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યો + ૧૦૧ અપર્યાપ્તા અપર્યાપ્તા સંમૂચ્છિર્મ મનુષ્યો = મનુષ્યના કુલ ૩૦૩ ભેદ થાય છે.**

**વત્સ : ગુરૂજી ! સંમૂચ્છિર્મ મનુષ્યો ક્યાં હોય છે ? મેં તો કોઈ દિવસ જોયા જ નથી.**

**ગુરૂજી :** વત્સ ! સંમૂચ્છિર્મ મનુષ્યોની અવગાહના (ઊંચાઈ) અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોવાથી તે ચર્મચક્ષુથી કે સૂક્ષ્મદર્શક યંત્ર વગેરે સાધનોથી પણ દેખી શકાતાં નથી.

સંમૂચ્છિર્મ મનુષ્યો માનવની અશુચિમાં પેદા થતા હોવાથી તે માનવની અશુચિમાં હોય છે.

મનુષ્યના શરીરથી છૂટા પડેલા મળ (વિષ્ટા), મૂત્ર, કાનનો મેલ, આંખનો મેલ (પીયા), નાકનો મેલ (સેડા કે ગુંગા), કફ, થૂંક, પિત્ત, ઊલ્ટી, એંઠવાડ, નખનો મેલ, શરીરનો મેલ, લોહી, પરૂ, માંસ, ચામડી વગેરે કોઈ પણ અશુચિમાં ૪૮ મીનીટ પસાર થયે અસંખ્ય સંમૂચ્છિર્મ મનુષ્યો ઉત્પન્ન થાય છે અને તેમાં તેમના જન્મ-મરણની પરંપરા પણ ચાલ્યા કરતી હોય છે.

સંમૂચ્છિર્મ મનુષ્ય પંચેન્દ્રિય જીવ છે, માટે તેને પાંચેય ઈન્દ્રિયો હોય છે, પરંતુ મન હોતું નથી. મન વિનાના જીવો અસંજ્ઞી કહેવાય છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂચ્છિર્મ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમૂચ્છિર્મ મનુષ્ય - આ બધા ય જીવો સંમૂચ્છિર્મ છે અને મન વિનાના હોઈ અસંજ્ઞી પણ છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, દેવો અને નારકોને મન હોવાથી તે સંજ્ઞી કહેવાય છે.

**સંજ્ઞી :** જે જીવોને મન હોય તે જીવો સંજ્ઞી કહેવાય.

**અસંજ્ઞી :** જે જીવોને મન ન હોય તે અસંજ્ઞી કહેવાય.

**અસંખ્ય સંમૂચ્છિર્મ મનુષ્યોની હિંસાથી બચવા માટે નીચે મુજબ કાળજી રાખો :**



૧) નાક, કાન, નખ, શરીર વગેરેનો મેલ કાઢવો નહિ. જો કાઢો તો ચૂનો, રખ્યા કે ધૂળમાં મસળીને મિક્ષ કરી દેવો.

૨) જ્યાં ત્યાં થૂંકવું નહિ, જો થૂંકવું જ પડે, તો કીડી વગેરે ન હોય તેવી ધૂળમાં થૂંક્યા બાદ થૂંકને રેતીમાં બરાબર મિક્ષ કરી દેવું.

૩) શરદી થઈ હોય તો જ્યાં-ત્યાં લીંટ નાખવી નહિ. ખેરીયામાં (વસ્ત્રના ટુકડામાં) લીંટ લઈને ઘસી નાખવી. થોડી વારમાં ખેરીયું સૂકાઈ જાય તેમ ખુલ્લું મૂકવું.

૪) નગરની વહી જતી ખાળ, ગટર વગેરેમાં કંઈ વસ્તુ નાખવી નહિ. કેમકે તેમાં માનવોના અશુચિ વગેરે હોવાથી અસંખ્ય સંમૂચ્છિર્મની પરંપરાનો સંભવ છે.

૫) સ્નાનનું પાણી કે ધોયેલ વસ્ત્રાદિનું પાણી ગટરમાં ન જવા દેવું. ખુલ્લા સ્થાનમાં સૂકાઈ જાય તે રીતે ઉપયોગ રાખવો જોઈએ. કુવા, નદી, તળાવ વગેરેના કિનારે બેસીને કપડાં ન ધોવાં, સ્નાન ન કરવું.

૬) સ્નાનનું પાણી, એઠું પાણી, પગ વગેરે ધોયેલ પાણી ચોકના એક સ્થાને પડ્યું ન રહે તેનો ઉપયોગ રાખવો. જો બે ઘડીમાં બધું ન સૂકાય તો સંમૂચ્છિર્મ મનુષ્યોની ઉત્પત્તિનો સંભવ છે. ઘણીવાર પત્થરના નાના-નાના ખાડા-ખાંચામાં પાણી રહી જાય છે. તો તે ન રહી જાય તેની કાળજી લેવી જોઈએ.

૭) ઘડા વગેરેમાંથી પાણી પીધાં બાદ એંઠા ગ્લાસને ઘડા વગેરેમાં ફરી ન નાખવો. કેમ કે તેમ થતાં ઘડાનું બધું જ પાણી એંઠું થઈ જાય. પછી બે ઘડી બાદ અસંખ્ય સંમૂચ્છિર્મની ઉત્પત્તિનો સંભવ છે. પાણી પીધા બાદ એંઠા ગ્લાસને વસ્ત્રાદિથી લુંછી લેવો જોઈએ.

૮) મેલું વસ્ત્ર કે પસીનો વગેરે અશુચિ જે પાણીમાં પડી જાય તે પાણીનો બે ઘડીમાં નિકાલ કરી દેવો જોઈએ.

૯) રસ્તામાં ઢોળાયેલ પાણી ઉપર ચાલવું નહિ, કેમ કે તેથી પાણીના જીવોની હિંસા થાય તેમ જ પાણીમાં પગનો મેલ ઉતરવાથી તેમાં બે ઘડી બાદ સંમૂચ્છિર્મ મનુષ્યની વિરાધનાની પરંપરા શરૂ થઈ જાય.

૧૦) જમ્યા બાદ ભોજન-પાણી એંઠા મૂકવા નહિ. કેમ કે બે ઘડી બાદ સંમૂચ્છિર્મ મનુષ્યો ઉત્પન્ન થવા સંભવ છે. માટે જમ્યા બાદ થાળી આદિ ધોઈને પીધા બાદ થાળી આદિ વાસણો બે ઘડી પહેલાં સૂકાઈ જાય તેમ કરવું ઉચિત છે. કેટલાક સમજુ શ્રાવકો થાળી આદિ રૂમાલથી લૂંછીને કોરી કરી નાખતા હોય છે.

૧૧) જમતાં જમીન ઉપર એંઠવાડો ન પડે તેની કાળજી રાખવી. જો તબિયતાદિ કારણે ભોજન એઠું મૂકવું પડે તો તુરત કુતરાદિની અનુકંપા કરીને સંમૂચ્છિર્મ મનુષ્યની

વિરાધનામાંથી બચવું ઉચિત છે. વળી જમ્યા બાદ એંઠા થાળી વગેરે કોઈ કુંડમાં રાખેલ પાણીમાં નાખીને ન ધોવા. ઘણે સ્થળે એવી પ્રથા જોવા મળે છે કે કુંડમાં પાણી રાખેલ હોય તેમાં જમનારા થાળી વગેરે ધોઈ નાખે. આથી તો કુંડના પાણીમાં અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યની હિંસાની પરંપરા ઊભી થાય છે.

૧૨) હૉટલ-લારી વગેરે ઉપર કોઈ પણ ભોજન ન લેવું. કેમ કે ત્યાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની વિરાધના ઘણી હોય છે.

૧૩) સ્થંડિલ (સંડાસ) બહાર ખુલ્લામાં જ જવાય તો સારૂં. વર્તમાનમાં પાતાળ કુવાવાળા સંડાસોથી હિંસકતા વધી છે. મનુષ્યની વિષ્ટા પાતાળ કુવામાં એકઠી થાય છે અને સંડાસ ગયા બાદ અડધી ડોલ જેટલું પાણી પણ અંદર નાંખવું પડે છે. અંદર તડકો વગેરે ન મળવાથી અને પાણી પણ સાથે હોવાથી વિષ્ટા સૂકાતી નથી. બે ઘડી બાદ અનેક વર્ષો સુધી અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યોના જન્મ અને મરણની પરંપરા ચાલે છે. વળી તેમાં અનેક પ્રકારના ત્રસ જીવો પણ ઉત્પન્ન થઈ જાય છે. માટે વર્તમાન કાળના સંડાસો એટલે જીવહિંસાની ફેક્ટરી છે. સંડાસનું પાપ ઘણું જ મોટું છે. પાપભીરૂ આત્માઓએ આ પાપથી કોઈ પણ હિસાબે બચવું જોઈએ.

૧૪) મૂતરડી વગેરેમાં જઈને પેશાબ ન કરવો. જ્યાં પેશાબ બે ઘડીમાં સૂકાઈ જાય તેવા સ્થાનનો ઉપયોગ કરવો ઉચિત છે.

૧૫) પિત્ત કે વૉમિટ વગેરે થાય ત્યારે તેને ધૂળ કે રખ્યા સાથે બરાબર મિશ્ર કરી દેવા.

૧૬) ગળામાં કફ થયો હોય અને વારે-વારે કફ નીકળતો હોય તો જ્યાં ત્યાં થૂંકવું નહીં. એક નાની કૂંડીમાં રખ્યા રાખી તેમાં કફ કાઢવો અને પછી સળી દ્વારા તે કફને રખ્યામાં મિશ્ર કરી દેવો.

૧૭) ઘણી વ્યક્તિઓને પાનપરાગ, તમાકુ, માવો કે પાન વગેરે ખાવાની કુટેવ હોય છે. આવી વ્યક્તિઓને હાલતાં-ચાલતાં રસ્તામાં પિચકારી મારવાની પણ કુટેવ હોય છે. જો તે પિચકારી (થૂંક) નીચે કીડી આદિ આવે તો મરી જાય અને બે ઘડીએ ન સૂકાય તો સંમૂર્ચ્છિમ મનુષ્યની વિરાધના થાય. માટે પાનપરાગાદિ ખાવાનું કે પિચકારી મારવાનું છોડી દેવું જોઈએ.

૧૮) લોહી, પરૂ વગેરે શરીરથી છૂટા પડે તો બે ઘડીમાં સૂકાઈ જવા જોઈએ. તે માટે રખ્યાદિમાં મિશ્ર કરી દેવા.

ટૂંકમાં, આપણાં (માનવના) શરીરમાંથી છૂટી પડતી કોઈ પણ પ્રકારની અશુચિમાં (શરીરમાં તમામ અશુચિ જ છે. શરીર એટલે અશુચિનો પિંડ.) બે ઘડી બાદ સંમૂર્ચ્છિમ મનુષ્યો પેદા થવાનો સંભવ છે. માટે આ વિરાધના ન લાગે તેની



પાપભીરૂ આત્માએ ખૂબ જ ચીવટપૂર્વક કાળજી લેવી જોઈએ. મૃત્યુ બાદ મડદામાં પણ બે ઘડી બાદ અસંખ્ય સંમૂર્ચ્છિમ મનુષ્યો પેદા થઈ જાય છે. માટે ઘણાં પાપભીરૂ આત્માઓ મૃતદેહનો જલ્દી નિકાલ કરાવતા હોય છે.

**વત્સ : ગુરૂજી ! મહાવિદેહમાં કેટલાં તીર્થંકરો વિચરી રહ્યાં છે ?**

**ગુરૂજી :** વત્સ ! હાલમાં દરેક મહાવિદેહમાં ૪-૪ તીર્થંકરો વિચરી રહ્યાં છે. તેથી પાંચ મહાવિદેહ × ૪ તીર્થંકર ભગવાન = ૨૦ તીર્થંકરો વિચરી રહ્યાં છે. તેમના નામ નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| જંબૂદ્વીપમાં | -- | શ્રી સીમંધર, શ્રી યુગમંધર, શ્રી બાહુ, શ્રી સુબાહુ |
| ધાતકી ખંડમાં | -- | શ્રી સુજાત, શ્રી સ્વયંપ્રભ, શ્રી ઋષભાનન, શ્રી અનંતવીર્ય, શ્રી સુરપ્રભ, શ્રી વિશાલ, શ્રી વજ્રધર, શ્રી ચન્દ્રાનન |
| પુષ્કરાર્ધદ્વીપમાં | -- | શ્રી ચન્દ્રબાહુ, શ્રી ભુજંગ, શ્રી ઈશ્વરદેવ, શ્રી નમિપ્રભ, શ્રી વીરસેન, શ્રી મહાભદ્ર, શ્રી દેવયશા, શ્રી અજિતવીર્ય. |

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :** (૧) પુષ્કર દ્વીપની મધ્યમાં વલયાકારે ...... પર્વત આવેલ છે. (૨) મનુષ્યોને ઉત્પન્ન થવાના ક્ષેત્રો ...... છે, તેમાં ...... જંબૂદ્વીપમાં, ...... ધાતકી ખંડમાં, ...... પુષ્કરાર્ધ દ્વીપમાં અને ...... લવણ સમુદ્રમાં આવેલ છે. (૩) ...... મનુષ્યો અપર્યાપ્તા જ હોય. (૪) સંમૂર્ચ્છિમ મનુષ્યની અવગાહના ...... હોય છે. (૫) સંમૂર્ચ્છિમ મનુષ્યને ...... ઈન્દ્રિય હોય છે, પણ ...... હોતું નથી. (૬) ગર્ભજ મનુષ્યને ...... ઈન્દ્રિય હોય છે, ...... પણ હોય છે. (૭) શરીર એટલે ...... નો પિંડ. (૮) ...... ની અશુચિમાં શરીરથી છૂટા પડ્યા પછી ...... બાદ ...... ઉત્પન્ન થાય છે. (૯) મહાવિદેહ ક્ષેત્રમાં હાલ ...... તીર્થંકર ભગવંતો વિચરે છે.

**પ્રશ્ન-૨. ટૂંકમાં જવાબ આપો :** (૧) મનુષ્ય લોકમાં કયા કયા દ્વીપ આવેલા છે ? (૨) અઢી દ્વીપ મનુષ્ય લોક તરીકે શા માટે ઓળખાય છે ? (૩) મનુષ્યલોક કેટલાં યોજનનો છે ? કેવી રીતે ? (૪) જંબૂદ્વીપમાં કેટલાં ક્ષેત્રો છે તે નામ સાથે લખો. (૫) ૫૬ અંતર્દ્વીપ ક્યાં આવેલ છે ? (૬) ધાતકી ખંડમાં કેટલા ક્ષેત્રો છે, તે નામ સાથે લખો. (૭) અભ્યન્તર પુષ્કવરાર્ધ દ્વીપમાં કેટલાં ક્ષેત્રો છે, તે નામ સાથે લખો. (૮) કર્મભૂમિ કોને કહેવાય ? કેટલી છે તે નામ સાથે લખો. (૯) અકર્મભૂમિ કોને કહેવાય ? કેટલી છે તે નામ સાથે લખો. (૧૦) મનુષ્યના કુલ કેટલા ભેદ છે ? કયા કયા ? (૧૧) સંમૂર્ચ્છિમ મનુષ્ય કેમ દેખાતાં નથી ? (૧૨) સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં અને ક્યારે ઉત્પન્ન થાય ? (૧૩) સંજ્ઞી અને અસંજ્ઞીની વ્યાખ્યા લખો. (૧૪) કયા જીવો સંજ્ઞી છે અને કયા જીવો અસંજ્ઞી છે ? શા માટે ? (૧૫) જંબૂદ્વીપમાં કેટલા મહાવિદેહ ક્ષેત્ર છે અને તેમાં કયા કયા તીર્થંકર ભગવંતો વિચરે છે ? (૧૬) ધાતકી ખંડમાં કેટલા મહાવિદેહ ક્ષેત્ર છે અને તેમાં કયા કયા તીર્થંકર ભગવંતો વિચરે છે ? (૧૭) પુષ્કરાર્ધ દ્વીપમાં

કેટલા મહાવિદેહ ક્ષેત્ર છે અને તેમાં કયા કયા તીર્થંકર ભગવંતો વિચરે છે ?

**પ્રશ્ન-૩. વિસ્તારથી જવાબ લખો :** (૧) ૧૦૧ ક્ષેત્રો ક્યાં આવેલ છે તે નામ સાથે લખો. (૨) સંમૂચ્છિંમ મનુષ્યોની હિંસાથી બચવા કઈ કઈ કાળજી રાખવા યોગ્ય છે ? (૧૦ મુદ્દા લખો.)

## પાઠ-૧૧ : નારકના ૧૪ ભેદ

ચૌદ રાજલોક પ્રમાણ વિશ્વ છે. તેના ત્રણ વિભાગ પડે છે : ઉપરનો ઉર્ધ્વલોક, વચલો મધ્યલોક અને નીચેનો અધોલોક.

અધોલોકમાં સાત નરક પૃથ્વીઓ આવેલી છે. જેના નામ ક્રમશઃ નીચે પ્રમાણે છે : **(૧) ધમ્મા (૨) વંશા (૩) શેલા (૪) અંજના (૫) રિષ્ટા (૬) મઘા (૭) માઘવતી.**

આ સાતેય નરક પૃથ્વીઓના ગોત્રના નામ નીચે મુજબ છે :

**(૧) રત્નપ્રભા** (રત્ન જેવી હોવાથી અથવા રત્નમય હોવાથી)
**(૨) શર્કરાપ્રભા** (કાંકરામય હોવાથી અથવા ઘણા કાંકરાવાળી હોવાથી)
**(૩) વાલુકાપ્રભા** (રેતવાળી હોવાથી)
**(૪) પંકપ્રભા** (કાદવમય હોવાથી)
**(૫) ધુમપ્રભા** (ધુમાડામય હોવાથી)
**(૬) તમઃપ્રભા** (અંધકારમય હોવાથી)
**(૭) મહાતમઃપ્રભા અથવા તમસ્તમઃ પ્રભા** (ભયાનક અંધકાયમય હોવાથી)

**વત્સ : ગુરૂજી ! નામ અને ગોત્રમાં શું ફરક ?**

**ગુરૂજી :** વત્સ ! જેનો અન્વય (અર્થ) ન થઈ શકે તે નામ કહેવાય અને જેનો અન્વય થઈ શકે તે ગોત્ર કહેવાય.

નરકના જીવો આ સાત નરકપૃથ્વીઓમાં અતિ ભયાનક દુઃખ ભોગવે છે. નરક પૃથ્વીઓ સાત હોવાથી નારકના ભેદો પણ સાત ગણવામાં આવ્યા છે. તે તમામના **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** ગણતાં તેના ૧૪ ભેદ થાય છે.


**વત્સ : ગુરૂજી ! મેં એવું સાંભળ્યું છે કે નારકો તથા દેવોને ઓછામાં ઓછું દશ હજાર વર્ષનું આયુષ્ય તો હોય જ. તો નારકો અપર્યાપ્તા કઈ રીતે હોય ?**

**ગુરૂજી :** વત્સ ! તારી વાત સાચી છે. તારા પ્રશ્નના સમાધાન માટે નીચેની વ્યાખ્યાઓ બરાબર તૈયાર કરી લે.

**લબ્ધિ પર્યાપ્તા :** જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરીને જ મરે છે તે લબ્ધિ પર્યાપ્તા કહેવાય.



## અધોલોક્નું ચિત્ર




અધોલોક સાત રાજલોક પ્રમાણ ઊંચો છે. તેમાં કુલ સાત નરક પૃથ્વીઓ આવેલી છે. તે ચિત્રમાં બતાવ્યા મુજબ કુંભી આકારે છે.

**લબ્ધિ અપર્યાપ્તા :** જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલા મરે છે તે લબ્ધિ અપર્યાપ્તા કહેવાય.

**કરણ અપર્યાપ્તા :** જીવ જ્યાં સુધી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ અપર્યાપ્તો કહેવાય.

**કરણ પર્યાપ્તા :** જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે પછી (જીવન પર્યંત) કરણ પર્યાપ્તો કહેવાય.

**યાદ રાખો :** લબ્ધિ પર્યાપ્તો સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી કરણ અપર્યાપ્તો છે અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી કરણ પર્યાપ્તો છે. લબ્ધિ અપર્યાપ્તો કરણ અપર્યાપ્તો જ હોય છે. કરણ અપર્યાપ્તો લબ્ધિ અપર્યાપ્તો પણ હોઈ શકે છે અને લબ્ધિ પર્યાપ્તો પણ હોઈ શકે છે. કરણ પર્યાપ્તો લબ્ધિ પર્યાપ્તો જ હોય છે.

વત્સ ! હવે સમાધાન થઈ ગયું ? નારકોને અપર્યાપ્તા કહ્યાં, તે કરણ અપર્યાપ્તાની અપેક્ષાએ કહ્યાં છે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) વિશ્વ ...... પ્રમાણ છે. (૨) અધોલોક ...... પ્રમાણ છે. (૩) અધોલોકમાં ...... નરક પૃથ્વીઓ આવેલી છે. (૪) લબ્ધિ પર્યાપ્તો ...... અને ...... હોય. (૫) લબ્ધિ અપર્યાપ્તો ...... હોય. (૬) કરણ અપર્યાપ્તો ...... પણ હોઈ શકે છે અને ...... પણ હોઈ શકે છે. (૭) કરણ પર્યાપ્તો ...... જ હોય. (૮) નરકના જીવો ...... ન જ હોય અને ......, ...... તથા ...... હોય. (૯) નરકના કુલ ...... ભેદ છે.

**પ્રશ્ન-૨. ટૂંકમાં જવાબ આપો :**

(૧) (૧) વિશ્વના કેટલા ભાગ પડે છે ? કયા કયા ? (૨) અધોલોકમાં કેટલી નરક પૃથ્વીઓ આવેલી છે તે નામ સાથે લખો. (૩) નરક પૃથ્વીઓના ગોત્રના નામ લખો. (૪) નામ અને ગોત્રમાં શું ફરક ? (૫) નરકના જીવો અપર્યાપ્તા કઈ રીતે ?

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :**

(૧) લબ્ધિ પર્યાપ્તા (૨) લબ્ધિ અપર્યાપ્તા (૩) કરણ પર્યાપ્તા (૪) કરણ અપર્યાપ્તા


# પાઠ-૧૨ : અધોલોકમાં ભવનપતિ દેવો

**દેવોના મુખ્ય ચાર ભેદ છે : ૧. ભવનપતિ દેવો ૨. વ્યંતર દેવો ૩. જ્યોતિષ્ક દેવો ૪. વૈમાનિક દેવો.**

આમાં ભવનપતિ દેવો અધોલોકમાં રહે છે. વ્યંતર દેવો મધ્યલોકમાં નીચેના ભાગમાં રહે છે. જ્યોતિષ્ક દેવો મધ્યલોકમાં ઉપરના ભાગમાં રહે છે અને વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં રહે છે.



## પ્રથમ નરક પૃથ્વીનું ચિત્ર - ભવનપતિ નિકાયના સ્થાનો



**૧. ભવનપતિ દેવો :** રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીના ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજનના જાડા થર (ઊંચાઈ) માંથી ઉપર અને નીચેના એક-એક હજાર યોજન બાદ કરતાં ૧,૭૮,૦૦૦ યોજન રહે. તેમાં પહેલી નરકના જીવોને રહેવાના તેર પ્રતરો આવેલા છે. આ તેર પ્રતરો વચ્ચે કુલ બાર આંતરા (જગ્યા) થાય છે. આ બાર આંતરામાંથી ઉપર-નીચેનું એક-એક આંતરું છોડી દેતાં વચલા દશ આંતરામાં દશ પ્રકારના ભવનપતિના દેવો ઘર જેવા ભવનો અને માંડવા જેવા આવાસોમાં રહે છે. ભવનોમાં રહેતા હોવાથી તેઓ ભવનપતિ દેવો કહેવાય છે. વળી તેઓ કુમાર જેવા રૂપાળા, આનંદી, રમતિયાળ અને છેલબટાઉ (શોખીન) હોવાથી તેઓના જાતિનામની પાછળ 'કુમાર' શબ્દ લગાડેલ છે.

દશ પ્રકારના ભવનપતિ દેવોના નામ આ પ્રમાણે છે :

**(૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુત્‌કુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વિપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશિકુમાર (૯) વાયુકુમાર (૧૦) સ્તનિતકુમાર**

અગિયારમાં આંતરામાં રહેલા અસુરકુમાર નિકાયના (જાતિના) ભવનપતિ દેવોમાં અત્યંત ક્રુર **પંદર પ્રકારની પરમાધાર્મિક દેવજાતિઓ** આવેલી છે. તેઓ પ્રથમ ત્રણ નરકના જીવોને ત્રાસ આપીને જ આનંદ લુંટવાની મનોવૃત્તિ અને પ્રવૃત્તિવાળા હોવાથી અન્ય અસુરકુમાર જાતિના દેવો કરતાં તેમની ગણતરી અલગ પણ કરવામાં આવે છે. પરમ અધર્મ (નારકના જીવોને દુઃખ આપીને ખૂશ થવા રૂપ અધર્મ) ને સેવનારા હોવાથી પરમાધાર્મિક કહેવાય છે. તેઓ મિથ્યાત્વી છતાં ભવી જ હોય છે. અંતે અત્યંત દુઃખમાં મૃત્યુ પામીને અંડગોલિક થાય છે, ત્યાંથી ભયાનક વેદનામાં મૃત્યુ પામીને (કરેલાં પાપોના પરિણામરૂપે) નારકીના જીવો તરીકે ઉત્પન્ન થઈ દુઃખો ભોગવે છે.

આ પરમાધાર્મિક દેવો નરકનાં જીવોને ઊંચે ઊછાળીને પછાડવા, ભઠ્ઠીમાં પકવવા, આંતરડા ચીરવા, શરીરમાં ભાલા પરોવવા, બાણોથી વિંધવા, શરીરના રાઈ રાઈ જેટલા ટુકડાં કરવા, કરવતાદિથી ચીરવા, તીક્ષ્ણ ચાંચોવાળા વિરાટ પક્ષીઓના રૂપો લઈ ચાંચો મારી-મારીને ફેંદવા, ઊકળતા લોહી-પરૂની વૈતરિણી નદીમાં ડૂબાડવા, ધગધગતા લોખંડના સ્થંભ સાથે બાંધવા ઈત્યાદિ અનેક રીતે ભયાનક વેદનાઓ આપે છે-તેમાં અતિ આનંદ લુંટે છે અને ચીકણા કર્મો ઊપાર્જન કરે છે.

પંદર પ્રકારના પરમાધાર્મિક દેવજાતિના નામ આ પ્રમાણે છે : **૧. અંબ ૨. અંબરીષ ૩. શબલ ૪. શ્યામ ૫. રૌદ્ર ૬. ઉપરૌદ્ર ૭. અસિપત્ર ૮. ધનુ ૯. કુંભ ૧૦. કાળ ૧૧. મહાકાળ ૧૨. વૈતરણ ૧૩. વાલુક ૧૪. મહાઘોષ ૧૫. ખરસ્વર.**



આ રીતે જોતાં ભવનપતિના **૧૦ અસુરકુમારાદિ + ૧૫ પરમાધાર્મિક = ૨૫ ભેદો** થયા. તે બધા **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** ગણતાં **કુલ ૫૦ ભેદો** થાય છે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) ...... નામની પહેલી નરક પૃથ્વીની ઊંચાઈ ...... છે. (૨) પહેલી નરકના જીવોને રહેવાના ...... પ્રતર છે. (૩) ...... માં રહેતા હોવાથી તેઓ ...... કહેવાય છે. (૪) પરમાધાર્મિક દેવો ...... નિકાયના ભવનપતિ દેવોની પેટા જાતિ છે. (૫) પરમાધાર્મિક દેવો ...... નરક સુધીના નારકોને ત્રાસ આપે છે. (૬) ભવનપતિના કુલ ...... ભેદ છે. (૭) ભવનપતિ દેવો ...... લોકમાં રહે છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ આપો :**

(૧) દેવોના મુખ્ય ચાર ભેદો કયા ? (૨) કયા દેવો ક્યાં રહે છે ? (૩) ભવનપતિ નિકાયના દેવો ક્યાં કેવા મકાનમાં રહે છે ? (૪) અસુરકુમાર વગેરે ભવનપતિ શા માટે કહેવાય છે ? અને તેમના નામની પાછળ 'કુમાર' શબ્દ શા માટે લગાડેલ છે ? (૫) દશ પ્રકારના ભવનપતિ દેવોના નામ લખો. (૬) અસુરકુમાર કરતાં પરમાધાર્મિકની ગણતરી અલગ શા માટે કરવામાં આવે છે ? (૭) પરમાધાર્મિક દેવો નરકના જીવોને કેવી રીતે ત્રાસ આપે છે ? (૮) ત્રાસ આપવાથી પરમાધાર્મિક દેવોને કયા દુઃખો ભોગવવા પડે છે ? (૯) પરમાધાર્મિક દેવજાતિના નામ લખો. (૧૦) ભવનપતિના કુલ ભેદ કેટલાં ? કેવી રીતે ?

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :** (૧) ભવનપતિ (૨) પરમાધાર્મિક

## પાઠ-૧૩ : મધ્યલોકમાં વ્યંતર અને જ્યોતિષ્ક દેવો

**વ્યંતરદેવો :** રત્નપ્રભા નામની પહેલી નરક પૃથ્વીના ૧,૮૦,૦૦૦ (એક લાખ એંશી હજાર) યોજનના જાડા થર (ઊંચાઈ) માંથી ઉપરના જે એક હજાર યોજન છે, તેમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ (સો-સો) યોજન છોડી દેતાં વચલા ૮૦૦ (આઠસો) યોજનમાં વ્યંતર દેવોની આઠ જાતિઓ રહે છે. તેમાં વ્યંતર દેવોના અસંખ્ય નગરો આવેલા છે.

તેવી જ રીતે ઉપરના છોડેલા ૧૦૦ (સો) યોજનમાંથી ઉપર-નીચે ૧૦-૧૦ (દસ-દસ) યોજન છોડી દેતાં વચલા ૮૦ (એંશી) યોજનમાં આઠ વાણ વ્યંતર જાતિના દેવોના નગરો છે.

વ્યંતર એટલે અંતર વગરના. (મનુષ્યોથી [મનુષ્યલોકથી] બહુ અંતર ન હોવાથી) અથવા વ્યંતર એટલે વિવિધ પ્રકારના અંતરવાળા. (તેઓના નગરો છેટે છેટે હોવાથી) અથવા વનાન્તરો (વનોમાં), શૈલાન્તરો (પર્વતોમાં), કદરાન્તરોમાં (ગુફાઓમાં) વસતાં હોવાથી વ્યંતર કે વાણવ્યંતર કહેવાય છે.

વળી વ્યંતર જાતિમાં દશ પ્રકારના તિર્યગ્જાંભક દેવો પણ છે. તેઓ તિર્યગ્ લોકમાં (ચિત્ર, વિચિત્ર, વૈતાઢ્ય, મેરૂ વગેરે પર્વતો ઉપર) વસતા હોવાથી તેમજ તેમનો સ્વચ્છંદાચાર નિત્ય વધતો હોવાથી અથવા તેઓ પ્રભુના જન્માદિ કલ્યાણકો વખતે તેમના ઘરો ધન-ધાન્યાદિથી ભરી દેતા હોવાથી તિર્યગ્જાંભક કહેવાય છે. (તિર્યગ્=વધવું, વૃદ્ધિ કરવી.)

આમ વ્યંતર નિકાયમાં - **૮ વ્યંતર + ૮ વાણવ્યંતર + ૧૦ તિર્યગ્જાંભક = કુલ ૨૬ ભેદો** (જાતિઓ) થાય. તે બધા **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** ગણતાં વ્યંતરના **કુલ ૫૨** ભેદો થાય છે.

**આઠ વ્યંતરના નામો : ૧. કિન્નર ૨. કિંપુરૂષ ૩. મહોરગ ૪. ગંધર્વ ૫. યક્ષ ૬. રાક્ષસ ૭. ભૂત ૮. પિશાચ.**


**આઠ વાણવ્યંતરના નામો : ૧. અણપન્ની ૨. પણપન્ની ૩. ઋષિવાદિ ૪. ભૂતવાદિ ૫. કંદીત ૬. મહાકંદીત ૭. કોહંડ ૮. પતંગ.**

**દશ તિર્યગ્જાંભકના નામો : ૧. અન્નજાંભક ૨. પાનજાંભક ૩. વસ્ત્રજાંભક ૪. વેશ્મજાંભક ૫. શય્યાજાંભક ૬. પુષ્પજાંભક ૭. ફલજાંભક ૮. પુષ્પફલજાંભક ૯. વિદ્યાજાંભક ૧૦. અવ્યક્તજાંભક.**

(આ દેવજાતિઓ નામ પ્રમાણેની ચીજોની વૃદ્ધિ કરે છે. વેશ્મ=ઘર અને અવ્યક્ત=કોઈ પણ વસ્તુની વૃદ્ધિ કરનાર.)

**<u>પ્રથમ નરક પૃથ્વીના ઉપરના હજાર યોજનનું ચિત્ર-વ્યંતરોના સ્થાનો</u>**

**સમભૂતલા**




**જ્યોતિષ્કદેવો :** આ દેવોના વિમાનો જ્યોતિ સ્વરૂપ હોવાથી જ્યોતિષ્ક કહેવાય છે. તેમના પાંચ ભેદો પાડવામાં આવ્યા છે : **૧. ચન્દ્ર ૨. સૂર્ય ૩. ગ્રહ ૪. નક્ષત્ર ૫. તારા.**



સમભૂતલાથી ઉપર ૭૯૦ યોજને તારાનાં વિમાનો, તે પછી ૧૦ યોજને સૂર્યનાં વિમાનો, તે પછી ૮૦ યોજને ચન્દ્રનાં વિમાનો, તે પછી ચાર યોજને નક્ષત્રના વિમાનો અને તેનાથી ૧૬ યોજને ગ્રહોના વિમાનો આવેલા છે. આમ સમભૂતલાથી ઉપર ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન વચ્ચે (૧૧૦ યોજનની અંદર) જ્યોતિષ્કના વિમાનો આવેલા છે.

આ જ્યોતિષ્કના વિમાનો મેરૂની આજુબાજુ ફરે છે, જંબૂદ્વીપમાં સૂર્ય-ચન્દ્ર એક-એક નથી પરંતુ બે-બે છે, તેઓ નીચેનાં ભાગથી (પીઠના ભાગથી) અર્ધ કોઠાના આકારવાળા હોવાથી આપણને ગોળ દેખાય છે ઈત્યાદિ અનેક બાબતો ખૂબ જ જાણવા જેવી અને રસપ્રદ છે. તે માટે બૃહત્ સંગ્રહણી, લઘુક્ષેત્રસમાસ ઈત્યાદિ ગ્રન્થોનો અભ્યાસ કરવો જરૂરી છે.

અઢીદ્વીપમાં આ પાંચેય પ્રકારના વિમાનો ચર (ફરતા) છે, તેથી રાત-દિવસ આદિના ભેદો થાય છે. ('પૃથ્વી ફરે છે' તેવી વૈજ્ઞાનિકોની માન્યતા ખોટી છે.) અઢીદ્વીપની બહારના જ્યોતિષ્ક વિમાનો અચર (સ્થિર) છે. તેથી **૫ પ્રકારના ચર + ૫ પ્રકારના અચર = કુલ ૧૦ પ્રકારના જ્યોતિષ્ક ભેદો** થાય છે. તે બધા **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** ગણતાં **કુલ ૨૦ ભેદો** થાય છે.

**વત્સ : ગુરૂજી ! જ્યોતિષ્ક મધ્યલોકમાં કેવી રીતે ?**

**ગુરૂજી :** વત્સ ! સમભૂતલાથી ઉપરના ૯૦૦ યોજન સુધીનો વિસ્તાર મધ્યલોકમાં ગણાય છે માટે.

## <u>સ્વાધ્યાય</u>

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) વ્યંતરના કુલ ...... ભેદ છે. (૨) જ્યોતિષ્કના કુલ ...... ભેદ છે. (૩) વ્યંતર અને જ્યોતિષ્ક ...... લોકમાં આવેલ છે. (૪) સમભૂતલાથી ...... યોજને સૂર્યના વિમાનો આવેલા છે. (આ રીતે પાંચેય માટે પૂછી શકાય.) (૫) ...... ના વિમાનો ...... ની આજુબાજુ ફરે છે. (૬) જંબૂદ્વીપમાં ...... સૂર્ય અને ...... ચન્દ્ર છે. (૭) સૂર્ય, ચન્દ્ર પીઠના ભાગથી ...... ના આકારવાળા હોવાથી ગોળ દેખાય છે. (૮) અઢીદ્વીપની બહાર જ્યોતિષ્ક વિમાનો ...... છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ આપો :**

(૧) વ્યંતર જાતિના દેવો ક્યાં રહે છે ? (૨) વાણવ્યંતર ક્યાં રહે છે ? (૩) આઠ વ્યંતરના નામ લખો. (૪) આઠ વાણવ્યંતરના નામ લખો. (૫) દશ તિર્યગ્જાંભકના નામ લખો. (૬) વ્યંતરના કુલ ભેદ કેટલા ? કેવી રીતે ? (૭) જ્યોતિષ્કના પાંચ ભેદના નામ લખો. (૮) જ્યોતિષ્ક વિમાનો સમભૂતલાથી કેટલા કેટલા અંતરે આવેલ છે ? (૯) જ્યોતિષ્કના કુલ ભેદ કેટલા ? કેવી રીતે ? (૧૦) વ્યંતર અને જ્યોતિષ્ક મધ્યલોકમાં શા માટે ?

**પ્રશ્ન-૩. વ્યાખ્યા લખો :** (૧) વ્યંતર (૨) તિર્યગ્જાંભક (૩) જ્યોતિષ્ક

# પાઠ-૧૪ : ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવો

**વૈમાનિક દેવો :** વિશિષ્ટ માન-માપવાળા તે વિમાન અથવા વિશિષ્ટ-પુણ્યશાળી આત્માથી જે ભોગવાય તે વિમાન. આ વિમાનમાં રહેનારા દેવો તે વૈમાનિક દેવો કહેવાય.

વૈમાનિક દેવો બે પ્રકારના છે : **૧) કલ્પોપપન્ન (૨) કલ્પાતીત.**

**કલ્પોપપન્ન દેવો :** જ્યાં ઈન્દ્ર, સામાનિક, નોકર આદિની વ્યવસ્થા હોય તે કલ્પ કહેવાય. આવા કલ્પમાં ઉત્પન્ન થયેલા દેવો તે કલ્પોપપન્ન કહેવાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના બાર દેવલોકમાં કલ્પ=ઈન્દ્રાદિનો વ્યવહાર છે. તેથી તેમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન કહેવાય.


**કુલ ૬૪ ઈન્દ્રો છે - ભવનપતિના** દશ નિકાયમાં દરેકમાં બબ્બે ઈન્દ્ર હોવાથી તેના **૨૦ + વ્યંતર અને વાણવ્યંતરના** ૧૬ નિકાયમાં દરેકમાં બબ્બે ઈન્દ્ર હોવાથી તેના **૩૨ + જ્યોતિષ્કમાં** સૂર્ય અને ચન્દ્રનો ૧-૧=**૨ + વૈમાનિકના** બાર દેવલોકમાં નવમા-દશમા દેવલોકનો એક, અગિયારમા-બારમા દેવલોકનો એક અને શેષ આઠ દેવલોકના આઠ=**૧૦** ઈન્દ્ર છે, તેથી ૨૦ + ૩૨ + ૨ + ૧૦ = **૬૪** ઈન્દ્રો થાય. (જો કે અસંખ્ય દ્વીપ સમુદ્રના થઈને ચન્દ્ર-સૂર્ય તો અસંખ્ય છે, માટે તેના ઈન્દ્રો પણ અસંખ્ય થાય. પરંતુ અહીં સઘળા સૂર્ય ઈન્દ્રની એક અને સઘળા ચન્દ્ર ઈન્દ્રની એકમાં જ ગણતરી કરી છે.) આ ઈન્દ્રો તથા ત્યાંના દેવોનો પ્રભુના જન્મકલ્યાણકાદિ ઉજવવાનો કલ્પ=આચાર છે. તેથી પણ તેઓ કલ્પોપપન્ન કહેવાય છે.

લોકના મધ્યભાગથી ઉપર દોઢ રાજલોક પૂરો થતાં દક્ષિણ દિશામાં પહેલો દેવલોક અને ઉત્તર દિશામાં બીજો દેવલોક આવેલ છે. એ પછી ત્રીજો-ચોથો-પાંચમો યાવત્ બારમો દેવલોક આવેલ છે. ચિત્ર મુજબ તેની ગોઠવણી સમજી લેવી. વળી કિલ્બિષિક દેવોના ત્રણ વિમાનો અનુક્રમે પહેલા-બીજા દેવલોક નીચે, ત્રીજા દેવલોક નીચે અને છઠ્ઠા દેવલોક નીચે આવેલા છે. કિલ્બિષિક દેવો હલકી કક્ષાના-હલકા પુણ્યવાળા દેવો છે. તેઓ ચંડાળતુલ્ય ગણાય છે તથા પાંચમા દેવલોકમાં લોકાંતિક દેવોના નવ વિમાનો પણ આવેલા છે. (જે ચિત્રમાં બતાવ્યા નથી.)

**બાર દેવલોકના નામ : (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ (૧૨) અચ્યુત**



## બાર દેવલોકનું ચિત્ર




**નવ લોકાંતિકના નામ : (૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વન્હિ (૪) અરૂણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) મરૂત (૯) અરિષ્ટ.**


આ દેવોના વિમાનો પાંચમાં બ્રહ્મલોકના અંતે ચાર દિશામાં ચાર, ચાર વિદિશામાં ચાર અને વચમાં એક-એમ નવ છે. એ નવ વિમાનોના કારણે તેમના નવ ભેદ છે. તેઓ વિષયરતિથી વિમુખ હોવાથી દેવર્ષિ (દેવ ઋષિ) પણ કહેવાય છે. આ દેવો પવિત્ર અને એકાવતારી (પછીના ભવે મોક્ષમાં જનારા) હોય છે. કોઈ પણ તીર્થંકર ભગવાન દીક્ષા લેવાના હોય તેના એક વર્ષ પહેલા તેઓ તીર્થંકર ભગવાન પાસે આવીને વર્ષીદાનની (સંવત્સરી દાનની) યાદ અપાવે છે અને તીર્થ પ્રવર્તાવવા વિનંતી કરે છે.

આ રીતે કલ્પોપપન્ન વૈમાનિક દેવલોકના **૧૨ દેવલોક + ૩ કિલ્બિષિક + ૯ લોકાંતિક = ૨૪** ભેદ થાય. તે સર્વે **પર્યાપ્તા** અને **અપર્યાપ્તા** ગણતાં **કુલ ૪૮** ભેદ થયા.

**કલ્પાતીત દેવો :** જ્યાં ઈન્દ્ર-નોકરાદિ વ્યવસ્થા કે તીર્થંકરોના જન્માભિષેકાદિ ઊજવવાનો આચાર (કલ્પ) નથી તેવા દેવલોકના દેવો કલ્પાતીત કહેવાય છે. ૧૨ દેવલોકથી ઉપરના દેવલોકના દેવો કલ્પાતીત છે. અર્થાત્ તેઓ કલ્પ રહિત છે, સર્વે

ઈન્દ્રતુલ્ય છે-કોઈ મોટું-નાનું નથી. તેઓ પ્રભુના જન્માભિષેકાદિ ઊજવવા આવતા નથી, પરંતુ દેવલોકમાં જ રહીને ઈચ્છા થયે પ્રભુભક્તિ આદિ કરે છે.

**ઉર્ધ્વલોક-કલ્પાતીતનું ચિત્ર**




બાર દેવલોકથી ઉપર રહેલા ઉપર-ઉપર ત્રણ, પછી ઉપર-ઉપર ત્રણ અને પછી ઉપર-ઉપર ત્રણ-એમ નવ ગ્રૈવેયક દેવોનાં વિમાનો છે. તેની યે ઉપર સરખી સપાટીએ પાંચ અનુત્તર વિમાનો છે. તેમાં સર્વાર્થસિદ્ધ વિમાન વચ્ચે અને બાકીના ચાર, ચાર દિશાએ છે.

**નવ ગ્રૈવેયકના નામ : ૧. સુદર્શન ૨. સુપ્રતિબદ્ધ ૩. મનોરમ ૪. સર્વતોભદ્ર ૫. વિશાલ ૬. સુમન ૭. સૌમનસ ૮. પ્રીતિકર ૯. આદિત્ય.**

(નવ ગ્રૈવેયકના વિમાનો ચૌદ રાજલોકરૂપી પુરૂષના ગ્રીવા-ડોકના સ્થાને હોવાથી ગ્રૈવેયક કહેવાય છે.)

**પાંચ અનુત્તરના નામ : ૧. વિજય ૨. વિજયંત ૩. જયંત ૪. અપરાજીત ૫. સર્વાર્થસિદ્ધ વિમાન.** (આ વિમાનો પછી કોઈ વિમાન ન હોવાથી અથવા તેના દેવોથી વધુ સુખી કોઈ સંસારી જીવ ન હોવાથી અનુત્તર કહેવાય છે.)

**કલ્પાતીતના ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર = ૧૪ ભેદ થાય. તે બધાના પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ૨૮ ભેદ થાય.**



**વત્સ : ગુરૂજી ! ઉર્ધ્વલોકનો આકાર કેવો છે ?**


**ગુરૂજી :** વત્સ ! ઉર્ધ્વલોકનો આકાર ઊભા મૃદંગ જેવો છે.

**વત્સ : ગુરૂજી ! એક રાજલોક એટલે કેટલું પ્રમાણ થાય ?**

**ગુરૂજી :** વત્સ ! આંખના એક જ પલકારામાં એક લાખ યોજનનું અંતર કાપનારો દેવ, છ માસ સુધીમાં જેટલું ક્ષેત્ર કાપે, તેટલું એક રાજપ્રમાણ થાય. અથવા ૩,૮૧,૨૭, ૯૭૦ (૩ ક્રોડ, ૮૧ લાખ, ૨૭ હજાર, ૯૭૦) મણનો એક ભાર થાય. એવા એક હજાર ભારમણ માપવાળા, બહુ તપેલા લોઢાના ગોળાને કોઈ મહાસમર્થ દેવ, દેવલોકમાંથી નીચે ફેંકે, તે ગોળો ઘસાતો ઘસાતો પ્રચંડ ગતિથી આવતો આવતો છ માસ, છ દિવસ, છ ઘડી અને છ સમયમાં જેટલું અંતર કાપે તે એક રાજપ્રમાણ થાય.

**વત્સ : ગુરૂજી ! ચૌદ રાજલોકનો આકાર કેવો હોય છે ?**

**ગુરૂજી :** વત્સ ! બે પગ પહોળા કરીને અને કેડે હાથ દઈને ઊભેલી પૂતળીને ગોળ ગોળ ઘૂમાવતાં જેવો આકાર દેખાય તેવો ચૌદ રાજલોકના બનેલા વિશ્વનો આકાર છે. અથવા એક મોટા શરાવ સંપૂટને ઊંધો મૂકવામાં એવે, તેની ઉપર એક નાના શરાવ સંપૂટને સીધો મૂકવામાં આવે અને તેની ઉપર એક નાના શરાવ સંપૂટને ઊંધો મૂકવામાં આવે, તેથી જેવો આકાર બને તેવો વિશ્વનો આકાર છે.




## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) વૈમાનિક દેવો ...... અને ...... એમ બે પ્રકારે છે. (૨) કુલ ...... સૂર્ય અને ...... ચંદ્ર છે. (૩) વૈમાનિકના કુલ ...... ભેદ છે. (૪) કલ્પોપપન્ન વૈમાનિકના કુલ ...... ભેદ છે. (૫) કલ્પોપપન્નના કુલ ભેદ ...... છે. (૬) કલ્પાતીતના કુલ ભેદ ...... છે. (૭) દેવોના કુલ ભેદ ...... છે.

**પ્રશ્ન-૨. ટુંકમાં જવાબ આપો :**

(૧) કયા કયા દેવલોકમાં કલ્પ છે ? (૨) ઈન્દ્રો કેટલા છે ? કયા કયા ? (૩) પહેલો બીજો

દેવલોક ક્યાં આવેલ છે ? (૪) કિલ્બિષિક દેવોના વિમાનો ક્યાં આવેલ છે ? (૫) લોકાંતિક દેવોના કેટલા વિમાનો છે અને તે ક્યાં આવેલ છે ? (૬) બાર દેવલોકના નામ લખો. (૭) નવ લોકાંતિકના નામ લખો. (૮) લોકાંતિક દેવો વિષે ચાર લીટી લખો. (૯) નવગ્રૈવેયકના નામ લખો. (૧૦) પાંચ અનુત્તરના નામ લખો. (૧૧) કલ્પોપપન્નના કુલ ભેદ કેટલા છે ? કેવી રીતે ? (૧૨) કલ્પાતીતના કુલ કેટલા ભેદ છે ? કેવી રીતે ? (૧૩) દેવોના કુલ ભેદ કેટલા છે ? કેવી રીતે ? (૧૪) ઉર્ધ્વલોકનો આકાર કેવો છે ? (૧૫) વિશ્વનો આકાર કેવો છે ? (૧૬) એક રાજલોક એટલે કેટલું પ્રમાણ થાય ?

**પ્રશ્ન-૩. મુદ્દાસર જવાબ લખો :**

(૧) સંસારી જીવના કુલ ભેદ કેટલા ? કેવી રીતે ? (૨) તિર્યંચના કુલ ભેદ કેટલા ? કેવી રીતે ? (૩) પંચેન્દ્રિયના કુલ ભેદ કેટલા ? કેવી રીતે ? (૪) સંસારી જીવોમાં પર્યાપ્તા જીવ ભેદ કેટલાં ? કેવી રીતે ? (૫) સંસારી જીવોમાં અપર્યાપ્તા જીવભેદ કેટલા ? કેવી રીતે ?

**પ્રશ્ન-૪. વ્યાખ્યા લખો :**

(૧) વૈમાનિક દેવ (૨) કલ્પોપપન્ન (૩) કલ્પાતીત (૪) ગ્રૈવેયક (૫) અનુત્તર

## પાઠ-૧૫ : અવગાહના

અવગાહના એટલે શરીરની ઊંચાઈ.

### જઘન્ય અવગાહના

**સઘળા જીવો : અંગુલનો અસંખ્યાતમો ભાગ.**

(દેવો અને નારકોની જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગની અવગાહના ઉત્પત્તિના પ્રથમ સમયની અપેક્ષાએ સમજવી.)

### ઉત્કૃષ્ટ અવગાહના

**સઘળા અપર્યાપ્તા : અંગુલનો અસંખ્યાતમો ભાગ.**

**પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ : હજાર યોજનથી અધિક.**

(ઉત્સેધાંગુલપ્રમિત હજાર યોજન ઊંડા ગોતીર્થ વગેરે જળાશયોમાં રહેલ કમળોની નાળ પાણીમાં હજાર યોજન અને કમળ બહાર હોય માટે હજાર યોજનથી અધિક થાય.)

**બાકીના પર્યાપ્તા એકેન્દ્રિય : અંગુલનો અસંખ્યાતમો ભાગ.**

**પર્યાપ્તા બેઈન્દ્રિય : ૧૨ યોજન** (શંખ વગેરેની.)

**પર્યાપ્તા તેઈન્દ્રિય :** ૩ ગાઉ (કાનખજૂરા વગેરેની.)



**પર્યાપ્તા ચઉરિન્દ્રિય : ૪ ગાઉ = ૧ યોજન** (ભમરા વગેરેની.)

(વિકલેન્દ્રિયની આ અવગાહના પ્રાયઃ અઢી દ્વીપની બહાર થતાં શંખ વગેરેની સમજવી. અહીં પ્રાયઃ એટલા માટે કહ્યું છે કે – અંતર્મુહૂર્તના આયુષ્યવાળા, ઉત્પન્ન થતાં જ બાર યોજન શરીરવાળા થઈ તુરતમાં મરણ પામતાં, પૃથ્વીમાં તેવડો (૧૨ યોજનનો) ખાડો પડવાથી ચક્રવર્તીના સૈન્યને પણ ગરકાવ કરી દેનારા આસાલિક જાતિના સર્પને શાસ્ત્રમાં ઉરપરિસર્પ અને મતાંતરે બેઈન્દ્રિય કહ્યાં છે. આ આસાલિક સર્પ અઢી દ્વીપમાં જ સંભવે છે માટે 'પ્રાયઃ અઢી દ્વીપની બહાર' એમ કહ્યું છે.)

| પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ | ગર્ભજ | સંમૂચ્છિંમ |
|---|---|---|
| જળચર | હજાર યોજન | હજાર યોજન |
| ચતુષ્પદ | છ ગાઉ | ગાઉ પૃથક્ત્વ |
| ઉરપરિસર્પ | હજાર યોજન | યોજન પૃથક્ત્વ |
| ભુજ પરિસર્પ | ગાઉ પૃથક્ત્વ | ધનુષ્ પૃથક્ત્વ |
| ખેચર | ધનુષ પૃથક્ત્વ | ધનુષ્ પૃથક્ત્વ |

**વત્સ : ગુરૂજી ! પૃથક્ત્વ એટલે શું ?**

**ગુરૂજી :** વત્સ ! પૃથક્ત્વ એટલે ૨ થી ૯. ગાઉ પૃથક્ત્વ એટલે ૨ થી ૯ ગાઉ, યોજન પૃથક્ત્વ એટલે ૨ થી ૯ યોજન, ધનુષ્ પૃથક્ત્વ એટલે ૨ થી ૯ ધનુષ્.

**વત્સ : ગુરૂજી ! ગર્ભજ ચતુષ્પદની ૬ ગાઉ અને સંમૂચ્છિંમ ચતુષ્પદની ગાઉ પૃથક્ત્વ અવગાહના કહી, તો શું ગર્ભજ કરતાં સંમૂચ્છિંમની અવગાહના વધુ હોઈ શકે ?**

**ગુરૂજી :** વત્સ ! ગર્ભજ કરતાં સંમૂચ્છિંમની અવગાહના અલ્પ જ હોય. માટે ગાઉપૃથક્ત્વ કહ્યું છે ત્યાં છ ગાઉથી વધુ ન સમજતાં ૬ ગાઉથી અલ્પ સમજવું.

(**જાણવા જેવું :** લવણ સમુદ્રમાં ૫૦૦ યોજનના, કાલોદધિ સમુદ્રમાં ૭૦૦ યોજનના, સ્વયંભૂરમણ સમુદ્રમાં હજાર યોજનના માછલા હોય છે, ઉત્કૃષ્ટ અવગાહના વાળા હોવાથી ચતુષ્પદ હાથી વગેરે ઉત્તરકુરૂ ક્ષેત્ર અને દેવકુરૂ ક્ષેત્રમાં હોય છે, ઉરપરિસર્પ સર્પ વગેરે તથા ભુજપરિસર્પ ગિરોલી વગેરે અઢી દ્વીપની બહાર હોય છે.)

**પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય : ૩ ગાઉ**

(દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં ૩ ગાઉ, હરિવર્ષ અને રમ્યક્માં ૨ ગાઉ, હિમવંત અને હિરણ્યવંતમાં ૧ ગાઉ, અંતર્દ્વીપમાં ૮૦૦ ધનુષ્, મહાવિદેહમાં ૫૦૦ ધનુષ્ની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. ભરત અને ઐરવત ક્ષેત્રમાં અવસર્પિણીના પહેલા આરામાં ૩ ગાઉ, બીજા આરામાં ૨ ગાઉ, ત્રીજા આરામાં ૧ ગાઉ, ચોથા આરામાં ૫૦૦ ધનુષ્, પાંચમા આરામાં ૭ હાથ અને છટ્ઠા આરામાં ૨ હાથની ઉત્કૃષ્ટ અવગાહના

હોય છે. ઉત્સર્પિણીમાં તેથી ઉલટું સમજવું. અર્થાત્ ઉત્સર્પિણીના પહેલા બીજા વગેરે આરામાં અનુક્રમે ૨ હાથ, ૭ હાથ, ૫૦૦ ધનુષ્, ૧ ગાઉ, ૨ ગાઉ, ૩ ગાઉની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. દેવકુરૂ-ઉત્તરકુરૂમાં અવસર્પિણીના પહેલા આરા જેવા ભાવો, હરિવર્ષ-રમ્યક્માં બીજા આરા જેવા ભાવો, હિમવંત-હિરણ્યવંતમાં ત્રીજા આરા જેવા ભાવો, મહાવિદેહમાં ચોથા આરા જેવા ભાવો અને અંતર્દ્વીપમાં ત્રીજા આરાના છેડા જેવા ભાવો પ્રવર્તે છે.)

**નરક : ૫૦૦ ધનુષ**

(સાતમી નરકમાં ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ હોય છે. તેની ઉપરની-ઉપરની નરકોમાં અનુક્રમે અડધી-અડધી અવગાહના હોય છે. અર્થાત્ છઠ્ઠી વગેરે નરકોમાં અનુક્રમે ૨૫૦ ધનુષ્, ૧૨૫ ધનુષ્, ૬૨ાા ધનુષ્, ૩૧। ધનુષ્, ૧૫ાા ધનુષ્ને ૧૨ અંગુલ, ૭ાા ધનુષ્ને ૬ અંગુલ ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. (૧ ધનુષ્=૯૬ અંગુલ થાય.) આ ઉત્કૃષ્ટ અવગાહના મૂળ વૈક્રિય શરીરની અપેક્ષાએ કહી છે. ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ તો એનાથી પણ ડબલ અવગાહના જાણવી. તથા જઘન્ય અવગાહના પહેલી નરકમાં ૩ હાથ અને બીજી વગેરે નરકમાં મૂળ વૈક્રિય શરીર કરતાં અડધી-અડધી જાણવી. અગાઉ જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ કહેલ તે ઉત્પત્તિના પ્રથમ સમયની અપેક્ષાએ જણાવેલ છે.)

**ભવનપતિ, પરમાધાર્મિક, વ્યંતર, વાણવ્યંતર, તિર્યગ્જૃંભક, જ્યોતિષ્ક દેવો : ૭ હાથ**

**પહેલો-બીજો દેવલોક અને તેમની નીચેના કિલ્બિષિક દેવો : ૭ હાથ**

**ત્રીજો-ચોથો દેવલોક અને તેમની નીચેના કિલ્બિષિક દેવો : ૬ હાથ**

**પાંચમો-છઠ્ઠો દેવલોક, નવ લોકાંતિક અને છઠ્ઠા દેવલોકની નીચેના કિલ્બિષિક દેવો : ૫ હાથ**

**સાતમા-આઠમા દેવલોકના દેવો : ૪ હાથ**

**નવમા-દશમા-અગિયારમા-બારમા દેવલોકના દેવો : ૩ હાથ**

**નવગ્રૈવેયકના દેવો : ૨ હાથ**

**પાંચ અનુત્તરના દેવો : ૧ હાથ**

(આ અવગાહના મૂળ વૈક્રિય શરીરની અપેક્ષાએ છે. ઉત્તર વૈક્રિય શરીર કરીને એક લાખ યોજનની પણ અવગાહના કરી શકે છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરના દેવો શક્તિ હોવા છતાં ઉત્તર વૈક્રિય શરીર બનાવતા નથી.)

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેના જીવોની અવગાહના લખો :**

(કોઈ પણ જીવની જઘન્ય કે ઉત્કૃષ્ટ અવગાહના પૂછી શકાશે.)



# પાઠ-૧૬ : આયુષ્ય

## એકેન્દ્રિય

**જઘન્ય : અંતર્મુહૂર્ત**

| | | |
|---|---|---|
| **ઉત્કૃષ્ટ** | **પર્યાપ્તા બાદર પૃથ્વીકાય** | : ૨૨ હજાર વર્ષ |
| | **પર્યાપ્તા બાદર અપ્કાય** | : ૭ હજાર વર્ષ |
| | **પર્યાપ્તા બાદર તેઉકાય** | : ૩ અહોરાત્ર |
| | **પર્યાપ્તા બાદર વાઉકાય** | : ૩ હજાર વર્ષ |
| | **પર્યાપ્તા બાદર પ્રત્યેક વનસ્પતિકાય** | : ૧ હજાર વર્ષ |
| | **બાકીના સઘળા એકેન્દ્રિય** | : અંતર્મુહૂર્ત |

## વિકલેન્દ્રિય

**જઘન્ય : અંતર્મુહૂર્ત**

| | | |
|---|---|---|
| **ઉત્કૃષ્ટ** | **સઘળા અપર્યાપ્તા** | : અંતર્મુહૂર્ત |
| | **પર્યાપ્તા બેઈન્દ્રિય** | : ૧૨ વર્ષ |
| | **પર્યાપ્તા તેઈન્દ્રિય** | : ૪૯ દિવસ |
| | **પર્યાપ્તા ચઉરિન્દ્રિય** | : ૬ માસ |

## પંચેન્દ્રિય તિર્યંચ

| | | |
|---|---|---|
| **જઘન્ય** | **યુગલિક** | : ઉત્કૃષ્ટ આયુષ્ય કરતાં કંઈક ઓછું. |
| | **બાકીના સર્વ** | : અંતર્મુહૂર્ત |
| **ઉત્કૃષ્ટ** | **સઘળા અપર્યાપ્તા** | : અંતર્મુહૂર્ત |

| **પર્યાપ્તા** | **ગર્ભજ** | **સંમૂર્ચ્છિમ** |
|---|---|---|
| **જલચર** | ક્રોડપૂર્વવર્ષ | ક્રોડપૂર્વવર્ષ |
| **ચતુષ્પદ** | ૩ પલ્યોપમ | ૮૪ હજાર વર્ષ |
| **ઉરપરિસર્પ** | ક્રોડપૂર્વવર્ષ | ૫૩ હજાર વર્ષ |
| **ભુજપરિસર્પ** | ક્રોડપૂર્વવર્ષ | ૪૨ હજાર વર્ષ |
| **ખેચર** | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | ૭૨ હજાર વર્ષ |

(ગર્ભજ ચતુષ્પદ અને ગર્ભજ ખેચરનું જે આયુષ્ય કહ્યું છે, તેના અસંખ્ય વર્ષ થાય. એ અસંખ્ય વર્ષનું આયુષ્ય યુગલિક તિર્યંચોનું સમજવું.)

## મનુષ્ય

| | | | |
|---|---|---|---|
| **જઘન્ય** | : | **યુગલિક** | : ઉત્કૃષ્ટ આયુષ્ય કરતાં કંઈક ઓછું. |
| | | **બાકીના સર્વ** | : અંતર્મુહૂર્ત |
| **ઉત્કૃષ્ટ** | : | **સઘળા સંમૂર્ચ્છિમ** | : અંતર્મુહૂર્ત |
| | | **સઘળા અપર્યાપ્તા** | : અંતર્મુહૂર્ત |
| | | **પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય** | : ૩ પલ્યોપમ |

(દેવકુરૂ-ઉત્તરકુરૂમાં ૩ પલ્યોપમ, હરિવર્ષ-રમ્યક્માં ૨ પલ્યોપમ, હિમવંત-હિરણ્યવંતમાં ૧ પલ્યોપમ, અંતર્દ્વીપમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, મહાવિદેહમાં પૂર્વ ક્રોડ વર્ષ, ભરત-ઐરવતમાં અવસર્પિણીના પહેલા વગેરે આરામાં અનુક્રમે ૩ પલ્યોપમ, ૨ પલ્યોપમ, ૧ પલ્યોપમ, પૂર્વ ક્રોડ વર્ષ, ૧૩૦ વર્ષ અને ૨૦ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.)

**વત્સ : યુગલકો ક્યાં હોય છે ?**

**ગુરૂજી :** વત્સ ! યુગલિકો ૩૦ અકર્મભૂમિમાં, ૫૬ અંતર્દ્વીપમાં તથા ભરત-ઐરવતક્ષેત્રના અવસર્પિણીના પહેલા-બીજા-ત્રીજા આરામાં તથા ઉત્સર્પિણીના ચોથા-પાંચમા-છઠ્ઠા આરામાં હોય છે. યુગલિકો ગર્ભજ તથા લબ્ધિ પર્યાપ્તા જ હોય છે. હા... કરણ અપર્યાપ્તાની અપેક્ષાએ તેમને અપર્યાપ્તા પણ ગણવામાં આવ્યા છે.

## નારક

| નરક | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| **પહેલી** | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમ |
| **બીજી** | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| **ત્રીજી** | ૩ સાગોરપમ | ૭ સાગરોપમ |
| **ચોથી** | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| **પાંચમી** | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| **છઠ્ઠી** | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| **સાતમી** | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

(સાગરોપમ એટલે લાખો-કરોડો-અબજો નહીં પણ અસંખ્ય વર્ષ.



રાત્રિભોજન વગેરે પાપો કરવાથી જો નરકમાં પહોંચી જઈએ અને અસંખ્ય વર્ષો સુધી ભયાનક યાતનાઓ ભોગવવી પડે, તે કરતાં સહન કરીને કે મનને મનાવીને રાત્રિભોજન, મોજશોખ, ટી.વી. વગેરે પાપોને તિલાંજલિ આપવી સારી.)

## દેવલોક

| | | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| **ભવનપતિ વગેરે** | : | ૧૦ હજાર વર્ષ | સાધિક એક સાગરોપમ |
| **વ્યંતર વગેરે** | : | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| **ચન્દ્ર** | : | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ |
| **સૂર્ય** | : | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ અને ૧ હજાર વર્ષ |
| **ગ્રહ** | : | ૧/૪ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| **નક્ષત્ર** | : | ૧/૪ પલ્યોપમ | ૦ાા પલ્યોપમ |
| **તારા** | : | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |

(ચન્દ્ર વગેરે દેવના વિમાનો છે, માટે તેમાં રહેલા દેવોનું આયુષ્ય સમજવું.)

| | | | |
|---|---|---|---|
| **પહેલો દેવલોક** | : | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| **બીજો દેવલોક** | : | સાધિક ૧ પલ્યોપમ | સાધિક ૨ સાગરોપમ |
| **ત્રીજો દેવલોક** | : | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| **ચોથો દેવલોક** | : | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૭ સાગરોપમ |
| **પાંચમો દેવલોક** | : | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| **છઠ્ઠો દેવલોક** | : | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| **સાતમો દેવલોક** | : | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| **આઠમો દેવલોક** | : | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| **નવમો દેવલોક** | : | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| **દશમો દેવલોક** | : | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| **અગિયારમો દેવલોક** | : | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| **બારમો દેવલોક** | : | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| **નવગ્રૈવેયકમાં (અનુક્રમે)** | : | ૨૨-૨૩-૨૪ | ૨૩-૨૪-૨૫ |
| | | ૨૫-૨૬-૨૭ | ૨૬-૨૭-૨૮ |
| | | ૨૮-૨૯-૩૦ સાગરોપમ | ૨૯-૩૦-૩૧ સાગરોપમ |

| | | | |
|---|---|---|---|
| **ચાર અનુત્તર** | : | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| **સર્વાર્થસિદ્ધ વિમાન** | : | ૩૩ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

(આ ઉપરાંત, પહેલા-બીજા દેવલોકની નીચેના કિલ્બિષિકનું ૩ પલ્યોપમ, ત્રીજા દેવલોકની નીચેના કિલ્બિષિકનું ૩ સાગરોપમ, છઠ્ઠા દેવલોકની નીચેના કિલ્બિષિકનું ૧૩ સાગરોપમ, નવ લોકાંતિક દેવોનું (જઘન્ય કે ઉત્કૃષ્ટ) ૮ સાગરોપમનું આયુષ્ય હોય છે.)

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેના જીવોનું આયુષ્ય લખો :**

(કોઈ પણ જીવનું જઘન્ય કે ઉત્કૃષ્ટ આયુષ્ય પૂછી શકાશે.)

# પાઠ-૧૭ : સ્વકાયસ્થિતિ

જીવે એક ભવમાં જે કાયા (જાતિ) પ્રાપ્ત કરી હોય તેવી જ કાયા (જાતિ) માં સતત વધુમાં વધુ કેટલા વર્ષ કે કેટલા ભવ સુધી ઉત્પન્ન થઈ શકે ? - એ બાબત આ પાઠમાં (સ્વકાય-સ્થિતિમાં) જણાવવામાં આવી છે. જેમ કે પૃથ્વીકાયનો જીવ સતત પૃથ્વીકાયમાં જ કેટલા વર્ષ સુધી જન્મ-મરણ લઈ શકે ? મનુષ્યનો જીવ મનુષ્યભવમાં જ સતત કેટલા ભવ સુધી ઉત્પન્ન થઈ શકે ?

## ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિ

| | | |
|---|---|---|
| **પૃથ્વીકાય** | - | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **અપ્કાય** | - | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **તેઉકાય** | - | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **વાયુકાય** | - | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **પ્રત્યેક વનસ્પતિકાય** | - | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **સાધારણ વનસ્પતિકાય** | - | અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી |
| **બેઈન્દ્રિય** | - | સંખ્યાતા વર્ષ સુધી |
| **તેઈન્દ્રિય** | - | સંખ્યાતા વર્ષ સુધી |
| **ચઉરિન્દ્રિય** | - | સંખ્યાતા વર્ષ સુધી |
| **પંચેન્દ્રિય તિર્યંચ** | - | સાત કે આઠ ભવ સુધી (કોઈ પણ પંચેન્દ્રિય તિર્યંચની એક જાતિના ૭-૮ ભવ અને જુદા-જુદા પંચેન્દ્રિય તિર્યંચ થાય તો પણ ૭-૮ ભવ કરે.) |
| **મનુષ્ય** | - | સાત કે આઠ ભવ સુધી |
| **દેવ** | - | સ્વકાય સ્થિતિ નથી. (દેવ મરી દેવ થતો નથી.) |
| **નારક** | - | સ્વકાય સ્થિતિ નથી. (નારક મરી નારક થતો નથી.) |



(**જઘન્ય સ્વકાય સ્થિતિ :** દરેક પ્રકારના જીવોની અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત.)

**વત્સ : ગુરૂજી ! પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યની સ્વકાય સ્થિતિ સાત કે આઠ ભવ-એમ કેમ કહ્યું ?**

**ગુરૂજી :** વત્સ ! તેઓ સતત વધુમાં વધુ સાત ભવ સુધી સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તરીકે જન્મ લે છે. આઠમો ભવ ન કરે. જો આઠમો ભવ કરે તો અવશ્ય યુગલિક તરીકે જ કરે. (યુગલિકોનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય છે.) અને યુગલિકો મરીને નિયમા દેવલોકમાં જ ઉત્પન્ન થાય છે. માટે સતત આઠથી વધારે ભવ તો ન જ કરે. વળી તિર્યંચમાં આઠમો ભવ ગર્ભજ ચતુષ્પદ કે ગર્ભજ ખેચરનો જ સમજવો. બાકીના ગર્ભજ કે સંમૂર્ચ્છિમ તિર્યંચો યુગલિક ન હોય.

## સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેના જીવોની સ્વકાય સ્થિતિ લખો :**

(કોઈ પણ જીવની જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિ પૂછી શકાશે.)

# પાઠ-૧૮ : પ્રાણ

જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ જીવના લક્ષણો છે. અર્થાત્ એ જીવને હોય જ અને જીવ સિવાય કોઈને પણ ન હોય. આ લક્ષણોને ભાવપ્રાણ કહેવામાં આવે છે. મોક્ષના જીવોને આ ભાવપ્રાણો પરિપૂર્ણ રીતે પ્રગટ થયેલા હોય છે, જ્યારે સંસારી જીવોને ઓછા-વતા અંશે પ્રગટ થયેલા હોય છે. ભાવપ્રાણોનો અનંતમો ભાગ તો દરેક સંસારી જીવોને ખુલ્લો હોય જ છે. (શરીરધારી જીવોમાં કેવલજ્ઞાન પામેલા સર્વ આત્માઓને ભાવપ્રાણો પરિપૂર્ણ પ્રગટ જ હોય છે.)

સંસારી જીવો ભાવપ્રાણો ઉપરાંત દ્રવ્યપ્રાણોને પણ ધારણ કરે છે. તેથી તેને પ્રાણી પણ કહેવામાં આવે છે.

દ્રવ્યપ્રાણ હોવાને કારણે સંસારી જીવ દ્રવ્યજીવ પણ કહેવાય છે. જ્યારે મોક્ષના આત્માઓને માત્ર ભાવપ્રાણ જ હોવાથી ભાવજીવ કહેવાય છે.

આપણે પ્રસ્તુતમાં સંસારી જીવોના દ્રવ્યપ્રાણો અંગે વિચારવાનું છે.

**પ્રાણ દશ પ્રકારના છે :**

**પાંચ ઈન્દ્રિય** તે પાંચ પ્રાણ. (સ્પર્શેન્દ્રિય વગેરે)

**ત્રણ બળ** તે ત્રણ પ્રાણ. (મનોબળ, વચનબળ, કાયબળ)

**શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય** એ બે પ્રાણ.

પ્રાણ એટલે સંસારી જીવોનું જીવન. કોઈ વ્યક્તિ જીવે છે કે નહિ ? તે ઉપરના દ્રવ્યપ્રાણોના આધારે જાણી શકાય છે. આ પ્રાણો જ્યારે નષ્ટ પામે ત્યારે જીવ મૃત્યુ પામ્યો તેમ વ્યવહારમાં કહેવાય છે. અર્થાત્ પ્રાણો સાથેનો વિયોગ જ જીવનું મરણ કહેવાય છે. પરંતુ હકીકતમાં આત્માના લક્ષણરૂપ ભાવપ્રાણો તો જીવની સાથે જ રહેતાં હોવાથી (ક્યારેય આત્માનો ભાવપ્રાણોથી વિયોગ થતો ન હોવાથી) જીવ કદાપિ મૃત્યુ પામતો નથી.

| **કયા પ્રાણ** | - | **કયા જીવોને** |
|---|---|---|
| સ્પર્શેન્દ્રિય | - | એકેન્દ્રિયાદિ સર્વને |
| રસનેન્દ્રિય | - | બેઈન્દ્રિયાદિ સર્વને |
| ઘ્રાણેન્દ્રિય | - | તેઈન્દ્રિયાદિ સર્વને |
| ચક્ષુરિન્દ્રિય | - | ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિયને |
| શ્રોતેન્દ્રિય | - | પંચેન્દ્રિયને |
| મનોબળ | - | પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયને |
| વચનબળ | - | પર્યાપ્તા બેઈન્દ્રિયાદિ સર્વને |
| કાયબળ, આયુષ્ય | - | સઘળા જીવોને |
| શ્વાસોચ્છ્વાસ | - | પર્યાપ્તા સઘળા જીવોને |

**પ્રાણનું કારણ પર્યાપ્તિ છે.** અર્થાત્ પર્યાપ્તિ એ કારણ છે અને પ્રાણ એ કાર્ય છે. પર્યાપ્તિ વડે પ્રાણો ચાલે છે.

| | | |
|---|---|---|
| આહારાદિ સર્વ પર્યાપ્તિઓ વડે | - | આયુષ્ય |
| શરીર પર્યાપ્તિ વડે | - | કાયબળ |
| ઈન્દ્રિય પર્યાપ્તિ વડે | - | ઈન્દ્રિયો |
| શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ વડે | - | શ્વાસોચ્છ્વાસ |
| ભાષા પર્યાપ્તિ વડે | - | વચનબળ |
| મન પર્યાપ્તિ વડે | - | મનોબળ |

**કયા જીવને કેટલા પ્રાણ ?**

અપર્યાપ્તા જીવો માત્ર ત્રણ જ પર્યાપ્તિઓ પૂર્ણ કરતા હોવાથી તેમને



શ્વાસોચ્છ્વાસ, વચનબળ, મનોબળ – આ ત્રણ પ્રાણ તો હોય જ નહિ.

| | | |
|---|---|---|
| **અપર્યાપ્તા એકેન્દ્રિય** | : | આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય-એ ૩ |
| **અપર્યાપ્તા બેઈન્દ્રિય** | : | ઉપરના ત્રણ અને રસનેન્દ્રિય-એ ૪ |
| **અપર્યાપ્તા તેઈન્દ્રિય** | : | ઉપરના ચાર અને ઘ્રાણેન્દ્રિય-એ ૫ |
| **અપર્યાપ્તા ચઉરિન્દ્રિય** | : | ઉપરના પાંચ અને ચક્ષુરિન્દ્રિય-એ ૬ |
| **અપર્યાપ્તા પંચેન્દ્રિય** | : | ઉપરનાં છ અને શ્રોતેન્દ્રિય-એ ૭ પ્રાણ હોય છે. |

પર્યાપ્તા જીવોમાં એકેન્દ્રિય ચાર, સંજ્ઞી પંચેન્દ્રિય છ અને બાકીના જીવો પાંચ પર્યાપ્તિઓ પૂર્ણ કરે છે માટે તેમને તે અનુસારે નીચે મુજબ પ્રાણો હોય છે :

**પર્યાપ્તા એકેન્દ્રિય :** આયુષ્ય, કાયબળ, સ્પર્શેન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ-એ ૪

**પર્યાપ્તા બેઈન્દ્રિય :** ઉપરના ચાર, વચનબળ, રસનેન્દ્રિય-એ ૬

**પર્યાપ્તા તેઈન્દ્રિય :** ઉપરના છ અને ઘ્રાણેન્દ્રિય-એ ૭

**પર્યાપ્તા ચઉરિન્દ્રિય :** ઉપરના સાત અને ચક્ષુરિન્દ્રિય-એ ૮

**પર્યાપ્તા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ :** ઉપરના આઠ અને શ્રોતેન્દ્રિય-એ ૯

**પર્યાપ્તા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, દેવ, નારક : ૧૦** પ્રાણ હોય છે.

(સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે માટે તેમને ૭ પ્રાણ હોય છે.)

## <u>સ્વાધ્યાય</u>

**પ્રશ્ન-૧. ખાલી જગ્યા પૂરો :**

(૧) ...... જીવોને ભાવ પ્રાણો પરિપૂર્ણ પ્રગટ થયેલા હોય છે. (૨) ...... હોવાને કારણે ...... જીવ દ્રવ્યજીવ પણ કહેવાય છે. (૩) ...... આત્માઓને માત્ર ...... હોવાથી ભાવજીવ કહેવાય છે. (૪) ...... એટલે સંસારી જીવોનું જીવન. (૫) ...... સાથેનો વિયોગ જ જીવનું ...... કહેવાય છે. (૬) સ્પર્શેન્દ્રિય ...... ને હોય છે. (આ રીતે કોઈ પણ માટે પૂછી શકાય.) (૭) ...... કારણ છે અને ...... કાર્ય છે. (૮) ...... પર્યાપ્તિ વડે કાયબળ પ્રાપ્ત થાય છે. (આ રીતે કોઈ પણ માટે પૂછી શકાય.)

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો :**

(૧) સંસારી જીવને પ્રાણી પણ કહેવામાં આવે છે. શા માટે ? (૨) પ્રાણ કેટલા છે ? કયા કયા ?

**પ્રશ્ન-૩. નીચેના જીવોને કેટલા અને કયા કયા પ્રાણ હોય છે ?**

(કોઈ પણ જીવ માટે પૂછી શકાય.)

## પાઠ-૧૯ : યોનિ

યોનિ એટલે જીવોનું ઉત્પત્તિ સ્થાન. ઉત્પત્તિના સ્થાનો અસંખ્ય છે. પરંતુ જે ઉત્પત્તિ સ્થાનોમાં અમુક પ્રકારના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આકાર વગેરે બાબતની સમાનતા હોય, તેઓનું એક ઉત્પત્તિ સ્થાન-એ રીતે ગણતરી કરીને કુલ ૮૪ લાખ યોનિ ગણવામાં આવી છે. તે નીચે મુજબ છે : **સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિ-કાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચઉરિન્દ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્ય.**

### સ્વાધ્યાય

**પ્રશ્ન-૧. નીચેના પ્રશ્નોના ટુંકમાં જવાબ આપો :** (૧) યોનિ એટલે શું ? (૨) ઉત્પત્તિ સ્થાનો કેટલા છે ? ૮૪ લાખ જ શા માટે ગણવામાં આવ્યા છે ?

**પ્રશ્ન-૨. નીચેના જીવોની યોનિ લખો :** (કોઈ પણ જીવ માટે પૂછી શકાશે.)

**------------------: સમાપ્ત :------------------**

## જીવવિચાર ની ગાથાઓ

ભુવણ-પઈવં-વીરં, નમિઊણ ભણામિ અબુહ-બોહત્થં ।
જીવ-સરૂવં કિંચિવિ, જહ ભણિયં પુવ્વ-સૂરીહિં ॥ ૧ ॥
જીવા મુત્તા સંસારિણો ય, તસ થાવરા ય સંસારી ।
પુઢવી-જલ-જલણ-વાઉ-વણસ્સઈ થાવરા નેયા ॥ ૨ ॥
ફલિહ-મણિ-રયણ-વિદ્દુમ-હિં-ગુલ-હરિયાલ-મણસિલ-રસિંદા ।
કણગાઈ-ધાઉ-સેઢી-વણ્ણિય-અરણેટ્ટય-પલેવા ॥ ૩ ॥
અબ્ભય-તૂરી-ઊસં, મટ્ટી-પાહાણજાઈઓ-ણેગા ।
સોવીરંજણ-લુણાઈ, પુઢવીભેયાઈ ઈચ્ચાઈ ॥ ૪ ॥



ભો-મંતરિક્ખ-મુદંગ, ઓસા-હિમ-કરગ-હરિતણૂ-મહિયા ।
હુંતિ ઘણોદહિમાઈ, ભેયાણેગા ય આઉસ્સ ॥ ૫ ॥
ઈંગાલ-જાલ-મુમ્મુર-ઉક્કા-સણિ-કણગ-વિજ્જુમાઈયા ।
અગણિ-જિયાણં ભેયા, નાયવ્વા નિઉણ-બુદ્ધિએ ॥ ૬ ॥
ઉબ્ભામગ-ઉક્કલિયા મંડલિ, મુહ-સુદ્ધ-ગુંજ-વાયા ય ।
ઘણ-તણુ-વાયાઈયા, ભેયા ખલુ વાઉ-કાયસ્સ ॥ ૭ ॥
સાહારણ-પત્તેયા, વણસ્સઈ-જીવા દુહા સુએ ભણિયા ।
જેસિ-મણંતાણં, તણૂ એગા સાહારણા તે ઉ ॥ ૮ ॥
કંદા અંકુર કિસલય, પણગા સેવાલ ભૂમિફોડા ય ।
અલ્લયતિય ગજ્જર મોત્થ, વત્થુલા થેગ પલ્લંકા ॥ ૯ ॥
કોમલ-ફલં ચ સવ્વં, ગૂઢ સિરાઈં સિણાઈ-પત્તાઈં ।
થોહરિ કુંઆરિ ગુગ્ગુલી, ગલોય પમુહાઈ છિન્નરુહા ॥ ૧૦ ॥
ઈચ્ચાઈણો અણેગે, હવંતિ ભેયા અણંતકાયાણં ।
તેસિં પરિજાણણત્થં, લક્ખણ-મેયં સુએ ભણિયં ॥ ૧૧ ॥
ગૂઢ-સિર-સંધિપવ્વં, સમભંગ-મહીરગં ચ છિન્નરુહં ।
સાહારણં શરીરં, તવ્વિવરિયં તુ પત્તેયં ॥ ૧૨ ॥
એગ-શરીરે એગો જીવો, જેસિં તુ તે ય પત્તેયા ।
ફલ-ફુલ્લ-છલ્લિ-કટ્ઠા, મૂલગ-પત્તાણિ બીયાણિ ॥ ૧૩ ॥
પત્તેય-તરું મુત્તું, પંચવિ પુઢવાઈણો સયલ-લોએ ।
સુહુમા હવંતિ નિયમા, અંતમુહુત્તાઊ અદ્દિસા ॥ ૧૪ ॥
સંખ-કવડ્ડય-ગંડોલ-જલોય-ચંદણગ-અલસ-લહગાઈ ।
મેહર-કિમિ-પૂયરગા, બેઈંદિય માઈવાહાઈ ॥ ૧૫ ॥
ગોમી-મંકણ-જુઆ-પિપીલિ-ઉદ્દેહિયા ય મક્કોડા ।
ઈલિય-ઘયમિલીઓ, સાવય-ગોકીડ જાઈઓ ॥ ૧૬ ॥
ગદ્દહય-ચોરકીડા-ગોમયકીડા ય ધન્નકીડા ય ।
કુંથુ-ગોવાલિય ઈલિયા, તેઈંદિય ઈંદગોવાઈ ॥ ૧૭ ॥
ચઉરિંદિયા ય વિચ્છૂ, ઢિંકુણ ભમરા ય ભમરિયા તિડ્ડા ।
મચ્છિય ડંસા મસગા, કંસારિય-કવિલ-ડોલા ય ॥ ૧૮ ॥
પંચિંદિયા ય ચઉહા, નારય તિરિયા મણુસ્સ-દેવા ય ।
નેરઈયા સત્તવિહા, નાયવ્વા પુઢવિ-ભેએણં ॥ ૧૯ ॥
જયચર-થયચર-ખયરા, તિવિહા પંચિંદિયા તિરિક્ખા ય ।
સુસુમાર-મચ્છ-કચ્છવ, ગાહા-મગરા ય જલચારી ॥ ૨૦ ॥

ચઉપ્પય-ઉરપરિસપ્પા, ભુયપરિસપ્પા ય થયચરા તિવિહા ।
ગો-સપ્પ-નઉલ-પમુહા, બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥
ખયરા રોમય-પક્ખી, ચમ્મય-પક્ખી ય પાયડા ચેવ ।
નર-લોગાઓ બાહિં, સમુગ્ગ-પક્ખી વિયય-પક્ખી ॥ ૨૨ ॥
સવ્વે જલ-થલ-ખયરા, સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ ।
કમ્મા-કમ્મગ-મહિઆ, અંતરદીવા મણુસ્સા ય ॥ ૨૩ ॥
દસહા ભવણાહિવઈ, અટ્ઠવિહા વાણમંતરા હુંતિ ।
જોઈસિયા પંચવિહા, દુવિહા વેમાણિયા દેવા ॥ ૨૪ ॥
સિદ્ધા-પનરસ-ભેયા, તિત્થા-તિત્થાઈ-સિદ્ધ-ભેએણં ।
એ એ સંખેવેણં, જીવ-વિગપ્પા સમક્ખાયા ॥ ૨૫ ॥
એએસિં જીવાણં, સરીર-માઉં ઠિઈ સ-કાયમ્મિ ।
પાણા જોણિ-પમાણં, જેસિં જં અત્થિ તં ભણિમો ॥ ૨૬ ॥
અંગુલ-અસંખ-ભાગો, સરીર-મેગિંદિયાણ સવ્વેસિં ।
જોયણ-સહસ્સ-મહિયં, નવરં પત્તેય-રુક્ખાણં ॥ ૨૭ ॥
બારસ-જોયણ તિન્નેવ, ગાઉઆ જોયણં ચ અણુક્કમસો ।
બેઈંદિય-તેઈંદિય-ચઉરિંદિય દેહ-મુચ્ચત્તં ॥ ૨૮ ॥
ધણુ-સય-પંચ-પમાણા, નેરઈયા સત્તમાઈ પુઢવીએ ।
તત્તો અદ્ધદ્ધૂણા, નેયા રયણ-પ્પહા જાવ ॥ ૨૯ ॥
જોયણ-સહસ્સ-માણા, મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ ।
ધણુહ-પુહુત્તં પક્ખિસુ, ભુયચારી ગાઉઅ-પુહુત્તં ॥ ૩૦ ॥
ખયરા ધણુહ-પુહુત્તં, ભુયગા ઉરગા ય જોયણ-પુહુત્તં ।
ગાઉઅ-પુહુત્ત-મિત્તા, સમુચ્છિમા ચઉપ્પયા ભણિયા ॥ ૩૧ ॥
છચ્ચેવ ગાઉઆઈં, ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા ।
કોસ-તિગુચ્ચ મણુસ્સા ઉક્કોસ-સરીર-માણેણં ॥ ૩૨ ॥
ઈસાણંત-સુરાણં રયણીઓ, સત્ત હુંતિ ઉચ્ચત્તં ।
દુગ-દુગ-દુગ-ચઉ-ગેવિજ્જ-ણુત્તરે-ક્કિક્ક-પરિહાણી ॥ ૩૩ ॥
બાવીસા પુઢવીઓ, સત્ત ય આઉસ્સ તિન્નિ વાઉસ્સ ।
વાસ-સહસ્સા દસ તરુ, ગણાણ તેઊ તિરિત્તાઊ ॥ ૩૪ ॥
વાસાણિ બારસાઉ, બેઈંદિયાણં તેઈંદિયાણં તુ ।
અઉણાપન્ન-દિણાઈં, ચઉરિંદીણં તુ છમ્માસા ॥ ૩૫ ॥
સુર-નેરઈયાણ-ઠિઈ ઉક્કોસા સાગરાણિ તિત્તીસં ।
ચઉપ્પય-તિરિય-મણુસ્સા તિન્નિય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥



જયચર-ઉર-ભુયગાણં, પરમાઊ હોઈ પુવ્વ-કોડીઉ ।
પક્ખીણં પુણ ભણિઓ, અસંખ-ભાગો ય પલિયસ્સ ॥ ૩૭ ॥
સવ્વે સુહુમા સાહારણા ય, સમુચ્છિમા, મણુસ્સા ય ।
ઉક્કોસ-જહન્નેણં, અંતમુહુત્તં ચિય જિયંતિ ॥ ૩૮ ॥
ઓગાહણા-ऽऽઉ-માણં, એવં સંખેવઓ સમક્ખાયં ।
જે પુણ ઈત્થ વિસેસા, વિસેસ-સુત્તાઉ તે નેયા ॥ ૩૯ ॥
એગિંદિયા ય સવ્વે, અસંખ ઉસ્સપ્પિણી સકાયમ્મિ ।
ઉવવજ્જંતિ ચયંતિ ય, અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥
સંખિજ્જ-સમા વિગલા, સત્તટ્ઠ-ભવા પણિંદિ-તિરિ-મણુઆ ।
ઉવવજ્જંતિ સકાએ, નારય-દેવા ય ણો ચેવ ॥ ૪૧ ॥
દસહા જિઆણ પાણા, ઈંદિય-ઊસાસ-આઊ-બલ-રૂવા ।
એગિંદિએસુ ચઉરો, વિગલેસુ છ-સત્ત-અટ્ઠેવ ॥ ૪૨ ॥
અસન્નિ-સન્નિ-પંચિદિએસુ, નવ દસ કમેણ બોદ્ધવ્વા ।
તેહિં સહ વિપ્પઓગો, જીવાણં ભણણએ મરણં ॥ ૪૩ ॥
એવં અણોર-પારે, સંસારે સાયરમ્મિ ભીમમ્મિ ।
પત્તો અણંત-ખુત્તો, જીવેહિં અપત્ત-ધમ્મેહિં ॥ ૪૪ ॥
તહ ચઉરાસી લક્ખા, સંખા જોણીણ હોઈ જીવાણં ।
પુઢવાઈણં ચઉણ્હં, પત્તેયં સત્ત-સત્તેવ ॥ ૪૫ ॥
દસ પત્તેય-તરૂણં, ચઉદસ લક્ખા હવંતિ ઈયરેસુ ।
વિગલિંદિએસુ દો દો, ચઉરો પંચિંદિ-તિરિયાણં ॥ ૪૬ ॥
ચઉરો ચઉરો નારય-સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ ।
સંપિંડિયા ય સવ્વે, ચુલસી લક્ખા ઉ જોણીણં ॥ ૪૭ ॥
સિદ્ધાણં નત્થિ દેહો, ન આઉ-કમ્મં ન પાણ જોણીઓ ।
સાઈ-અણંતા તેસિં, ઠિઈ જિણંદાગમે ભણિઆ ॥ ૪૮ ॥
કાલે અણાઈ-નિહણે, જોણિ-ગહણમ્મિ ભીસણે ઈત્થ ।
ભમિયા ભમિહિંતિ ચિરં, જીવા જિણ-વયણ-મલહંતા ॥ ૪૯ ॥
તા સંપઈ સંપત્તે મણુઅત્તે દુલ્લહે ય સમ્મત્તે ।
સિરિ-સંતિસૂરિ-સિટ્ઠે, કરેહ ભો ! ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥
એસો જીવ-વિયારો, સંખેવ-રુઈણ જાણણા-હેઉં ।
સંખિત્તો ઉદ્ધરિઓ, રુદ્દાઓ સુય-સમુદ્દાઓ ॥ ૫૧ ॥

-------------------: **સમાપ્ત** :-------------------